કેસ રજુ તારીખ : ૨૩/૦૭/૨૦૨૫
કેસ નોંધ્યા તારીખ : ૨૩/૦૭/૨૦૨૫
કેસ નિકાલ તારીખ: ૨૬/૦૫/૨૦૨૬
સમયગાળો:વરસ ૦ માસ ૧૦ દિવસ ૩

**આંક–૧૪૭**

**FORM - A**

<table>
<tr><td colspan="2">ધ્રાંગધ્રાના મહે. ચોથા એડી. સેસન્સ જજ શ્રી એમ. પી. ચૌધરી સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ : ધ્રાંગધ્રા.<br><br>સેસન્સ કેસ નંબર : ૨૦/૨૦૨૫<br><br>ચુકાદાની તારીખ : ૨૬/૦૫/૨૦૨૬</td></tr>
<tr><td>ફરીયાદી</td><td>શ્રી સરકાર (ગુજરાત રાજય)<br>મુળ ફરીયાદી–હરેશભાઇ રમતુભાઇ પાંચીયા,<br>જાતે–ભરવાડ, ઉં.વ. ૨૦,<br>રહે. ચુલી, તા. ધ્રાંગધ્રા,<br>જી. સુરેન્દ્રનગર.</td></tr>
<tr><td>ફરીયાદપક્ષ તરફે</td><td>વિ.એ.પી.પી. શ્રી વી. એચ. ભટ્ટ</td></tr>
<tr><td>આરોપીઓ</td><td>૧) પરેશભાઇ ધીરૂભાઇ પલાણી,<br>ઉં.વ.આ. ૨૩, ધંધો–ખેતી,<br>૨) લાલજીભાઇ છનાભાઇ પલાણી,<br>ઉં.વ.આ. ૩૧, ધંધો–ખેતી,<br>૩) મુકેશભાઇ અરજણભાઇ પલાણી,<br>ઉં.વ.આ. ૩૬, ધંધો–ખેતી,<br>૪) નરેશભાઇ દિનેશભાઇ પલાણી,<br>ઉં.વ.આ. ૩૧, ધંધો–ખેતી,<br>૫) કુલાભાઇ લખમણભાઇ પલાણી,<br>ઉં.વ.આ. ૫૭, ધંધો–ખેતી,<br>૬) ધરમશીભાઇ શીવાભાઇ પલાણી,<br>ઉં.વ.આ. ૪૪, ધંધો–ખેતી,<br>૭) વિજયભાઇ ધરમશીભાઇ પલાણી,<br>ઉં.વ.આ. ૨૦, ધંધો–ખેતી,<br>૮) અરજણભાઇ કરશનભાઇ પલાણી,<br>ઉં.વ.આ. ૭૦, ધંધો–ખેતી,<br>૯) પ્રકાશભાઇ શીવાભાઇ પલાણી,<br>ઉં.વ.આ. ૩૫, ધંધો–ખેતી,<br>૧૦) સંજયભાઇ ધીરૂભાઇ પલાણી,<br>ઉં.વ.આ. ૩૧, ધંધો–ખેતી,<br>૧૧) ધનશ્યામભાઇ ધનજીભાઇ પલાણી,</td></tr>
</table>

| | |
|---|---|
| | ઉં.વ.આ. ૩૧, ધંધો–ખેતી,<br>૧૨) નરેન્દ્રભાઇ ઉર્ફે અનીલ જીતેન્દ્રભાઇ પલાણી,<br>ઉં.વ.આ. ૨૭, ધંધો–ખેતી,<br>૧૩) મહેન્દ્રભાઇ જીતેન્દ્રભાઇ પલાણી,<br>ઉં.વ.આ. ૨૫, ધંધો–ખેતી,<br>૧૪) રાહુલભાઇ જયેશભાઇ પલાણી,<br>ઉં.વ.આ. ૨૩, ધંધો–ખેતી,<br>૧૫) જીતેન્દ્રભાઇ કાનજીભાઇ પલાણી,<br>ઉં.વ.આ. ૪૫, ધંધો–ખેતી,<br>૧૬) વિશાલભાઇ રાજેશભાઇ પલાણી,<br>ઉં.વ.આ. ૨૪, ધંધો–ખેતી,<br>૧૭) અજીતભાઇ ઉર્ફે મુન્ના સોંડાભાઇ પલાણી,<br>ઉં.વ.આ. ૪૦, ધંધો–ખેતી,<br>૧૮) વિઠ્ઠલભાઇ લખમણભાઇ પલાણી,<br>ઉં.વ.આ. ૬૨, ધંધો–ખેતી,<br>રહે. તમામ – ચુલી, તા. ધ્રાંગધ્રા,<br>જી. સુરેન્દ્રનગર. |
| આરોપીઓ પક્ષ તરફે | **વિ.વ.શ્રી એમ. વી. ઉપાધ્યાય** |

**FORM - B**

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૨૩/૦૧/૨૦૨૪ |
| ફરીયાદની તારીખ | ૨૩/૦૧/૨૦૨૪ |
| ચાર્જશીટની તારીખ | ૦૨/૦૫/૨૦૨૪ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | ૨૪/૦૯/૨૦૨૫ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | ૨૯/૧૧/૨૦૨૫ |
| ચુકાદાની તારીખ | ૨૬/૦૫/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ (લાગુ પડે તો) | – – – |

## <u>આરોપીની વિગત</u>

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુકત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાન | શું સજા કરી ? | બી.એન. એસ.એસ.ની કલમ – મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી |
|---|---|---|---|---|---|---|---|

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | તરીકે રહેલા છે. |
| ૧ | પરેશભાઇ ધીરૂભાઇ પલાણી, રહે. ચુલી, તા. ધ્રાંગધ્રા | તારીખ ૨૩/૦૧/૨૦૨૪ | તારીખ ૧૭/૦૨/૨૦૨૪ | ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૩૩૮, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૪૨૭ તથા જી.પી. એક્ટની કલમ – ૧૩૫ | **પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવ્યા** | – | તારીખ ૨૩/૦૧/૨૦૨૪ નાં રોજથી તારીખ ૧૭/૦૨/૨૦૨૪ |
| ૨ | લાલજીભાઇ છનાભાઇ પલાણી, રહે. ચુલી, તા. ધ્રાંગધ્રા | તારીખ ૨૩/૦૧/૨૦૨૪ | તારીખ ૧૭/૦૨/૨૦૨૪ | ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૩૩૮, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૪૨૭ તથા જી.પી. એક્ટની કલમ – ૧૩૫ | **પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવ્યા** | – | તારીખ ૨૩/૦૧/૨૦૨૪ નાં રોજથી તારીખ ૧૭/૦૨/૨૦૨૪ |
| ૩ | મુકેશભાઇ અરજણભાઇ પલાણી, રહે. ચુલી, તા. ધ્રાંગધ્રા | તારીખ ૨૩/૦૧/૨૦૨૪ | તારીખ ૧૭/૦૨/૨૦૨૪ | ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૩૩૮, ૧૪૭, | **પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવ્યા** | – | તારીખ ૨૩/૦૧/૨૦૨૪ નાં રોજથી તારીખ ૧૭/૦૨/૨૦૨૪ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૪૨૭ તથા જી.પી. એકટની કલમ – ૧૩૫ | | | |
| ૪ | નરેશભાઇ દિનેશભાઇ પલાણી, રહે. ચુલી, તા. ધ્રાંગધ્રા | તારીખ ૨૩/૦૧/૨૦૨૪ | તારીખ ૧૭/૦૨/૨૦૨૪ | ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૩૩૮, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૪૨૭ તથા જી.પી. એકટની કલમ – ૧૩૫ | **પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવ્યા** | – | તારીખ ૨૩/૦૧/૨૦૨૪ નાં રોજથી તારીખ ૧૭/૦૨/૨૦૨૪ |
| ૫ | કુલાભાઇ લખમણ ભાઇ પલાણી, રહે. ચુલી, તા. ધ્રાંગધ્રા | તારીખ ૨૪/૦૧/૨૦૨૪ | તારીખ ૦૮/૦૨/૨૦૨૪ | ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૩૩૮, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૪૨૭ તથા જી.પી. એકટની કલમ – ૧૩૫ | **પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવ્યા** | – | તારીખ ૨૪/૦૧/૨૦૨૪ નાં રોજથી તારીખ ૦૮/૦૨/૨૦૨૪ |
| ૬ | ધરમશીભાઇ શીવાભાઇ | તારીખ ૨૪/૦૧/ | તારીખ ૧૭/૦૨ | ભારતીય ન્યાય | **પુરાવાના અભાવે** | – | તારીખ ૨૪/૦૧/૨૦૨૪ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | પલાણી,<br>રહે. ચુલી,<br>તા. ધ્રાંગધ્રા | ૨૦૨૪ | /૨૦૨૪ | સંહિતાની<br>કલમ –<br>૩૦૭,<br>૩૨૪,<br>૩૨૩,<br>૩૩૭,<br>૩૩૮,<br>૧૪૭,<br>૧૪૮,<br>૧૪૯,<br>૫૦૪,<br>૫૦૬(૨),<br>૪૨૭ તથા<br>જી.પી.<br>એક્ટની<br>કલમ –<br>૧૩૫ | **શંકાનો<br>લાભ<br>આપી<br>છોડી<br>મુકવામાં<br>આવ્યા** | | નાં રોજથી<br>તારીખ<br>૧૭/૦૨/૨૦૨૪ |
| ૭ | વિજયભાઇ<br>ધરમશીભાઇ<br>પલાણી,<br>રહે. ચુલી,<br>તા. ધ્રાંગધ્રા | તારીખ<br>૨૪/૦૧/<br>૨૦૨૪ | તારીખ<br>૧૭/૦૨<br>/૨૦૨૪ | ભારતીય<br>ન્યાય<br>સંહિતાની<br>કલમ –<br>૩૦૭,<br>૩૨૪,<br>૩૨૩,<br>૩૩૭,<br>૩૩૮,<br>૧૪૭,<br>૧૪૮,<br>૧૪૯,<br>૫૦૪,<br>૫૦૬(૨),<br>૪૨૭ તથા<br>જી.પી.<br>એક્ટની<br>કલમ –<br>૧૩૫ | **પુરાવાના<br>અભાવે<br>શંકાનો<br>લાભ<br>આપી<br>છોડી<br>મુકવામાં<br>આવ્યા** | – | તારીખ<br>૨૪/૦૧/૨૦૨૪<br>નાં રોજથી<br>તારીખ<br>૧૭/૦૨/૨૦૨૪ |
| ૮ | અરજણભાઇ<br>કરશનભાઇ<br>પલાણી,<br>રહે. ચુલી,<br>તા. ધ્રાંગધ્રા | તારીખ<br>૨૪/૦૧/<br>૨૦૨૪ | તારીખ<br>૧૭/૦૨<br>/૨૦૨૪ | ભારતીય<br>ન્યાય<br>સંહિતાની<br>કલમ –<br>૩૦૭,<br>૩૨૪,<br>૩૨૩,<br>૩૩૭,<br>૩૩૮,<br>૧૪૭,<br>૧૪૮,<br>૧૪૯,<br>૫૦૪,<br>૫૦૬(૨), | **પુરાવાના<br>અભાવે<br>શંકાનો<br>લાભ<br>આપી<br>છોડી<br>મુકવામાં<br>આવ્યા** | – | તારીખ<br>૨૪/૦૧/૨૦૨૪<br>નાં રોજથી<br>તારીખ<br>૧૭/૦૨/૨૦૨૪ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ૪૨૭ તથા જી.પી. એકટની કલમ – ૧૩૫ | | | |
| ૯ | પ્રકાશભાઇ શીવાભાઇ પલાણી, રહે. ચુલી, તા. ધ્રાંગધ્રા | તારીખ ૨૪/૦૧/૨૦૨૪ | તારીખ ૧૭/૦૨/૨૦૨૪ | ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૩૩૮, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૪૨૭ તથા જી.પી. એકટની કલમ – ૧૩૫ | **પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવ્યા** | – | તારીખ ૨૪/૦૧/૨૦૨૪ નાં રોજથી તારીખ ૧૭/૦૨/૨૦૨૪ |
| ૧૦ | સંજયભાઇ ધીરૂભાઇ પલાણી, રહે. ચુલી, તા. ધ્રાંગધ્રા | તારીખ ૨૪/૦૧/૨૦૨૪ | તારીખ ૧૭/૦૨/૨૦૨૪ | ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૩૩૮, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૪૨૭ તથા જી.પી. એકટની કલમ – ૧૩૫ | **પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવ્યા** | – | તારીખ ૨૪/૦૧/૨૦૨૪ નાં રોજથી તારીખ ૧૭/૦૨/૨૦૨૪ |
| ૧૧ | ધનશ્યામ ભાઇ ધનજીભાઇ પલાણી, રહે. ચુલી, તા. ધ્રાંગધ્રા | તારીખ ૨૪/૦૧/૨૦૨૪ | તારીખ ૧૭/૦૨/૨૦૨૪ | ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૦૭, ૩૨૪, | **પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી** | – | તારીખ ૨૪/૦૧/૨૦૨૪ નાં રોજથી તારીખ ૧૭/૦૨/૨૦૨૪ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ૩૨૩, ૩૩૭, ૩૩૮, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૪૨૭ તથા જી.પી. એકટની કલમ – ૧૩૫ | **મુકવામાં આવ્યા** | | |
| ૧૨ | નરેન્દ્રભાઇ ઉર્ફે અનીલભાઇ જીતેન્દ્રભાઇ પલાણી, રહે. ચુલી, તા. ધ્રાંગધ્રા | તારીખ ૨૮/૦૨/૨૦૨૪ | તારીખ ૦૬/૦૩/૨૦૨૪ | ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૩૩૮, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૪૨૭ તથા જી.પી. એકટની કલમ – ૧૩૫ | **પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવ્યા** | – | તારીખ ૨૮/૦૨/૨૦૨૪ નાં રોજથી તારીખ ૦૬/૦૩/૨૦૨૪ |
| ૧૩ | મહેન્દ્રભાઇ જીતેન્દ્રભાઇ પલાણી, રહે. ચુલી, તા. ધ્રાંગધ્રા | તારીખ ૨૮/૦૨/૨૦૨૪ | તારીખ ૦૬/૦૩/૨૦૨૪ | ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૩૩૮, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૪૨૭ તથા જી.પી. એકટની | **પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવ્યા** | – | તારીખ ૨૮/૦૨/૨૦૨૪ નાં રોજથી તારીખ ૦૬/૦૩/૨૦૨૪ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | કલમ – ૧૩૫ | | | |
| ૧૪ | રાહુલભાઇ જયેશભાઇ પલાણી, રહે. ચુલી, તા. ધ્રાંગધ્રા | તારીખ ૨૮/૦૨/ ૨૦૨૪ | તારીખ ૦૬/૦૩ /૨૦૨૪ | ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૩૩૮, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૪૨૭ તથા જી.પી. એકટની કલમ – ૧૩૫ | **પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવ્યા** | – | તારીખ ૨૮/૦૨/૨૦૨૪ નાં રોજથી તારીખ ૦૬/૦૩/૨૦૨૪ |
| ૧૫ | જીતેન્દ્રભાઇ કાનજીભાઇ પલાણી, રહે. ચુલી, તા. ધ્રાંગધ્રા | તારીખ ૨૮/૦૨/ ૨૦૨૪ | તારીખ ૦૬/૦૩ /૨૦૨૪ | ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૩૩૮, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૪૨૭ તથા જી.પી. એકટની કલમ – ૧૩૫ | **પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવ્યા** | – | તારીખ ૨૮/૦૨/૨૦૨૪ નાં રોજથી તારીખ ૦૬/૦૩/૨૦૨૪ |
| ૧૬ | વિશાલભાઇ રાજેશભાઇ પલાણી, રહે. ચુલી, તા. ધ્રાંગધ્રા | તારીખ ૨૮/૦૨/ ૨૦૨૪ | તારીખ ૦૬/૦૩ /૨૦૨૪ | ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૩૩૮, | **પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવ્યા** | – | તારીખ ૨૮/૦૨/૨૦૨૪ નાં રોજથી તારીખ ૦૬/૦૩/૨૦૨૪ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૪૨૭ તથા જી.પી. એકટની કલમ – ૧૩૫ | | | |
| ૧૭ | અજીતભાઇ ઉર્ફે મુન્નાભાઇ સોંડાભાઇ પલાણી, રહે. ચુલી, તા. ધ્રાંગધ્રા | તારીખ ૨૨/૦૩/ ૨૦૨૪ | તારીખ ૨૨/૦૩/ ૨૦૨૪ | ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૩૩૮, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૪૨૭ તથા જી.પી. એકટની કલમ – ૧૩૫ | **પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવ્યા** | – | – |
| ૧૮ | વિઠ્ઠલભાઇ લખમણ ભાઇ પલાણી, રહે. ચુલી, તા. ધ્રાંગધ્રા | તારીખ ૨૨/૦૩/ ૨૦૨૪ | તારીખ ૨૨/૦૩/ ૨૦૨૪ | ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૩૩૮, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૪૨૭ તથા જી.પી. એકટની કલમ – ૧૩૫ | **પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવ્યા** | – | – |

**FORM - C**

## ફરીયાદ પક્ષે/બચાવ પક્ષે/કોર્ટ તરફે સાહેદ યાદી

## અ. ફરીયાદ પક્ષે સાહેદ લીસ્ટ

| સાહેદ નંબર | આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| ૦૧ | ૩૪ | સાહેદ – અભિજીતસિંહ વનરાજસિંહ પઢીયાર | બનાવવાળી જગ્યાનું સ્થળ પરીક્ષણ કરી અહેવાલ તૈયાર કરનાર |
| ૦૨ | ૩૭ | ફરીયાદી–હરેશભાઇ રમતુભાઇ પાંચીયા | બનાવની ફરીયાદ આપનાર ફરીયાદી |
| ૦૩ | ૩૯ | સાહેદ–સંજયભાઇ રમતુભાઇ પાંચીયા | સાહેદ |
| ૦૪ | ૪૦ | સાહેદ–જીલાભાઇ વેલાભાઇ ભરવાડ | સાહેદ |
| ૦૫ | ૪૧ | સાહેદ–વાલીબેન બુધાભાઇ પાંચીયા | સાહેદ |
| ૦૬ | ૪૨ | સાહેદ–સુરેશભાઇ વાલાભાઇ પાંચીયા | ઈજા પામનાર સાહેદ |
| ૦૭ | ૪૩ | સાહેદ–મુન્નાભાઇ વાલાભાઇ પાંચીયા | ઈજા પામનાર સાહેદ |
| ૦૮ | ૪૪ | સાહેદ–બળદેવભાઇ અમરાભાઇ પાંચીયા | ઈજા પામનાર સાહેદ |
| ૦૯ | ૪૫ | સાહેદ–જાલાભાઇ રૈયાભાઇ ગમારા | ઈજા પામનાર સાહેદ |
| ૧૦ | ૪૬ | સાહેદ–મનુભાઇ નાનુભાઇ ગમારા | ઈજા પામનાર સાહેદ |
| ૧૧ | ૪૭ | સાહેદ–કરમશીભાઇ માત્રાભાઇ ગમારા | ઈજા પામનાર સાહેદ |
| ૧૨ | ૪૮ | સાહેદ–કાનાભાઇ રેવાભાઇ પાંચીયા | ઈજા પામનાર સાહેદ |
| ૧૩ | ૪૯ | સાહેદ–મેહુલભાઇ કાનાભાઇ પાંચીયા | ઈજા પામનાર સાહેદ |
| ૧૪ | ૫૦ | સાહેદ–રમતુભાઇ રેવાભાઇ પાંચીયા | ઈજા પામનાર સાહેદ |
| ૧૫ | ૫૧ | સાહેદ–કુંવરાભાઇ નુંધાભાઇ ગમારા | સાહેદ |
| ૧૬ | ૫૩ | સાહેદ – ડો. સુનિલકુમાર ગોવિદંભાઇ સુમેસરા | ઈજા પામનારની સારવાર કરનાર મેડીકલ ઓફિસર |
| ૧૭ | ૬૫ | સાહેદ – ડો. શીવરાજસિંહ | ઈજા પામનારની સારવાર |

| | | | |
|---|---|---|---|
| | | રણજીતસિંહ ઝાલા | કરનાર મેડીકલ ઓફિસર |
| ૧૮ | ૭૭ | સાહેદ–લાખાભાઈ રૈયાભાઈ ગમારા | સાહેદ |
| ૧૯ | ૭૮ | સાહેદ–ગોવિંદભાઇ પોપટભાઇ ગમારા | સાહેદ |
| ૨૦ | ૭૯ | સાહેદ–મુન્નાભાઇ કરમશીભાઇ ગમારા | સાહેદ |
| ૨૧ | ૮૧ | સાહેદ–મફાભાઈ રૈયાભાઇ પાંચીયા | સાહેદ |
| ૨૨ | ૮૨ | પંચસાહેદ–ચમનભાઈ કાનાભાઈ નંદેસરીયા | બનાવવાળી જગ્યાના પંચસાહેદ |
| ૨૩ | ૮૪ | પંચસાહેદ–યુનુસભાઈ હારૂનભાઈ માણેક | આરોપીઓને ગુનાનાં કામે મુદ્દામાલ સાથે અટક કર્યાના પંચસાહેદ |
| ૨૪ | ૯૪ | પંચસાહેદ–અજય ઉર્ફે અજુ જુમાભાઈ માણેક | બનાવવાળી જગ્યાના પંચસાહેદ |
| ૨૫ | ૯૭ | સાહેદ–જુબેદાબેન ગફારખાન પઠાણ | ફરીયાદીની ફરીયાદ આધારે એફ.આઈ.આર. નોંધનાર પી.એસ.ઓ. સાહેદ |
| ૨૬ | ૧૦૧ | પંચસાહેદ–હરેશભાઈ ભરતભાઈ પલાણી | આરોપીઓને ગુનાનાં કામે બનાવ સમયે પહેરેલ કપડા સાથે અટક કર્યાના પંચ સાહેદ |
| ૨૭ | ૧૦૫ | પંચસાહેદ–મુકેશભાઈ અરવિંદ ભાઈ રાઠોડ | આરોપીઓને ગુનાનાં કામે બનાવ સમયે પહેરેલ કપડા સાથે અટક કર્યાના પંચ સાહેદ |
| ૨૮ | ૧૦૬ | પંચસાહેદ–પ્રહલાદભાઈ ભુપતભાઈ પુરબીયા | આરોપીઓને ગુનાનાં કામે મુદ્દામાલ સાથે અટક કર્યાના પંચસાહેદ |
| ૨૯ | ૧૧૩ | પંચસાહેદ–પ્રદિપભાઇ મુકેશભાઇ રાઠોડ | આરોપીઓને ગુનાનાં કામે મુદ્દામાલ સાથે અટક કર્યાના પંચસાહેદ |
| ૩૦ | ૧૧૬ | પંચસાહેદ–પ્રેમજીભાઇ ભીખાભાઇ સાબરીયા | આરોપીઓને ગુનાનાં કામે બનાવ સમયે પહેરેલ કપડા સાથે અટક કર્યાના પંચ સાહેદ |
| ૩૧ | ૧૨૫ | સાહેદ–મહેબમીંયા આલમમીંયા સૈયદ | ફરીયાદીની ફરીયાદ લેનાર સાહેદ |
| ૩૨ | ૧૩૧ | સાહેદ–રાજદિપસિંહ જયેન્દ્રસિંહ જાડેજા | તપાસનીશ અમલદાર સાહેદ |
| ૩૩ | ૧૩૪ | પંચસાહેદ–શાનબાજભાઇ આસીફભાઈ મીર | આરોપીઓને ગુનાનાં કામે મુદ્દામાલ સાથે અટક |

| | | | |
|---|---|---|---|
| ૩૪ | ૧૩૫ | પંચસાહેદ–ગોપાલભાઈ ભલાભાઈ મેવાડા | કર્યાના પંચસાહેદ<br>આરોપીઓને ગુનાનાં કામે બનાવ સમયે પહેરેલ કપડા સાથે અટક કર્યાના પંચ સાહેદ |
| ૩૫ | ૧૩૯ | સાહેદ–નરેન્દ્રસિંહ હનુભા ચુડાસમા | તપાસનીશ અમલદાર સાહેદ |

## દસ્તાવેજી પુરાવા

| અનુ. નંબર | આંક | દસ્તાવેજ | પ્રકાર |
|---|---|---|---|
| ૦૧ | ૩૫ | સાયન્ટીફિક ઓફિસરે બનાવ સ્થળની મુલાકાત લઈ તૈયાર કરેલ બનાવ સ્થળ પરીક્ષણ અહેવાલ | બનાવ સ્થળ પરીક્ષણ અહેવાલ |
| ૦૨ | ૩૮ | ફરીયાદીની અસલ ફરીયાદ | ફરીયાદ |
| ૦૩ | ૫૪ | ઈજા પામનાર–બળદેવભાઈ અમરાભાઈ નો એમ.એલ.સી. કેસ નં. ૬૨/૨૦૨૪ | એમ.એલ.સી. કેસ |
| ૦૪ | ૫૫ | ઈજા પામનાર–સુરેશભાઈ વાલાભાઈ પાંચીયાનો એમ.એલ.સી. કેસ નં. ૬૩/૨૦૨૪ | એમ.એલ.સી. કેસ |
| ૦૫ | ૫૬ | ઈજા પામનાર–મુન્નાભાઈ નાનુભાઈ ગમારા નો એમ.એલ.સી. કેસ નં. ૬૪/૨૦૨૪ | એમ.એલ.સી. કેસ |
| ૦૬ | ૫૭ | ઈજા પામનાર–વાલીબેન બુધાભાઈ નો એમ.એલ.સી. કેસ નં. ૬૫/૨૦૨૪ | એમ.એલ.સી. કેસ |
| ૦૭ | ૫૮ | ઈજા પામનાર–મુન્નાભાઈ વાલાભાઈ પાંચીયાનો એમ.એલ.સી. કેસ નં. ૬૬/૨૦૨૪ | એમ.એલ.સી. કેસ |
| ૦૮ | ૫૯ | ઈજા પામનાર–મેહુલભાઈ કાનાભાઈ પાંચીયાનો એમ.એલ.સી. કેસ નં. ૭૨/૨૦૨૪ | એમ.એલ.સી. કેસ |
| ૦૯ | ૬૦ | ઈજા પામનાર–ઝાલાભાઈ રૈયાભાઈ ગમારા નો એમ.એલ.સી. કેસ નં. ૭૪/૨૦૨૪ | એમ.એલ.સી. કેસ |
| ૧૦ | ૬૧ | ઈજા પામનાર–કરમશીભાઈ માત્રાભાઈ ગમારાનો એમ.એલ.સી. કેસ નં. ૭૫/૨૦૨૪ | એમ.એલ.સી. કેસ |
| ૧૧ | ૬૨ | ઈજા પામનાર–કાનાભાઈ રેવાભાઈ પાંચીયાનો એમ.એલ.સી. કેસ નં. ૭૬–એ/૨૦૨૪ | એમ.એલ.સી. કેસ |
| ૧૨ | ૬૩ | ઈજા પામનાર–રમતુભાઈ રેવાભાઈ પાંચીયાનો એમ.એલ.સી. કેસ નં. ૭૬–બી/૨૦૨૪ | એમ.એલ.સી. કેસ |

| | | | |
|---|---|---|---|
| ૧૩ | ૬૪ | ઈજા પામનારને થયેલ ઈજાની સારવાર કર્યાના મેડીકલ સર્ટીફિકેટ નંગ–૧૦ | મેડીકલ સર્ટીફિકેટો |
| ૧૪ | ૬૬ | ઈજા પામનાર–કાનાભાઈ દેવાભાઈ પાંચીયાનો એમ.એલ.સી. કેસ નં. ૧૮૧/૨૦૨૪ | એમ.એલ.સી. કેસ |
| ૧૫ | ૬૭ | ઈજા પામનાર–વાલીબેન બુધાભાઈ પાંચીયાનો એમ.એલ.સી. કેસ નં. ૧૭૫/૨૦૨૪ | એમ.એલ.સી. કેસ |
| ૧૬ | ૬૮ | ઈજા પામનાર–મેહુલભાઈ લાલભાઈ પાંચીયાનો એમ.એલ.સી. કેસ નં. ૧૭૭/૨૦૨૪ | એમ.એલ.સી. કેસ |
| ૧૭ | ૬૯ | ઈજા પામનાર–મુન્નાભાઈ વાલાભાઈ પાંચીયાનો એમ.એલ.સી. કેસ નં. ૧૮૦/૨૦૨૪ | એમ.એલ.સી. કેસ |
| ૧૮ | ૭૦ | ઈજા પામનાર–સુરેશભાઈ માલાભાઈ પાંચીયાનો એમ.એલ.સી. કેસ નં. ૧૭૬/૨૦૨૪ | એમ.એલ.સી. કેસ |
| ૧૯ | ૭૧ | ઈજા પામનાર–બળદેવભાઈ અમરાભાઈ ભરવાડનો એમ.એલ.સી. કેસ નં. ૧૭૪/૨૦૨૪ | એમ.એલ.સી. કેસ |
| ૨૦ | ૭૨ | ઈજા પામનાર–મનુભાઈ નાનુભાઈ ગમારાનો એમ.એલ.સી. કેસ નં. ૧૭૩/૨૦૨૪ | એમ.એલ.સી. કેસ |
| ૨૧ | ૭૩ | ઈજા પામનાર–રમતુભાઈ રેવાભાઈ પાંચીયાનો એમ.એલ.સી. કેસ નં. ૧૮૨/૨૦૨૪ | એમ.એલ.સી. કેસ |
| ૨૨ | ૭૪ | ઈજા પામનાર–ઝાલાભાઈ રૈયાભાઈ ભરવાડનો એમ.એલ.સી. કેસ નં. ૧૭૯/૨૦૨૪ | એમ.એલ.સી. કેસ |
| ૨૩ | ૭૫ | ઈજા પામનાર–કરમશીભાઈ માત્રાભાઈ ગમારાનો એમ.એલ.સી. કેસ નં. ૧૭૮/૨૦૨૪ | એમ.એલ.સી. કેસ |
| ૨૪ | ૭૬ | ઈજા પામનારને થયેલ ઈજાની સારવાર કર્યાના મેડીકલ સર્ટીફિકેટ નંગ–૧૦ | મેડીકલ સર્ટીફિકેટો |
| ૨૫ | ૮૩ | બનાવવાળી જગ્યાનું પંચનામું | પંચનામું |
| ૨૬ | ૮૫ | આરોપીઓને ગુનાનાં કામે મુદ્દામાલ સાથે અટક કર્યાનું પંચનામું | પંચનામું |
| ૨૭ | ૮૬ | મુદ્દામાલ આર્ટીકલ નં. ૧ સાથેની પંચસ્લીપ | પંચ સ્લીપ |
| ૨૮ | ૮૭ | મુદ્દામાલ આર્ટીકલ નં. ૨ સાથેની પંચસ્લીપ | પંચ સ્લીપ |
| ૨૯ | ૮૮ | મુદ્દામાલ આર્ટીકલ નં. ૩ સાથેની પંચસ્લીપ | પંચ સ્લીપ |

| | | | |
|---|---|---|---|
| ૩૦ | ૮૯ | મુદ્દામાલ આર્ટીકલ નં. ૪ સાથેની પંચસ્લીપ | પંચ સ્લીપ |
| ૩૧ | ૯૦ | મુદ્દામાલ આર્ટીકલ નં. ૫ સાથેની પંચ સ્લીપ | પંચ સ્લીપ |
| ૩૨ | ૯૧ | મુદ્દામાલ આર્ટીકલ નં. ૬ સાથેની પંચસ્લીપ | પંચ સ્લીપ |
| ૩૩ | ૯૨ | મુદ્દામાલ આર્ટીકલ નં. ૭ સાથેની પંચ સ્લીપ | પંચ સ્લીપ |
| ૩૪ | ૯૩ | મુદ્દામાલ આર્ટીકલ નં. ૮ સાથેની પંચસ્લીપ | પંચ સ્લીપ |
| ૩૫ | ૯૮ | ફરીયાદીની ફરીયાદ આધારે નોંધાયેલ એફ.આઈ.આર. | એફ.આઈ.આર. |
| ૩૬ | ૯૯ | ફરીયાદ નોંધવા સંબંધેનો સુચિપત્ર | સુચિપત્ર |
| ૩૭ | ૧૦૦ | સ્ટેશન ડાયરી એન્ટ્રી નં. ૧૩/૨૦૨૪ ના ઉતારાની ખરીનકલ | સ્ટેશન ડાયરી ઉતારો |
| ૩૮ | ૧૦૨ | આરોપીઓને બનાવ સમયે પહેરેલ કપડા કબજે લઈ અટક કર્યાનું પંચનામું | પંચનામું |
| ૩૯ | ૧૦૩ | મુદ્દામાલ આર્ટીકલ નં. ૨૯ સાથેની પંચસ્લીપ | પંચ સ્લીપ |
| ૪૦ | ૧૦૪ | મુદ્દામાલ આર્ટીકલ નં. ૩૦ સાથેની પંચસ્લીપ | પંચ સ્લીપ |
| ૪૧ | ૧૦૬ | આરોપીઓને ગુનાનાં કામે મુદ્દામાલ સાથે અટક કર્યાનું પંચનામું | પંચનામું |
| ૪૨ | ૧૦૭ | મુદ્દામાલ આર્ટીકલ નં. ૨૩ સાથેની પંચસ્લીપ | પંચ સ્લીપ |
| ૪૩ | ૧૦૮ | મુદ્દામાલ આર્ટીકલ નં. ૨૪ સાથેની પંચસ્લીપ | પંચ સ્લીપ |
| ૪૪ | ૧૦૯ | મુદ્દામાલ આર્ટીકલ નં. ૨૫ સાથેની પંચસ્લીપ | પંચ સ્લીપ |
| ૪૫ | ૧૧૦ | મુદ્દામાલ આર્ટીકલ નં. ૨૬ સાથેની પંચસ્લીપ | પંચ સ્લીપ |
| ૪૬ | ૧૧૧ | મુદ્દામાલ આર્ટીકલ નં. ૨૭ સાથેની પંચસ્લીપ | પંચ સ્લીપ |
| ૪૭ | ૧૧૨ | મુદ્દામાલ આર્ટીકલ નં. ૨૮ સાથેની પંચસ્લીપ | પંચ સ્લીપ |
| ૪૮ | ૧૧૭ | આરોપીઓને બનાવ સમયે પહેરેલ કપડા કબજે લઈ અટક કર્યાનું પંચનામું | પંચનામું |
| ૪૯ | ૧૧૮ | મુદ્દામાલ આર્ટીકલ નં. ૯ સાથેની પંચસ્લીપ | પંચ સ્લીપ |
| ૫૦ | ૧૧૯ | મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૦ સાથેની પંચસ્લીપ | પંચ સ્લીપ |
| ૫૧ | ૧૨૦ | મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૧ સાથેની પંચસ્લીપ | પંચ સ્લીપ |

| | | | |
|---|---|---|---|
| ૫૨ | ૧૨૧ | મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૨ સાથેની પંચસ્લીપ | પંચ સ્લીપ |
| ૫૩ | ૧૨૨ | મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૩ સાથેની પંચસ્લીપ | પંચ સ્લીપ |
| ૫૪ | ૧૨૩ | મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૪ સાથેની પંચસ્લીપ | પંચ સ્લીપ |
| ૫૫ | ૧૨૪ | મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૫ સાથેની પંચસ્લીપ | પંચ સ્લીપ |
| ૫૬ | ૧૩૨ | મુદ્દામાલ આર્ટીકલ નં. ૨૦ પથ્થર સાથેની પંચસ્લીપ | પંચ સ્લીપ |
| ૫૭ | ૧૩૩ | મુદ્દામાલ આર્ટીકલ નં. ૨૨ ચપ્પલો સાથેની પંચસ્લીપ | પંચ સ્લીપ |
| ૫૮ | ૧૪૦ | એફ.એસ.એલ. ને મુદ્દામાલ પૃથ્થકરણ અર્થે મોકલ્યાની રવાનગી સત્તા અંગેના પ્રમાણપત્ર સહિત. | રવાનગી પત્ર |
| ૫૯ | ૧૪૧ | આંક–૧૪૦ ની રવાનગીથી મુદ્દામાલ એફ.એસ.એલ. ને મળી ગયા સંબંધેની એકનોલેજમેન્ટ | એકનોલેજમેન્ટ |
| ૬૦ | ૧૪૨ | આંક–૧૪૦ ની રવાનગીથી મળેલ મુદ્દામાલ સંબંધેનો એફ.એસ.એલ. નો પરીક્ષણ અહેવાલ | પરીક્ષણ અહેવાલ |
| ૬૧ | ૧૪૩ | બનાવવાળી જગ્યાનો નકશો મોકલ્યાનો ટી.ડી.ઓ. નો પત્ર | પત્ર |
| ૬૨ | ૧૪૪ | ડી.એમ.સાહેબશ્રીનું હથીયારબંધીનું જાહેરનામું | હથીયારબંધીનું જાહેરનામુ |

## બ. બચાવ પક્ષે સાહેદ લીસ્ટ

| આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| – | – | – |

## દસ્તાવેજી પુરાવા

| આંક | દસ્તાવેજ | પ્રકાર |
|---|---|---|
| – | – | – |

## ક. કોર્ટ પક્ષે સાહેદ લીસ્ટ

| આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| – | – | – |

## દસ્તાવેજી પુરાવા

| આંક | દસ્તાવેજ | પ્રકાર |
|---|---|---|
| – | – | – |

**ડ. કબજે કરેલ મુદ્દામાલ**

| અ.નં. | આર્ટીકલ નંબર | વિગત |
|---|---|---|
| ૧ | ૦૧ | આ કામે એક લાલ તથા વાદળી કલરની અંદર જીણી ડીઝાઇન વાળું ટીશર્ટ જેના ઉપર આજુબાજુ ફેરવી ફેરવી ને જીણવટભરી રીતે જોતા ટીશર્ટના જમણી બાઇના છેડે લોહી જેવા ધાબાના નિશાન જોવામાં આવે છે તે સીવાય બીજા કોઈ નોંધપાત્ર ચિન્હો જોવામાં આવતા નથી તેમજ મજકુરે રજુ કરેલ વાદળી કલરનું લોવર પેન્ટને ફેરવી ફેરવી નુ અમો પંચો રૂબરૂ જીણવટભરી રીતે જોતા બનાવ ને ઉપયોગી કોઇ ચિન્હ જોવામાં આવતા નથી જે કપડા એક કાપડની બેગીમાં મુકેલ છે તે શીલબંધ કાપડની બેગી કિંમત રૂા. ૦૦/૦૦ |
| ૨ | ૦૨ | એક કાટ લાગેલ લાકડાના હાથા સાથે ફીટ કરેલ છરી જેની લંબાઇ જોતા ૧૪ સે.મી. તથા પહોળાઈ જોતા ૩ સે.મી. જેટલી જે આગળના ભાગે અણીવાળી જે છરીની લાકડાના હાથાની લંબાઈ જોતા ૧૨ સે.મી. જેટલી હાથા ઉપર બે રીવેટ મારી છરી સાથે ફીટ કરેલ જે હાથા સાથેની છરીની લંબાઇ જોતા ૨૬ સે.મી. જેટલી છે જે છરી ઉપર કોઈ નોંધ પાત્ર નિશાનો ચિન્હો જોવામાં આવતા નથી જે છરી એક કાપડની બેગીમાં મુકી પંચો રૂબરૂ કબજે કરેલ છે તે શીલબંધ કાપડની બેગી કિંમત રૂા. ૦૦/૦૦ |
| ૩ | ૦૩ | એક પીળા તથા વાદળી કલરની અંદર જીણી ડીઝાઇન વાળુ ટીશર્ટ જેના ઉપર જીણવટભરી રીતે જોતા બીજા કોઇ નોંધપાત્ર ચિન્હો નિશાનો જોવામાં આવતાં નથી તેમજ એક રખીચા કલરનું લોવર પેન્ટ જેના ઉપર જીણવટભરી રીતે જોતા કોઈ ચિન્હ નિશાન જોવામાં આવતા નથી જે કપડા એક કાપડની બેગીમાં મુકી પંચો રૂબરૂ કબજે કરેલ છે તે શીલબંધ કાપડની બેગી કિંમત રૂા. ૦૦/૦૦ |
| ૪ | ૦૪ | એક કાટ લાગેલ તલવાર જેની લંબાઇ જોતા ૫૬ સે.મી. છે જેની પહોળાઈ જોતા ૨.૫ સે.મી. જેટલી છે જે આગળ ના ભાગે અણીવાળી તલવાર છે જે લાકડાની મુઠ જેની લંબાઈ ૮.૫ સે.મી. છે જે મુઠ ઉપર ડીઝાઇન વાળી શેફટી ગાર્ડ જે પતરાની છે જે મુઠના પાછળના ભાગે બોલ્ટ સાથે ફીટ કરેલ છે જે તલવારની પૂર્ણ લંબાઇ જોતા ૬૪.૫ સે.મી. જેટલી છે જે તલવાર ઉપર જીણવટભરી રીતે જોતા બીજા કોઇ નોંધપાત્ર નિશાન ચિન્હો જોવામાં આવતા નથી જે તલવાર એક કાપડની બેગીમાં મુકી પંચો રૂબરૂ કબજે કરેલ છે તે શીલબંધ કાપડની બેગી કિંમત |

| | | |
|---|---|---|
| | | રૂા. ૦૦/૦૦ |
| ૫ | ૦૫ | એક બદામી કલરનો જીણી અંદર ચોકડાવાળી ડીઝાઇન વાળો શર્ટ જેના ઉપર જીણવટભરી રીતે જોતા બીજા કોઈ નોંધપાત્ર ચિન્હ નિશાનો જોવામાં આવતા નથી તેમજ એક રખીયા કલર પેન્ટ જેના ઉપર જીણવટભરી રીતે જોતા ડાબા પગના પાઇચા ફાટેલા જોવામાં આવે છે જેના ઉપર લોહી જેવા ચિન્હો જોવામાં આવે છે તે સીવાય બનાવ ને ઉપયોગી કોઈ ચિન્હો નિશાનો જોવામાં આવતા નથી જે કપડા એક કાપડની બેગીમાં મુકી પંચો રૂબરૂ કબજે કરેલ છે તે શીલબંધ કાપડની બેગી કિંમત રૂા. ૦૦/૦૦ |
| ૬ | ૦૬ | એક કાટ લાગેલ તલવાર જેની લંબાઈ જોતા ૫૪ સે.મી. છે જેનો પહોળાઈ જોતા ૨.૫ સે.મી. જેટલી છે જે લાકડાની મુઠ જેની લંબાઈ ૮.૫ સે.મી. છે જે મુઠ ઉપર ડીઝાઇન વાળી શેફટી ગાર્ડ જે પતરાની છે જે મુઠના પાછળના ભાગે બોલ્ટ સાથે ફીટ કરેલ છે જે તલવારની પૂર્ણ લંબાઈ જોતા ૬૨.૫ સે.મી. જેટલી છે જે તલવાર ઉપર જીણવટભરી રીતે જોતા બીજા કોઈ નોંધપાત્ર નિશાન ચિન્હો જોવામાં આવતા નથી જે તલવાર એક કાપડની બેગીમાં મુકી પંચો રૂબરૂ કબજે કરેલ છે તે શીલબંધ કાપડની બેગી કિંમત રૂા. ૦૦/૦૦ |
| ૭ | ૦૭ | એક રખીયા કલરનો શર્ટ જેના ઉપર જીણવટભરી રીતે જોતાં બીજા કોઈ નોંધપાત્ર ચિન્હ નિશાનો જોવામાં આવતા નથી તેમજ એક આસમાની કલરનું ડીઝાઇન વાળુ જીન્શનું પેન્ટ જેને જીણવટભરી રીતે જોતા ડાબા પાઈચા ઉપર વચ્ચેના ભાગે લોહી જેવા ધાબાના નિશાન જોવામાં આવે છે તે સીવાય બનાવને ઉપયોગી બીજા કોઈ ચિન્હ નિશાનો જોવામાં આવતા નથી જે કપડા એક કાપડની બેગીમાં મુકી પંચો રૂબરૂ કબજે કરેલ છે તે શીલબંધ કાપડની બેગી કિંમત રૂા. ૦૦/૦૦ |
| ૮ | ૦૮ | એક બાવળનો નકકર ધોકો જેની લંબાઈ જોતા ૩ ફુટ જેટલી છે લાકડાના ધોકા એક છેડે સેલો ટેપ મારેલ છે જેના ઉપર જીણવટભરી રીતે જોતા બીજા કોઈ નોંધપાત્ર નિશાન ચિન્હો જોવામાં આવતા નથી તે ધોકો એક કાપડની બેગીમાં મુકી પંચો રૂબરૂ કબજે કરેલ છે તે શીલબંધ કાપડની બેગી કિંમત રૂા. ૦૦/૦૦ |
| ૯ | ૦૯ | એક આસમાની કલરનો શર્ટ જેના ઉપર જીણવટભરી રીતે જોતાં બીજા કોઈ નોંધપાત્ર ચિન્હ નિશાનો જોવામાં આવતા નથી તેમજ એક કાળા કલરનું પેન્ટ જેને જીણવટ ભરી રીતે જોતા બનાવને ઉપયોગી બીજા કોઈ ચિન્હ નિશાનો જોવામાં આવતા નથી જે કપડા એક કાપડની બેગીમાં મુકી પંચો રૂબરૂ કબજે કરેલ છે તે શીલબંધ કાપડની બેગી કિંમત રૂા. ૦૦/૦૦ |
| ૧૦ | ૧૦ | એક લાલ કલરનું ટીશર્ટ જેના ઉપર જીણવટભરી રીતે |

જોતાં ટીશર્ટના આગળના ભાગે લોહી જેવા ધાબાનું
નિશાન જોવામાં આવે છે તેમજ એક કાળા કલરનું
પેન્ટ જેને જીણવટભરી રીતે જોતા પેન્ટના ડાબા પાઇચા
ઉપર લોહી જેવા ધાબાના નિશાન જોવામાં આવે છે જે
કપડા એક કાપડની બેગીમાં મુકી પંચો રૂબરૂ કબજે કરેલ
છે તે શીલબંધ કાપડની બેગી કિંમત રુા. ૦૦/૦૦

૧૧ ૧૧ એક આછા ગુલાબી કલરનો શર્ટ જેના ઉપર જીણવટભરી
રીતે કોલરના ભાગે છુટક લોહી જેવા નાના ધાબાના
નિશાન જોવામાં આવે છે તેમજ એક રખીયા કલરનું પેન્ટ
ને ઉપર જીણવટભરી રીતે જોતા બનાવને ઉપયોગી કોઇ
ચિન્હ નિશાનો જોવામાં આવતા નથી જે કપડા એક
કાપડની બેગીમાં મુકી પંચો રૂબરૂ કબજે કરેલ છે તે
શીલબંધ કાપડની બેગી કિંમત રુા. ૦૦/૦૦

૧૨ ૧૨ એક સફેદ કલરનો શર્ટ જેના ઉપર જીણવટભરી રીતે
જોતાં શર્ટ ઉપર છુટક છવાયા લોહી જેવા ધાબા પડેલ
હોવાનું જોવામાં આવે છે તેમજ એક આસમાની કલરનું
પેન્ટ ઉપર જીણવટભરી રીતે જોતા ડાબા પાઇચા ઉપર
છુટક છવાયા લોહી જેવા ધાબાના નિશાન જોવામાં આવે
છે જે કપડા એક કાપડની બેગીમાં મુકી પંચો રૂબરૂ કબજે
કરેલ છે તે શીલબંધ કાપડની બેગી કિંમત રુા. ૦૦/૦૦

૧૩ ૧૩ એક સફેદ કલરનો મેલા જેવો ઝીણી ડીઝાઇન વાળો શર્ટ
જેના ઉપર જીણવટભરી રીતે જોતાં શર્ટના ડાબી હાથ બાય
ઉપર લોહી જેવા ધાબા પડેલ હોવાનું જોવામાં આવે છે
તેમજ એક રાખોડી કલરનું પેન્ટ જેના ઉપર જીણવટભરી
રીતે જોતા બીજા કોઇ ચિન્હ નિશાનો જોવામાં આવતા નથી
જે કપડા એક કાપડની બેગીમાં મુકી પંચો રૂબરૂ કબજે કરેલ
છે તે શીલબંધ કાપડની બેગી કિંમત રુા. ૦૦/૦૦

૧૪ ૧૪ એક વાદળી કલર દુધીયા કલરના પટ્ટાવાળુ જેન વાળુ ટ્રેક
નું જેકેટ જેના ઉપર જીણવટભરી રીતે જોતાં છુટક છવાયા
લોહી જેવા ધાબા પડેલ હોવાનું જોવામાં આવે છે તેમજ
એક વાદળી કલરનું લોવર પેન્ટ જેના ઉપર જીણવટભરી
રીતે જોતા બીજા કોઇ ચિન્હ નિશાનો જોવામાં આવતી નથી
જે કપડા એક કાપડની બેગીમાં મુકી પંચો રૂબરૂ કબજે કરેલ
છે તે શીલબંધ કાપડની બેગી કિંમત રુા. ૦૦/૦૦

૧૫ ૧૫ એક મેંદી તેમજ કાળા કલરની અંદર ડીજાઇન વાળુ ટીશર્ટ
જેના ઉપર જીણવટભરી રીતે જોતા કોઇ નોંધપાત્ર ચિન્હ
નિશાન જોવામાં આવતા નથી તેમજ એક કાળા કલર પેન્ટ
જેના ઉપર જીણવટભરી રીતે જોતા બનાવને ઉપયોગી
બીજા કોઇ ચિન્હ નિશાનો જોવામાં આવતા નથી જે કપડા
એક કાપડની બેગીમાં મુકી પંચો રૂબરૂ કબજે કરેલ છે તે
શીલબંધ કાપડની બેગી કિંમત રુા. ૦૦/૦૦

૧૬ ૧૬ એક લોહી જેવો રતાશ પડતો આશરે એક ફુટના ઘેરાવામાં
ડાઘામાંથી કોટન થ્રેડ ઘસી પ્લાસ્ટીકની કોથળીમાં મુકી

| | | |
|---|---|---|
| | | જેને એક કાપડની બેગીમાં મુકી પંચો રૂબરૂ કબજે કરેલ છે તે શીલબંધ કાપડની બેગી જેની કિંમત રુા. ૦૦/૦૦ |
| ૧૭ | ૧૭ | એક બીજો આશરે એક ફુટના ઘેરાવામાં રતાશ પડતો લોહી જેવો ડાઘામાંથી એક કોટન થ્રેડ ઘસી પ્લાસ્ટીકની કોથળીમાં મુકી જેને એક કાપડની બેગીમાં મુકી પંચો રૂબરૂ કબજે કરેલ છે તે શીલબંધ કાપડની બેગી જેની કિંમત રુા. ૦૦/૦૦ |
| ૧૮ | ૧૮ | એક નાના મધ્યમ કદનો એક પથ્થર જે પથ્થર ઉપર જીણવટભરી રીતે જોતા રતાશ પડતો ભુખરા રંગનો ડાઘો જોવામાં આવે છે જે પથ્થર એક કાપડની બેગીમાં મુકી પંચો રૂબરૂ કબજે કરેલ છે તે શીલબંધ કાપડની બેગી જેની કિંમત રુા. ૦૦/૦૦ |
| ૧૯ | ૧૯ | એક ત્રીજો આશરે એક ફુટના ઘેરાવામાં રતાશ પડતો લોહી જજેવો ડાઘામાંથી એક કોટન થ્રેડ ઘસી પ્લાસ્ટીકની કોથળીમાં મુકી જેને એક કાપડની બેગીમાં મુકી પંચો રૂબરૂ કબજે કરેલ છે તે શીલબંધ કાપડની બેગી જેની કિંમત રુા. ૦૦/૦૦ |
| ૨૦ | ૨૦ | એક બીજો નાના મધ્યમ કદનો એક પથ્થર જે પથ્થર ઉપર જીણવટભરી રીતે જોતા રતાશ પડતો ભુખરા રંગનો ડાઘો જોવામાં આવે છે જે પથ્થર એક કાપડની બેગીમાં મુકી પંચો રૂબરૂ કબજે કરેલ છે તે શીલબંધ કાપડની બેગી જેની કિંમત રુા. ૦૦/૦૦ |
| ૨૧ | ૨૧ | એક સાદુ કોટન થ્રેડ કંટ્રોલ સેમ્પલ તરીકે પ્લાસ્ટીકની કોથળીમાં મુકી જેને એક કાપડની બેગીમાં મુકી પંચો રૂબરૂ કબજે કરેલ છે તે શીલબંધ કાપડની બેગી જેની કિંમત રુા. ૦૦/૦૦ |
| ૨૨ | ૨૨ | આછા વાદળી કલરના એક જોડી ચપ્પલ જે ચપ્પલ ઉપર છાણ માટી ચોંટેલ જોવામાં આવે છે તેમજ ડાબા પગના ચપ્પલના પાનીના ભાગે રતાશ પડતો ડાઘ જોવામાં આવે છે જે ચપ્પલો એક પ્લાસ્ટીકની કોથળીમાં મુકી જેને એક કાપડની બેગીમાં મુકી પંચો રૂબરૂ કબજે કરેલ છે તે શીલબંધ કાપડની બેગી જેની કિંમત રુા. ૦૦/૦૦ |
| ૨૩ | ૨૩ | એક જુનુ અને મેલા જેવુ કોલરવાળુ અડધી બાયનું ટીશર્ટ છે જે સફેદ તથા કાળા કલરનું તથા આર્મી કલરનું છે તેમજ એક જુનુ અને મેલા જેવું ક્રીમ કલરનું સાદુ પેન્ટ છે જે બંને કપડા ઉપર જીણવટભરી રીતે જોતા નોંધ પાત્ર કોઇ ચિન્હો નિશાનો જોવામાં આવતા નથી જે કપડા પંચો રૂબરૂ કબજે કરેલ છે તે શીલબંધ કાપડની બેગી જેની કિંમત રુા. ૦૦/૦૦ |
| ૨૪ | ૨૪ | એક લોખંડની આગળથી અણીવાળી તલવાર છે જેની લંબાઇ આશરે બે ફુટ ચાર ઇંચ જેટલી છે જે તલવારની મુઠ ઉપર પતરાનો ભાગ વળી ગયેલ છે જે તલવાર ઉપર જીણવટભરી રીતે જજોતા નોંધ પાત્ર કોઇ ચિન્હો નિશાનો |

| | | |
|---|---|---|
| | | જોવામાં આવતા નથી જે તલવાર પંચો રૂબરૂ કબજે કરેલ છે તે શીલબંધ કાપડની બેગી જેની કિંમત રુા. ૦૦/૦૦ |
| ૨૫ | ૨૫ | એક જુનુ અને મેલા જેવુ ગોળ ગળાનું આખી બાયનું આછા લીંબુ કલરનુ ટીશર્ટ છે જે તેમજ એક જુનુ અને મેલા જેવું લીલા કલરનું સાદુ પેન્ટ છે જે બંને કપડા ઉપર જીણવટ ભરી રીતે જોતા નોંધ પાત્ર કોઇ ચિન્હો નિશાનો જોવામાં આવતાં નથી જે કપડા પંચો રૂબરૂ કબજે કરેલ છે તે શીલબંધ કાપડની બેગી જેની કિંમત રુા. ૦૦/૦૦ |
| ૨૬ | ૨૬ | એક જુનુ અને મેલા જેવો સફેદ તથા કાળા કલરનો મોટી ચેકસ વાળો આખી બાયનો શર્ટ છે તેમજ એક જુનુ અને મેલા જેવું વાદળી કલરનું જીન્સ પેન્ટ છે જે બંને કપડા ઉપર જીણવટ ભરી રીતે જોતા નોંધ પાત્ર કોઇ ચિન્હો નિશાનો જોવામાં આવતાં નથી જે કપડા પંચો રૂબરૂ કબજે કરેલ છે તે શીલબંધ કાપડની બેગી જેની કિંમત રુા. ૦૦/૦૦ |
| ૨૭ | ૨૭ | એક જુનુ અને મેલા જેવો આછા છીંકણી કલરનો આખી બાયનો શર્ટ છે જે શર્ટ ઉપર છુટા છવાયા રતાશ પડતા ડાધાઓ જોવામાં આવે છે તેમજ એક જુનુ અને મેલા જેવું રાખોડી કલરનું સાદુ પેન્ટ છે જે કપડા પંચો રૂબરૂ કબજે કરેલ છે તે શીલબંધ કાપડની બેગી જેની કિંમત રુા. ૦૦/૦૦ |
| ૨૮ | ૨૮ | એક જુનુ અને મેલા જેવુ મરૂન કલરનું ગોળ ગળાનું આખી બાયનું ટીશર્ટ છે જે તેમજ એક જુનુ અને મેલા જેવું ગ્રે કલર નું નાઇટી પેન્ટ છે જે બંને કપડા ઉપર જીણવટ ભરી રીતે જોતા નોંધ પાત્ર કોઇ ચિન્હો નિશાનો જોવામાં આવતાં નથી જે કપડા પંચો રૂબરૂ કબજે કરેલ છે તે શીલબંધ કાપડની બેગી જેની કિંમત રુા. ૦૦/૦૦ |
| ૨૯ | ૨૯ | એક ટીશર્ટ જે જુનુ અને મેલા જેવુ પીળા કલરનું આખી બાય નું ટોળ ટળાનું આગળના ભાગે ચેઇન વાળુ ટીશર્ટ જેના આગળના ભાગે blinkit લખેલ છે તેમજ એક જુનુ અને મેલા જેવું કાળા કલરનું સાદુ પેન્ટ છે જે બંને કપડા ઉપર જીણવટ ભરી રીતે જોતા નોંધ પાત્ર કોઇ ચિન્હો નિશાનો જોવામાં આવતાં નથી જે કપડા એક કાપડની બેગીમાં મુકી પંચો રૂબરૂ કબજે કરેલ છે તે શીલબંધ કાપડની બેગી જેની કિંમત રુા. ૦૦/૦૦ |
| ૩૦ | ૩૦ | એક જુનો અને મેલા જેવો કબુતરી કલરનો આખી બાયનો શર્ટ છે જેમાં સફેદ અને કાળા કલરની નાની ચેકસ ડીઝાઇન છે તેમજ એક જુનુ અને મેલા જેવું ગ્રે કલરનું સાદુ પેન્ટ છે જે બંને કપડા ઉપર જીણવટ ભરી રીતે જોતા નોંધ પાત્ર કોઇ ચિન્હો નિશાનો જોવામાં આવતાં નથી જે કપડા એક કાપડની બેગીમાં મુકી પંચો રૂબરૂ કબજે કરેલ છે તે શીલ બંધ કાપડની બેગી જેની કિંમત રુા. ૦૦/૦૦ |

## :: જજમેન્ટ ::

**૧.** આ કામના આરોપી વિરૂધ્ધ ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશનના પાર્ટ 'એ' ગુના રજી. નં. ૧૧૨૧૧૦૧૬૨૪૦૦૪૦/૨૦૨૪ થી ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૩૩૮, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૪૨૭ તથા જી. પી. એકટની કલમ – ૧૩૫ મુજબના ગુના દાખલ થયેલા છે.

**૨.** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આજરોજ તારીખ : ૨૩/૦૧/૨૦૨૪ સવારમાં હું મારા ધરેથી અમારા બકરા માટે ચુલી ગામની સીમમાં ખાખરીયાના મારગે લીમડો લેવા માટે ગયેલો હતો અને સવારના સાડા સાતેક વાગ્યે હું ધીરાભાઇ મુળજીભાઇ પલાણીની વાડીએ શેઢા ઉપર લીમડો કાપતો હતો અને ત્યાં પરેશભાઇ ધીરાભાઇ પલાણી અને તેની સાથે શકિતભાઇ મુન્નાભાઇ પલાણી હાજર હતા અને તે મારી પાસે આવેલા અને શકિતભાઇ મુન્નાભાઇએ કહેલ કે તે લીમડો કોને પુછીને કાપ્યો તેમ કહેતા મે કહેલ કે આ લીમડો બાવળની વાડમાં હતો એટલે કાપુ છું તેમ કહેતા શકિત મુન્નાભાઇએ મને ભુંડાબોલી ગાળ આપેલી જેથી મે કહેલ કે મારે લીમડી નથી કાપવો મને જાવા દો તેમ કહેતા શકિતભાઇ અને તેની સાથેના પરેશભાઇ એ મને કહેલ કે તને ધરે નથી જાવા દેવાનો તું હવે મારી વાડીના શેઢાનો લીમડો લેવા આવ્યો તો જાનથી મારી નાંખીશુ તેવી વાત કરતા મે મારા ભાઇ સંયભાઇને ફોન કરેલ અને મે કહેલ કે હું ખાખરીયાના મારગે ધીરાભાઇ મુળજી ભાઇની વાડીએ લીમડો કાપવા આવેલ છું અને અહીં મને પરેશભાઇ ધીરાભાઇ અને શકિતભાઇ મુન્નાભાઇ માર મારવાનું કહે છે તમે અહીં આવો તેવી વાત કરેલી અને આ શકિતભાઇએ કોઇને ફોન કરેલો અને થોડીવારે ત્યાં અનીલભાઇ જીતેન્દ્રભાઇ પલાણી અને નરેશભાઇ દીનાભાઇ પલાણી અને મુકેશભાઇ અરજણભાઇ આ ત્રણેય જણા મોટર સાયકલ લઇને આવેલા અને આ બધા માણસો મને ગાળો દેવા લાગેલા જેથી હું ત્યાંથી મારૂ મોટર સાયકલ લઇને નિકળી ગયેલો અને હું ગામમાં ચરમાળીયા દાદાના મંદીર પાસે પહોંચતા મારો ભાઇ સંજયભાઇ અને તેની સાથે મનાભાઇ નાનુભાઇ તથા બળદેવભાઇ અમરાભાઇ તથા મેહુલભાઇ કાનાભાઇ આ લોકો મને મોટર

સાયકલ લઈને સામા મળેલા અને અમો બધા અમારા ઘર પાસે જતા રહેલા હતા અને અમો બધા અમારા ઘર પાસે શેરીમાં ઉભા હતા અને આ વખતે આશરે સાડા આઠેક વાગ્યાની આસપાસ પરેશભાઈ ધીરાભાઈ પલાણી પાસે છરી હતી અને શકિતભાઈ મુન્નાભાઈ પલાણી પાસે સોરીયુ હતુ તથા અનીલ ભાઈ જીતેન્દ્રભાઈ પલાણી તેના હાથમાં તલવાર લઈને અને નરેશભાઈ દીના ભાઈ પલાણી પાસે લાકડાનો ધોકો હતો અને મુકેશભાઈ અરજણભાઈ પલાણી પાસે તલવાર હતી તથા લાલાભાઈ સનાભાઈ પલાણી પાસે તલવાર હતી તથા મુન્નાભાઈ સોંડાભાઈ પલાણી તથા વિઠ્ઠલભાઈ લખમણભાઈ પલાણી તથા કુલાભાઈ લખમણભાઈ પલાણી તથા ધરમશીભાઈ શીવાભાઈ પલાણી તથા મહેન્દ્રભાઈ જીતેન્દ્રભાઈ પલાણી આ બધા લોકો ભેગા મળીને અમે જે જગ્યાએ ઉભા હતા ત્યાં અમારી સાથે ઝઘડો કરવાના ઈરાદે એકસંપ કરીને આવેલા અને ગાળો બોલવા લાગેલા અને પતાવી દો મારી નાંખો એવુ બોલતા બોલતા અમો બધાને છુટ્ટા પથ્થરના ધા કરવા લાગેલા આ વખતે દેકારો થવા લાગેલો જેથી અમારા ભરવાડ સમાજના ઘણાન બધા માણસો ત્યાં આવી ગયેલા અને સામસામે પથ્થર મારો થવા લાગેલો અને બંને પક્ષના ટોળા ઝઘડો કરવા લાગેલા આ વખતે મને ડાબા પગમાં નરેશભાઈ દીનાભાઈ એ ધોકાના બે–ત્રણ ધા મારી દીધેલા અને આ તમામ માણસો તેમની પાસેથી હથીયારો વડે અમોને જાનથી મારી નાંખવાના ઈરાદે તલવાર અને ધોકા વડે આડેધડ મારવા લાગેલા હતા અને આ ઝગડો ચાલુ હતો આ વખતે પોલીસની ગાડી આવી ગયેલી અને બંને પક્ષના ટોળાને વેરવિખેર કરેલા અને આ ઝગડો બંધ થયેલ હતો અને આ જે ટોળુ અમને મારવા આવેલ તેમાં રાહુલ ભાઈ જયેશભાઈ પલાણી તથા વિજયભાઈ જીતેન્દ્રભાઈ પલાણી તથા અરજણભાઈ કરશનભાઈ પલાણી તથા જીતેન્દ્રભાઈ કાનજીભાઈ પલાણી તથા પ્રકાશભાઈ શીવાભાઈ પલાણી તથા વિશાલભાઈ રાજેશભાઈ પલાણી પણ હતાં અને આ ઝઘડામાં મારા પિતા રમતુભાઈ રેવાભાઈને હાથમાં ઈજા થયેલી અને મનાભાઈ નાનુભાઈને હાથમાં ઈજા થયેલી અને બળદેવભાઈ અમરાભાઈને માથામાં ઈજાઓ થયેલી તથા વાલીબેન બુધાભાઈ તથા કાનાભાઈ રેવાભાઈ તથા મુનાભાઈ વાલાભાઈ તથા સુરેશભાઈ વાલાભાઈ તથા મેહુલભાઈ કાનાભાઈ તથા કરમશીભાઈ માત્રાભાઈ તથા પોપટભાઈ

મેરાભાઇ તથા જાલાભાઇ રૈયાભાઇ આ બધાને નાની–મોટી ઈજા થયેલ હતી અને આ બધાને ધ્રાંગધ્રા સરકારી દવાખાને લઇ ગયેલા અને મને પગના ભાગે અને મારા ભાઇ સંજયને માથામાં સામાન્ય ઈજજા થયેલ હોય અને અમો બંને ભાઇઓ દવાખાને ગયેલ નથી અને આ ઝગડામાં અમારા સમાજના મહેશભાઇ વાલાભાઇ ગમારાની સેલેરીયો ગાડી તથા ટ્રેકટર તથા બળદેવભાઇ અમરા ભાઇની ઇકો ગાડી બહાર શેરીમાં પડેલ હતા તેમાં પણ આ લોકોએ પથ્થરના ધા તેમજ ધોકા મારી નુકશાન કરેલ અને આ મહેશભાઇ વાલાભાઇના મકાન માં ઢારીયાના સીમેન્ટના પતરા પણ પથ્થર મારી તોડી નાંખેલ છે અને મને જાણવા મળેલ છે કે મારા પિતા અને અમારા બીજા માણસોને વધુ ઈજા થયેલ હોય જેથી તેમને સુરેન્દ્રનગર દવાખાને લઇ ગયેલ છે અને હું અહીં પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ કરવા આવેલ છું તો આ તમામ લોકો સામે ધોરણસર થવા મારી ફરીયાદ છે તેમ જણાવી હાલની આ ફરીયાદ કરેલી જે ફરીયાદીની ફરીયાદ અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૩૩૮, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૪૨૭ તથા જી. પી. એકટની કલમ – ૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુના સબબ આરોપી વિરૂધ્ધ ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશને પાર્ટ 'એ' ગુના રજી. નં. ૧૧૨૧૧૦૧૬૨૪૦૦ ૪૦/૨૦૨૪ થી ગુનો રજીસ્ટર્ડ કરવામાં આવેલો.

3. ફરીયાદની ફરીયાદના અનુસંધાને ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશને પાર્ટ 'એ' ગુના રજી. નં. ૧૧૨૧૧૦૧૬૨૪૦૦૪૦/૨૦૨૪ થી ગુનાની ફરીયાદ દાખલ થયા બાદ તપાસ કરનાર પોલીસ અધિકારીશ્રીએ તપાસ હાથ ધરી તપાસ દરમ્યાન આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૩૩૮, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૪૨૭ તથા જી. પી. એકટની કલમ – ૧૩૫ મુજબનો ગુનો બનવા પામતો હોઇ આરોપીઓને અટક કરી આરોપીઓ વિરૂધ્ધ તપાસ દરમ્યાન પુરતો પુરાવો મળી આવતા ધ્રાંગધ્રાના એડી. ચીફ જયુડી. મેજી. સમક્ષ ફોજદારી કેસ નંબર : ૭૬૨/૨૦૨૪ થી ચાર્જશીટ રજુ કરતા આરોપીઓ સામેના ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૩૩૮, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૪૨૭ તથા જી. પી. એકટની કલમ – ૧૩૫ મુજબના

ગુનાની ટ્રાયલ ચલાવવાની સત્તા ધ્રાંગધ્રાના એડી. ચીફ જયુડી. મેજી. શ્રી ને રહેતી ન હોય ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ – ૨૦૯ અન્વયે ધ્રાંગધ્રા ના મહે. એડી. સેસન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં કમીટ થઇ આવતાં જેને સેસન્સ કેસ નંબર : ૨૦/૨૦૨૫ થી ક્રિમીનલ રજીસ્ટરે નોંધવામાં આવેલો છે.

**૪.** ત્યારબાદ હાલના આરોપીઓ સામેનો ઉપરોકત સેસન્સ કેસ અત્રે ધ્રાંગધ્રાના મહે. એડી. સેસન્સ જજ સાહેબશ્રી સમક્ષ ચાલવા માટે આવતાં આરોપી તેમના વિધ્વાન વકીલ શ્રી મારફતે કોર્ટમાં હાજર થતા આરોપીઓની વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૩૩૮, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૪૨૭ તથા જી. પી. એકટની કલમ – ૧૩૫ અન્વયે આંક–૧૧ થી તહોમતનામુ ફરમાવી અનુક્રમે આંક–૧૨ થી આંક–૨૯ દરમ્યાનમાં આરોપીઓના જવાબો નોંધતા ગુનાનો ઈન્કાર કરતા આરોપીઓ સામેના ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા આદેશ કરેલો.

**૫.** સદરહુ કામે ફરીયાદ પક્ષનો ઉપરોકત પુરાવો રજુ થયા બાદ ફરીયાદ પક્ષ ધ્વારા આંક–૧૪૫ થી ડ્રોપ પુરસીસ તેમજ આંક–૧૪૬ થી કલોઝીંગ પુરસીસ રજુ રાખવામાં આવેલ છે. આમ, ફરીયાદ પક્ષ ધ્વારા વધુ કોઈ પુરાવો ન હોય હાલના આરોપીઓનાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૩૧૩ અન્વયે નિવેદનો લેવામાં આવેલા છે તેમાં આરોપીઓએ ફરીયાદ પક્ષે રજુ રાખેલ તમામ પુરાવાઓની હકીકતોનો ઈન્કાર કરી તેઓએ બચાવના સાક્ષી તપાસેલા નથી કે સોગંદ ઉપર જુબાની આપવામા માંગતા ન હોવાનું જણાવી વિશેષમાં નિદોર્ષ હોવાનું જણાવે છે.

**૬.** ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફે વિધ્વાન એ. પી. પી. શ્રી વી. એચ. ભટ્ટ નાંઓની તેમજ આરોપીઓ પક્ષ તરફે વિધ્વાન વકીલ શ્રી એમ. વી. ઉપાધ્યાય નાંઓની દલીલો સાંભળી.

**૬.૧** ફરીયાદ પક્ષે વિધ્વાન એ. પી. પી. શ્રી વી. એચ. ભટ્ટ ધ્વારા એવી દલીલ કરવામાં આવેલ છે કે, આ કામે આરોપીઓની વિરૂધ્ધ ભારતીય ન્યાય

સંહિતાની કલમ – ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૩૩૮, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૪૨૭ તથા જી. પી. એકટની કલમ – ૧૩૫ મુજબના ગુના સબબ આંક–૧૧ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે અને સદર તહોમતનામા અનુસાર આ કામે ફરીયાદ પક્ષે તપાસેલ ફરીયાદી, બનાવના કામે ઈજા પામનાર સાહેદો તેમજ બનાવની જાણ થતા પાછળથી હાજર થયેલા અન્ય સાહેદો તથા બનાવના કામે ઈજા પામનારની સારવાર કરનાર મેડીકલ ઓફિસર સાહેદો, બનાવ સ્થળનું પરીક્ષણ કરનાર સાયન્ટીફિક ઓફિસર, તપાસનીશ અમલદાર સાહેદો તેમજ પંચ સાહેદોની જુબાનીથી ફરીયાદ પક્ષે આંક–૧૧ થી આરોપીઓની વિરૂધ્ધ ફરમાવેલ તહોમતનામાની હકીકતો નિ:શંકપણે પુરવાર કરેલ છે, આ કામના આરોપીઓ ધ્વારા ફરીયાદી તેમજ ફરીયાદ પક્ષના ઈજા પામનાર સાહેદો ઉપર મારક જીવલેણ હથીયારો ધ્વારા મારી નાંખવાના ઈરાદે હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડેલ છે અને નાની–મોટી ઈજાઓ કરી મહાવ્યથા તેમજ વ્યથા કરેલ છે અને વાહનો તથા સીમેન્ટના ઢાળીયાને નુકશાન કરેલ છે આ હકીકત ફરીયાદ પક્ષે રજુ પુરાવાઓથી પુરવાર કરેલ છે ત્યારે આરોપીઓને તેઓના વિરૂધ્ધના આક્ષેપો સંબંધે કાયદાથી ફરમાવેલ મહત્તમ સજા કરવા અરજ કરેલી છે.

**૬.૨** આરોપી પક્ષે વિધ્વાન વિ. વ. શ્રી એમ. વી. ઉપાધ્યાય ધ્વારા એવી દલીલ કરવામાં આવેલ છે કે, આ કામે આરોપીઓની વિરૂધ્ધ ફરમાવેલ તહોમત સંર્દભે રજુ રાખેલ પુરાવાઓના કામે હાલના આરોપીઓની વિરૂધ્ધ એવો કોઈ જ પુરાવો રેકર્ડ પર આવેલ નથી કે જેથી કરી આરોપીઓને ગુનાનાં કામે સાંકળી તકસીરવાન ઠરાવી શકાય. આ કામે ફરીયાદ પક્ષે તપાસેલ ફરીયાદી તેમજ બનાવના કામે ઈજા પામનાર સાહેદો તેમ અન્ય સાહેદોની જુબાની જોતાં હાલના આરોપીઓને ગુનાનાં કામે સાંકળતો લેશમાત્ર પણ પુરાવો રેકર્ડ પર આવતો નથી, ફરીયાદી તેમજ અન્ય મહત્વના કહી શકાય તેવા સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલા છે, ફરીયાદી ખુદ પોતે સારવાર લેવા ગયેલા નહીં હોવાનું પોતાની ફરીયાદના કામે જણાવે છે તેમજ આ કામે રજુ પંચનામાની હકીકતોને પંચસાહેદોએ સર્મથન કરેલ નથી, આ કામે તપાસેલ મેડીકલ ઓફિસરના પુરાવાથી ઈજા પામનાર સાહેદોને ઈજાઓ થયેલાનું રેકર્ડ પર આવે છે પરંતુ તે થકી હાલના આરોપીઓને ગુનાનાં કામે સાંકળી શકાય

તેવો કોઇ જ પુરાવો રેકર્ડ પર આવતો નથી. આમ, ફરીયાદ પક્ષ હાલના આરોપીઓની વિરૂધ્ધ ફરમાવેલ તહોમત મુજબના કોઇ જ આક્ષેપો પુરવાર કરવામાં સફળ રહેલ નથી તેમ જણાવી આરોપીઓને નિર્દોષ ઠરાવી મુકવા વિનંતી કરેલ છે.

**૭.** આ કામે ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો તેમજ બંને પક્ષકારોના વિધ્વાન વકીલશ્રીઓની દલીલો લક્ષમાં લેતા હાલના કેસમાં ન્યાયી નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થાય છે.

**:: <u>મુદ્દાઓ</u> ::**

૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઇ તારીખ : ૨૩/૦૧/૨૦૨૪ નાં રોજ ફરીયાદી – હરેશભાઇ રમતુભાઇ પાંચીયા જાતે–ભરવાડ તેમના ધરેથી તેમના બકરા માટે ચુલી ગામની સીમમાં ખાખરીયાના મારગે લીમડો લેવા ગયેલા અને સવારના સાડા સાતેક વાગ્યે તેઓ આરોપી–ધીરાભાઇ મુળજી ભાઇ પલાણીની વાડીએ શેઢા ઉપર લીમડો કાપતા હતા ત્યાં આરોપી–પરેશભાઇ ધીરાભાઇ પલાણી અને શકિતભાઇ મુન્નાભાઇ પલાણી હાજર હોય ફરીયાદી પાસે આવી આરોપી – શકિતભાઇ મુન્નાભાઇએ કહેલ કે લીમડો કોને પુછીને કાપ્યો જેથી ફરીયાદીએ લીમડો બાવળની વાડમાં હતો એટલે કાપુ છું તેમ કહેતા આરોપી–શકિતભાઇ મુન્નાભાઇએ ફરીયાદીને ભુંડા બોલી ગાળો આપેલ અને કહેલ કે તને ધરે નથી જવા દેવાનો લીમડો નથી કાપવાનો જેથી ફરીયાદીએ કહેલ કે મને જવા દો તેમ કહેતા આરોપી–શકિતભાઇ અને પરેશભાઇએ તને ધરે નથી જવા દેવાનો તુ હવે મારી વાડીના શેઢાનો લીમડો લેવા આવ્યો તો જાનથી મારી નાંખીશુ તેમ ફરીયાદીને કહેતા ફરી.એ તેમના ભાઇ સંજયભાઇને ફોન કરી કહેલ કે તેઓ ખાખરીયાના મારગે ધીરાભાઇ મુળજીભાઇની વાડીએ લીમડો પાડવા આવેલ અને તેમને આરોપી – પરેશભાઇ ધીરાભાઇ અને શકિતભાઇ મુન્નાભાઇ માર મારવાનુ કહે છે તમે અહીં આવો અને આરોપી–

શકિતભાઇએ કોઇને ફોન કરેલો અને થોડીવારે ત્યાં આરોપી– અનીલભાઇ જીતેન્દ્રભાઇ પલાણી, નરેશભાઇ દીનાભાઇ પલાણી, મુકેશભાઇ અરજણભાઇ ત્રણેય જણા મોટર સાયકલ લઇ આવેલ અને ફરીયાદીને ગાળો આપેલ જેથી ફરીયાદી તેનું મોટર સાયકલ લઇ ત્યાંથી નીકળી ગયેલ અને ફરીયાદી ગામ માં ચરમાળીયા દાદાના મંદિર પાસે પહોંચતા ફરીયાદીના મોટા ભાઇ સાહેદ–સંજયભાઇ અને મનાભાઇ નાનુભાઇ, બળદેવ ભાઇ અમરાભાઇ તથા મેહુલભાઇ કાનાભાઇ મોટર સાયકલ લઇ સામા મળેલા અને ધરે જતા રહેલા બાદમાં ફરીયાદી તેના ધર પાસે શેરીમાં ઉભા હતા અને આશરે આઠેક વાગ્યાની આસ પાસ આરોપી–પરેશભાઇ ધીરાભાઇ છરી, શકિત મુન્નાભાઇ પલાણી સોરીયુ, અનીલભાઇ જીતેન્દ્રભાઇ પલાણી તલવાર, લાલાભાઇ સનાભાઇ  પલાણી તલવાર સાથે તેમજ આરોપી – મુન્નાભાઇ સોંડાભાઇ પલાણી, વિઠ્ઠલ લખમણભાઇ પલાણી, કુલાભાઇ લખમણભાઇ પલાણી, ધરમશીભાઇ શીવાભાઇ પલાણી તથા મહેન્દ્રભાઇ જીતેન્દ્રભાઇ પલાણી બધાય ભેગા મળી ફરીયાદીની સાથે ઝધડો કરવાના ઇરાદે એકસંપ કરીને આવેલ અને ગાળો બોલવા લાગેલ અને પતાવી દો મારી નાંખો એવુ બોલતા બોલતા છુટ્ટા પથ્થરના ધા કરવા લાગેલા ત્યારે દેકારો થવા લાગેલ જેથી ફરીયાદી ભરવાડ સમાજના ધણા બધા માણસો ત્યાં આવી ગયેલા અને સામસામે પથ્થર મારો થવા લાગેલ અને બંને પક્ષના ટોળા ઝધડો કરવા લાગેલ આ વખતે ફરીયાદીને ડાબા પગમાં આરોપી–નરેશ દિનાભાઇએ ધોકાના બે–ત્રણ ધા મારેલા અને બીજા આરોપીઓએ તેમની પાસેના હથીયારથી ફરીયાદી તથા તેમના તમામ લોકોને જાન થી મારી નાંખવાના ઇરાદે આડેધડ મારવા લાગેલા આ ઝધડો ચાલુ હતો તે વખતે પોલીસની ગાડી આવી ગયેલ અને બંને પક્ષોના ટોળા વેરવિખેર કરેલા, આ ટોળાએ ફરીયાદીના પગના ભાગે તથા ફરીયાદીના ભાઇ સાહેદ – સંજયભાઇને માથામાં

સામાન્ય ઈજાઓ કરેલ તેમજ સાહેદ – મહેશભાઈ વાલાભાઈ ગમારાની સેલેરીયો ગાડી તથા ટ્રેકટર તેમજ સાહેદ – બળદેવ અમરાભાઈની ઈકો ગાડી બહાર શેરીમાં પડેલ હતી તેમાં આરોપીઓએ પથ્થરના ધા કરી તેમજ ધોકા મારી નુકશાન કરેલ અને સાહેદ – મહેશભાઈ વાલાભાઈના મકાનમાં ઢારીયા ના સીમેન્ટના પતરા ઉપર પથ્થર મારી તોડી નાંખી નુકશાન કરેલ તેમજ ફરીયાદીના પિતા તથા અન્ય બીજા માણસોને ઈજાઓ કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૩૩૭(૧), ૩૩૮, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬ (૨), ૪૨૭ મુજબના શિક્ષાપાત્ર ગુના આરોપીઓએ આચરેલ છે ?

**૨)** શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, બનાવ તારીખે, સમયે અને સ્થળે સુરેન્દ્રનગરના અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીનું હથીયારબંધીનું જાહેરનામું અમલમાં હોઈ છતાં તેનો ભંગ કરી જીવલેણ મારક હથીયારો ધારણ કરી જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો આરોપીઓએ આચરેલ છે ?

**૩)** શું હુકમ ?

૮. ઉપરોકત મુદ્દાઓ અંગે મારા નિર્ણયો કારણો સહિત નીચે મુજબ છે.

**:: <u>નિર્ણયો</u> ::**

મુદ્દા નંબર – ૧ ::– નકારમાં.

મુદ્દા નંબર – ૨ ::– નકારમાં.

મુદ્દા નંબર – ૩ ::– આખરી હુકમ મુજબ.

**:: <u>કારણો</u> ::**

**<u>મુદ્દા નંબર–૧</u> ::–**

૯. ફોજદારી ન્યાય શાસ્ત્રના સિધ્ધાંત તેમજ ભારતીય પુરાવા ધારાની જોગવાઈઓ મુજબ ફરીયાદ પક્ષ આરોપી સામેનું તહોમત નિ:શંકપણે પુરવાર ન કરે ત્યાં સુધી આરોપીની નિર્દોષતાનું અનુમાન અદાલત માટે ફરજીયાત

હોય છે. બીજા શબ્દોમાં, આરોપી સામેનો કેસ શંકાથી પર રીતે પુરવાર કરવાનો બોજો કાયદાથી ફરીયાદ પક્ષ ઉપર લાદવામાં આવેલ છે. એ સ્થાપિત છે કે, ફરીયાદ પક્ષના કેસ અંગે મહત્વની શંકા ઉભી થાય તો હંમેશા તેનો લાભ આરોપીને મળવા પાત્ર બને છે. ફોજદારી કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ ફરીયાદ પક્ષના પુરાવામાં નાની-નાની ક્ષતિઓ અથવા તો તપાસના કામમાં નાની-મોટી વિસંગતતાઓ આવવાની શકયતા હોઈ શકે પરંતુ તેથી ફરીયાદ પક્ષનો કેસ ફેંકી દઈ શકાય નહીં તેમજ ફરીયાદ પક્ષના એક માત્ર ફરીયાદીની જુબાની ઉપરથી ફરીયાદ પક્ષનો કેસ માની શકાય નહીં તેવો કાયદામાં કોઈ પ્રતિબંધ નથી પરંતુ તે અંગે અમુક સિધ્ધાંતો છે કે ફરીયાદી તટસ્થ, વિશ્વાસપાત્ર, ભરોસાપાત્ર અને માની શકાય તેવી જુબાની આપતા હોય તો જ માત્ર ને માત્ર ફરીયાદીની જુબાની ઉપરથી આરોપી વિરૂધ્ધનો કેસ માની શકાય અને જયારે બનાવ જાહેરમાં બન્યો હોય અથવા તો બનાવ સમયે સાથે બીજા સાહેદો હોય તો સ્વભાવિક રીતે ફરીયાદીની જુબાની સાથે સર્મથનકર્તા સાહેદની જુબાની હોવી જરૂરી છે.

**૧૦.** આ કામમાં આરોપીઓની સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૩૩૮, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૪૨૭ તથા જી. પી. એકટની કલમ – ૧૩૫ મુજબના મુખ્ય આરોપો છે, સદર આરોપીઓ સામેના આરોપો પુરવાર કરવા ફરીયાદ પક્ષે નીચે નોંધ્યા મુજબના સાહેદોને તપાસેલા છે અને દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલા છે.

**૧૧.** આ કામે ફરીયાદ પક્ષે બનાવવાળી જગ્યાનું નિરીક્ષણ કરી સ્થળ પરીક્ષણ અહેવાલ તૈયાર કરનાર સાહેદ-અભિજીતસિંહ વનરાજસિંહ પઢીયાર નાંઓએ તેમનાં આંક-૩૪ ના પુરાવામાં જણાવેલ છે કે, હું ૨૦૨૪ ની સાલમાં એફ. એસ. એલ. અધિકારી તરીકે સુરેન્દ્રનગરમાં મો.ઈ.વા. માં મારી ફરજ બજાવતો હતો તે દરમ્યાન ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશનના ગુના રજી. નં. ૪૦/૨૦૨૪ અને ૪૧/૨૦૨૪ નાં કામે થાણાથી પશ્ચીમે ૧૩ કિ.મી. દુર ચુલી ગામે બનાવ બનેલ તેનુ સ્થળ પરીક્ષણ કરવા માટે અમોને પોલીસ કંટ્રોલ રૂમ તરફથી તારીખ : ૨૩/૦૧/૨૦૨૪ ના રોજ વર્ધી મળેલી અને તારીખ :

૨૪/૦૧/૨૦૨૪ ના કલાક : ૦૯/૦૦ થી ૧૦/૦૦ સુધી સ્થળ પરીક્ષણ કરવા માટે ગયેલા, સદરહુ ઘટના સ્થળની મુલાકાત લેતા પહેલા તપાસ કરનાર અધિકારી ધ્વારા સૌપ્રથમ બનાવની ટુંકી વિગતથી અમોને માહિતગાર કરવામાં આવેલા તેમજ સ્થળ દર્શાવેલ. બનાવ અંગેની ટુંકી વિગત – આ કામે હકીકત એવી છે કે ઉપર દર્શાવેલ તારીખ, સમય અને સ્થળે બન્ને પક્ષ વચ્ચે લીંબડો કાપવાની બાબતે બોલાચાલી થતા બન્ને પક્ષ લાકડાના ધોકા, ધારીયા, તલવાર, છરી, તથા પથ્થરો વડે એકબીજા ઉપર હુમલો કરી એક બીજાને ઇજા પહોંચાડી તેમજ બહાર શેરીમાં પડેલ વાહનોને નુકશાન કરી ગુન્હો કરેલો, બનાવ સ્થળનું પરીક્ષણ અને અવલોકન કરતાં ઉપરોક્ત ગુન્હા ના કામે પી.એસ.આઇ. આર. જે. જાડેજા દ્વારા દર્શાવેલ સ્થળની રૂબરૂ મુલાકાત લેતા સદર સ્થળ ઉપર દર્શાવેલ જગ્યાએ (થાણાથી પિશ્ચમે આશરે ૨૩ કિ.મી. દુર ચુલી ગામ ધ્રાંગધ્રા તાલુકો) આવેલ હોય જેનો આંક્ષાશ રેખાંશ તપાસ તપાસતા તે ૨૩.૦૦૦૧૩૪, ૭૧.૩૪૯૪૪૮ હતા, સ્થળનું અવલોકન કરતાં સ્થળ ચુલી ગામના જાહેર રોડ જેવુ જણાતુ હતુ જે ઉત્તર દક્ષીણ દિશાનો હતો જેમાં પશ્ચિમે મકાનો તેમજ પુર્વે આંગણવાડી, અવાડો વગૅરે આવેલા હતાં, સદર રોડ RCC નો હતો જે આશરે ૨૦ ફુટ પહોળો હતો જેના ઉપર માટીના થર જણાયેલ હતા, સદર રોડ ઉપર આંગણવાડી સામે દિવાલ પાસે એક સફેદ સેલેરીયો ગાડી પડેલ હતી જેના આગળ તથા પાછળ ના કાચમાં નુકશાન જણાયેલ જેનો રજી. નંબર જોતા – જી.જે. ૩૬ આર. ૧૬૪૯ વંચાયેલ હતો, સદર આંગણવાડીથી આશરે ૨૦ પશ્ચિમ તરફ આવી ત્યાંથી ૧૦ ફુટ ઉત્તર તરફ જતા ત્યાં એક આશરે ૧ x ૧ ફુટના ઘેરાવમાં રતાશ પડતો ભુખરો ડાઘ જોવા મળેલ હતો, સદર ડાઘાથી આશરે ૪ ફુટ ઉત્તર તરફ જતા ત્યાં એક અન્ય ૧ x ૧ ફુટનો ડાઘો જોવા મળેલ હતો જેની પાસે એક મધ્યમ કદનો પથ્થર પડેલ હતો જેના ઉપર પણ રતાશ પડતો ભુખરો ડાઘ જોવા મળેલ હતો, ડાઘાથી પુર્વે આશરે ૧૦ ફૂટ દુર એક ટ્રેક્ટર લારી સાથે પડેલ જેનો રજીસ્ટર નંબર ન હતો તેમજ તેના ઉપર ઘોબા જુના હોવાનુ જણાયેલ હતુ, ઉપરોક્ત બીજા ડાઘાથી આશરે ૩ ફુટ ઉતર તરફ આશરે એક ફુટના ઘેરાવામાં રતાશ પડતો ભુખરો ડાઘ જોવા મળેલ તેમ તેની પાસે એક નાનો પથ્થર ડાઘા વાળો જોવા મળેલ હતો, સદર ડાઘાથી આશરે બે ફુટ ઉતર

તરફ બન્ને બાજુ પુર્વ તથા પશ્ચીમે એક જોડી સ્લીપર પડેલ હતા જેમાં વાદળી જેવા રંગના સ્લીપરમા ભુખરા ડાઘ જોવા મળેલ જે કબ્જે લેવા સુચવેલ, સદર સ્લીપરથી આશરે ૧૫ ફુટ ઉતર તરફ જતા ત્યાંથી આશરે ૬ ફુટ પુર્વ તરફ એક ઈકો ગાડી પડેલ હતી જેના રજી. નં. તપાસતા જે જીજે ૧૩ સીબી ૦૬૯૫ વંચાયેલ હતો, સદર ગાડીનો ડ્રાઈવર સાઈડના દરવાજાનો કાચ તુટેલો નજરે પડેલ હતો તેમજ આસપાસના ઘરોના નળીયાની છતોમાં પણ પથ્થરોના ઘા આવવાના કારણે નળીયા તુટેલા જોવા મળેલ હતા, ઉપરોકત તમામ રતાશ પડતા ભુખરા ડાઘા ની પ્રાથમિક તપાસ કરતા રૂધીર અંગેની કસોટીનું પરીણામ સકારાત્મક મળેલ હતુ, આ સીવાય ઉપરોકત તમામ ડાઘાઓમાંથી કોટન સોપ તેમજ કંટ્રોલ સેમ્પલ ઘસી લેવા સુચન કરેલ હતુ. વધુમાં સદર સાહેદ એમ પણ જણાવે છે કે, અમોએ તપાસ કરનાર અધિકારીને જરૂરી સુચનાઓ આપેલ જે સુચનાઓ મે પરીક્ષણ અહેવાલમાં જણાવેલ, આ અંગે નો સ્થળ પરીક્ષણ અહેવાલ અમોએ અમારા હસ્તાક્ષરમાં તૈયાર કરેલો, મને અસલ પરીક્ષણ અહેવાલ બતાવવામાં આવે છે જે મારા હસ્તાક્ષરમાં છે જેમાં મારી સહી છે તેમ જણાવી આંક-૩૫ થી રજુ રાખેલ છે.

**૧૧/૧.** સદરહું સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે આંક-૩૫ વાળા સ્થળ પરીક્ષણ અહેવાલમાં બનાવની ટુંકી વિગત મે પોલીસ પાસેથી જાણેલી અને લખેલી, મે બનાવ વાળી જગ્યાએથી કોઈ ચીજવસ્તુ કબજે કરેલ હોય તેવુ બનેલ નથી.

**૧૨.** આ કામે ફરીયાદ પક્ષે બનાવના કામે ઈજા પામનાર/ફરીયાદી - હરેશભાઈ રમતુભાઈ પાંચીયા નાંઓએ તેમનાં આંક-૩૭ ના પુરાવામાં જણાવેલ છે કે, હું ચુલી ગામે રહુ છું અને પશુપાલનનો વ્યવસાય કરૂ છું, બનાવ શું બનેલો તેની મને ખબર નથી ધકકા-મુકકીમાં મને વાગેલુ જેથી મને સુરેન્દ્રનગર દવાખાને લઈ ગયેલા, આ ધકકા-મુકકીમાં મારા ભાઈ સંજયભાઈને પણ વાગેલુ તેને પણ દવાખાને લઈ ગયેલા, ત્યાં દવાખાને પોલીસ આવેલી કે કેમ તેની મને ખબર નથી, રશીયાદ સમાજના આગેવાનો એ આપેલી, ફરીયાદ બાબતે મને કાંઈ ખબર નથી, સમાજના આગેવાનોએ કોની સામે ફરીયાદ આપેલી તેની મને ખબર નથી હું સહી કરૂ છું, મને અસલ

ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે તેમ જણાવી પોતાની સહી ઓળખી બતાવી ફરીયાદ આંક–૩૮ થી રજુ રાખેલ છે અને એમ પણ જણાવે છે કે એવું બનેલ નથી કે હું આરોપીઓની વાડીએ લીમડો કાપતો હોય અને તે બાબતનું મનદુ:ખ રાખી આરોપીઓએ એકસંપ કરી મારી તથા મારા ભાઇ ઉપર હુમલો કરેલ અને ત્યારબાદ અમારા સમાજના લોકો ભેગા થઇ જતા સામસામે પથ્થરમારો અને હથીયારો લઇ ઝધડો થયેલ જેમાં મને તથા મારા ભાઇને ઈજાઓ થયેલી, મને અગર મારા ભાઇને હથીયારો વડે ઈજાઓ થયેલ ન હોય મને આવા કોઇ હથીયારો બતાવવામાં આવે તો પણ હું ઓળખી શકુ નહીં, આ કામે આરોપીઓ અમારા ગામના હોય હું તેઓને બનાવ પહેલાથી જ ઓળખુ છું આ સિવાય બીજી કોઈ રીતે ઓળખતો નથી.

**૧૨/૧.** સદરહુ બનાવના કામે ઈજા પામનાર/ફરીયાદીને ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રીએ હોસ્ટાઇલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતાં આ ફરીયાદીની જુબાની પરથી આંક–૩૮ થી રજુ ફરીયાદ માંહેની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન મળે તેવી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**૧૨/૨.** સદરહું બનાવના કામે ઈજા પામનાર/ફરીયાદીની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર ફરીયાદીએ એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે મે પોલીસને કાંઇ લખાવેલ નથી કે પોલીસે મને કાંઇ પંછેલ નથી, ફરીયાદ કોણે આપી તેની મને ખબર નથી, મને ધકકા મુકકીમાં ઈજા થયેલી, મે કોઇ વ્યકિતઓના હાથમાં હથીયારો જોયેલ હોય તેવું બનેલ નથી, મને કોઇ વ્યકિતઓએ ઈજા કરેલ હોય કે ગાળો બોલેલ હોય કે ધમકી આપેલ હોય તેવું બનેલ નથી, મે ડોકટરને કાંઇ લખાવેલ હોય તેવું બનેલ નથી.

**૧૩.** આ કામે ફરીયાદ પક્ષે બનાવના કામે ઈજા પામનાર સાહેદ – સંજયભાઇ રમતુભાઇ પાંચીયા નાંઓએ તેમનાં આંક–૩૯ ના પુરાવામાં જણાવેલ છે કે, હું ચુલી ગામે રહુ છું અને ખેતી કામ કરૂ છું, બનાવ શું બનેલો તેની મને ખબર નથી બનાવ વખતે હું મારા ધરે હતો મને કોઇ ઈજાઓ થયેલી નથી કે મે કોઇ સારવાર લીધેલી નથી, બનાવની ફરીયાદ થયેલી કે કેમ તેની મને ખબર નથી, હું આરોપીઓને ઓળખતો નથી અને એમ પણ જણાવે છે કે એવું બનેલ નથી કે મારો ભાઇ આરોપીઓની વાડીએ લીમડો કાપતો હોય

અને તે બાબતનું મનદુ:ખ રાખી આરોપીઓએ એકસંપ કરી મારા ભાઈને મારી તથા મારા ઉપર હુમલો કરેલ અને ત્યારબાદ અમારા સમાજના લોકો ભેગા થઈ જતા સામસામે પથ્થરમારો અને હથીયારો લઈ ઝઘડો થયેલ જેમાં મને તથા મારા ભાઈને ઈજાઓ થયેલી, મને અગર મારા ભાઈને હથીયારો વડે ઈજાઓ થયેલ ન હોય મને આવા કોઈ હથીયારો બતાવવામાં આવે તો પણ હું ઓળખી શકુ નહીં.

**૧૩/૧.** સદરહુ બનાવના કામે ઈજા પામનાર સાહેદને ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રીએ હોસ્ટાઈલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતાં આ સાહેદની જુબાની પરથી તેઓના પોલીસ રૂબરૂના નિવેદન માંહેની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન મળે તેવી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**૧૩/૨.** સદરહું સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે મે પોલીસને કાંઈ લખાવેલ નથી કે પોલીસે મને કાંઈ પુછેલ નથી, ફરીયાદ કોણે આપી તેની મને ખબર નથી, મે કોઈ વ્યકિતઓના હાથમાં હથીયારો જોયેલ હોય તેવું બનેલ નથી, મને કોઈ વ્યકિતઓએ ઈજા કરેલ હોય કે ગાળો બોલેલ હોય કે ધમકી આપેલ હોય તેવું બનેલ નથી.

**૧૪.** આ કામે ફરીયાદ પક્ષે સાહેદ–જીલાભાઈ વેલાભાઈ ભરવાડ નાંઓએ તેમનાં આંક–૪૦ ના પુરાવામાં જણાવેલ છે કે, હું ચુલી ગામે રહું છું અને ખેતી કામ કરૂ છું, બનાવ શું બનેલો તેની મને ખબર નથી બનાવ વખતે હું મારી વાડીએ હતો, બનાવમાં કોઈને વાગેલુ કે કેમ તેની મને ખબર નથી, પોલીસ અમારા ગામમાં આવેલી અને મારૂ નામ–સરનામુ પુછેલું, મે પોલીસને કાંઈ લખાવેલ નથી કે પોલીસે મને કાંઈ પુછેલ નથી, બનાવની ફરીયાદ થયેલી કે કેમ તેની મને ખબર નથી, હું આરોપીઓને ઓળખતો નથી.

**૧૪/૧.** સદરહુ સાહેદને ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રીએ હોસ્ટાઈલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ સાહેદની જુબાની પરથી તેઓના પોલીસ રૂબરૂના નિવેદન માંહેની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન મળે તેવી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**૧૪/૨.** સદરહું સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવુ

જણાવેલ છે કે, એ વાત ખરી છે કે મે પોલીસને કાંઇ લખાવેલ નથી કે પોલીસે મને કાંઇ પુછેલ નથી, ફરીયાદ કોણે આપી તેની મને ખબર નથી, મે કોઇ વ્યકિતઓના હાથમાં હથીયારો જોયેલ હોય તેવું બનેલ નથી, મને કોઇ વ્યકિતઓએ ઇજા કરેલ હોય કે ગાળો બોલેલ હોય કે ધમકી આપેલ હોય તેવું બનેલ નથી.

**૧૫.** આ કામે ફરીયાદ પક્ષે બનાવના કામે ઈજા પામનાર સાહેદ–વાલીબેન બુધાભાઇ પાંચીયા નાંઓએ તેમનાં આંક–૪૧ ના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ સમયે હું મારા પિયર ગયેલ હતી અને ધરે હાજર ન હતી ત્યારબાદ થોડા દિવસો પછી પોલીસવાળા અમારા ગામમાં આવેલા અને મને મારૂ નામ પુછેલુ આ સિવાય હું બીજુ કશુ જાણતી નથી કે મે પોલીસને કંઇ લખાવેલ નથી.

**૧૫/૧.** સદરહુ બનાવના કામે ઈજા પામનાર સાહેદને ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રીએ હોસ્ટાઇલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ સાહેદની જુબાની પરથી તેઓના પોલીસ રૂબરૂના નિવેદન માંહેની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન મળે તેવી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**૧૫/૨.** સદરહું બનાવના કામે ઈજા પામનાર સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઇ પુછેલુ નહીં કે મે પોલીસને કાંઇ લખાવેલ નથી.

**૧૬.** આ કામે ફરીયાદ પક્ષે બનાવના કામે ઈજા પામનાર સાહેદ–સુરેશભાઇ વાલાભાઇ પાંચીયા નાંઓએ તેમનાં આંક–૪૨ ના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ સમયે હું સીમમાં ગયેલ હતો અને ગાયો ભડકેલી જેથી ગાયએ મને પછાડી દેતા મને ઈજા થયેલી, આ સિવાય બીજો કોઈ બનાવ બનેલ નથી કે બનાવ બાબતે હું કશુ જાણતો નથી, બનાવમાં અમારે કોળી સમાજના માણસો સાથે ઝઘડો થયેલ હોય તેવુ બનેલ નથી, મને ટી.બી.દવાખાને લઇ ગયેલા હોય અને ત્યાં પોલીસવાળા આવેલા હોય અને મારી પુછપરછ કરેલી હોય તેવું બનેલ નથી, આરોપીઓ અમારા ગામના છે એટલે હું તેમને ઓળખુ

છું, મને કોઇ આરોપીઓએ કોઇ હથીયાર વડે ઇજા પહોંચાડેલ હોય તેવુ બનેલ નથી, મને કોઇ આરોપીઓ કે હથીયાર બતાવવામાં આવે તો તે રીતે હું ઓળખી શકુ નહીં.

**૧૬/૧.** સદરહુ બનાવના કામે ઇજા પામનાર સાહેદને ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રીએ હોસ્ટાઇલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ સાહેદની જુબાની પરથી તેઓના પોલીસ રૂબરૂના નિવેદન માંહેની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન મળે તેવી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**૧૬/૨.** સદરહું બનાવના કામે ઇજા પામનાર સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઇ પુછેલુ નહીં કે મે પોલીસને કાંઇ લખાવેલ નહીં.

**૧૭.** આ કામે ફરીયાદ પક્ષે બનાવના કામે ઇજા પામનાર સાહેદ–મુન્નાભાઇ વાલાભાઇ પાંચીયા નાંઓએ તેમનાં આંક–૪૩ ના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ સમયે હું હોન્ડા લઇને જતો હતો ત્યારે સ્લીપ થઇ જતા મને માથામાં પથ્થરો વાગેલો, આ સિવાય બીજો કોઇ બનાવ બનેલ નથી કે બનાવ બાબતે હું કશુ જાણતો નથી, બનાવમાં અમારે કોળી સમાજના માણસો સાથે ઝધડો થયેલ હોય તેવુ બનેલ નથી, મને ટી.બી.દવાખાને લઇ ગયેલા હોય અને ત્યાં પોલીસવાળા આવેલા હોય અને મારી પુછપરછ કરેલી હોય તેવું બનેલ નથી, આરોપીઓ અમારા ગામના છે એટલે હું તેમને ઓળખુ છું, મને કોઇ આરોપીઓએ કોઇ હથીયાર વડે ઇજા પહોંચાડેલ હોય તેવુ બનેલ નથી, મને કોઇ આરોપીઓ કે હથીયાર બતાવવામાં આવે તો તે રીતે હું ઓળખી શકુ નહીં.

**૧૭/૧.** સદરહુ બનાવના કામે ઇજા પામનાર સાહેદને ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રીએ હોસ્ટાઇલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ સાહેદની જુબાની પરથી તેઓના પોલીસ રૂબરૂના નિવેદન માંહેની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન મળે તેવી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**૧૭/૨.** સદરહું બનાવના કામે ઇજા પામનાર સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસે

મારૂ નામ–ઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઇ પુછેલુ નહીં કે મે પોલીસને કાંઇ લખાવેલ નહીં.

**૧૮.** આ કામે ફરીયાદ પક્ષે બનાવના કામે ઈજા પામનાર સાહેદ–બળદેવ ભાઈ અમરાભાઇ પાંચીયા નાંઓએ તેમનાં આંક–૪૪ ના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ સમયે હું મારી ઇકો ગાડી લઇને ગામમાંથી નીકળતો હતો ત્યારે અચાનક છોકરો આડો આવતા તેને બચાવતા મારી ગાડી એક ભીંત સાથે ભટકાયેલી એમા ગાડીનો કાચ કુટી ગયેલો અને મને માથામાં વાગેલુ, આ સિવાય બીજો કોઇ બનાવ બનેલ નથી કે બનાવ બાબતે હું કશુ જાણતો નથી, બનાવમાં અમારે કોળી સમાજના માણસો સાથે ઝઘડો થયેલ હોય તેવુ બનેલ નથી, મને ટી.બી.દવાખાને લઇ ગયેલા હોય અને ત્યાં પોલીસવાળા આવેલા હોય અને મારી પુછપરછ કરેલી હોય તેવું બનેલ નથી, આરોપીઓ અમારા ગામના છે એટલે હું તેમને ઓળખુ છું, મને કોઇ આરોપીઓએ કોઇ હથીયાર વડે ઇજા પહોંચાડેલ હોય તેવુ બનેલ નથી, મને કોઇ આરોપીઓ કે હથીયાર બતાવવામાં આવે તો તે રીતે હું ઓળખી શકુ નહીં.

**૧૮/૧.** સદરહુ બનાવના કામે ઈજા પામનાર સાહેદને ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રીએ હોસ્ટાઇલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ સાહેદની જુબાની પરથી તેઓના પોલીસ રૂબરૂના નિવેદન માંહેની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન મળે તેવી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**૧૮/૨.** સદરહું બનાવના કામે ઈજા પામનાર સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઇ પુછેલુ નહીં કે મે પોલીસને કાંઇ લખાવેલ નહીં.

**૧૯.** આ કામે ફરીયાદ પક્ષે બનાવના કામે ઈજા પામનાર સાહેદ–જાલાભાઇ રૈયાભાઇ ગમારા નાંઓએ તેમનાં આંક–૪૫ ના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ સમયે હું મારી ભેંસ દોહતો હતો અને ભેંસે મને પાટુ મારતા મને પગમાં વાગેલ અને પડી જતા પીઠના ભાગે વાગેલ જેથી પહેલા મે ધ્રાંગધ્રા અને ત્યારબાદ સુરેન્દ્રનગર દવાખાને સારવાર લીધેલી, આ સિવાય બીજો કોઇ

બનાવ બનેલ નથી કે બનાવ બાબતે હું કશુ જાણતો નથી, બનાવમાં અમારે કોળી સમાજના માણસો સાથે ઝધડો થયેલ હોય તેવુ બનેલ નથી, મને ટી.બી.દવાખાને લઇ ગયેલા હોય અને ત્યાં પોલીસવાળા આવેલા હોય અને મારી પુછપરછ કરેલી હોય તેવું બનેલ નથી, આરોપીઓ અમારા ગામના છે એટલે હું તેમને ઓળખુ છું, મને કોઇ આરોપીઓએ કોઇ હથીયાર વડે ઈજા પહોંચાડેલ હોય તેવુ બનેલ નથી, મને કોઇ આરોપીઓ કે હથીયાર બતાવવામાં આવે તો તે રીતે હું ઓળખી શકુ નહીં.

**૧૯/૧.** સદરહુ બનાવના કામે ઈજા પામનાર સાહેદને ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રીએ હોસ્ટાઇલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ સાહેદની જુબાની પરથી તેઓના પોલીસ રૂબરૂના નિવેદન માંહેની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન મળે તેવી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**૧૯/૨.** સદરહું બનાવના કામે ઈજા પામનાર સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઇ પુછેલુ નહીં કે મે પોલીસને કાંઇ લખાવેલ નહીં.

**૨૦.** આ કામે ફરીયાદ પક્ષે બનાવના કામે ઈજા પામનાર સાહેદ–મનુભાઇ નાનુભાઇ ગમારા નાંઓએ તેમનાં આંક–૪૬ ના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ સમયે હું માલઢોર લઇને સીમમાં ગયેલો અને તે વખતે ઢોરે મને પાડી દેતા મને ડાબા હાથના અંગુઠામાં પતરા જેવુ વાગેલુ જેથી પહેલા મે ધ્રાંગધ્રા અને ત્યારબાદ સુરેન્દ્રનગર દવાખાને સારવાર લીધેલી, આ સિવાય બીજો કોઇ બનાવ બનેલ નથી કે બનાવ બાબતે હું કશુ જાણતો નથી, બનાવમાં અમારે કોળી સમાજના માણસો સાથે ઝધડો થયેલ હોય તેવુ બનેલ નથી, મને ટી.બી.દવાખાને લઇ ગયેલા હોય અને ત્યાં પોલીસવાળા આવેલા હોય અને મારી પુછપરછ કરેલી હોય તેવું બનેલ નથી, આરોપીઓ અમારા ગામના છે એટલે હું તેમને ઓળખુ છું, મને કોઇ આરોપીઓએ કોઇ હથીયાર વડે ઈજા પહોંચાડેલ હોય તેવુ બનેલ નથી, મને કોઇ આરોપીઓ કે હથીયાર બતાવવામાં આવે તો તે રીતે હું ઓળખી શકુ નહીં.

**૨૦/૧.** સદરહુ બનાવના કામે ઈજા પામનાર સાહેદને ફરીયાદ પક્ષે વિ. એ.

પી. પી. શ્રીએ હોસ્ટાઇલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ સાહેદની જુબાની પરથી તેઓના પોલીસ રૂબરૂના નિવેદન માંહેની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન મળે તેવી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**૨૦/૨.** સદરહું બનાવના કામે ઈજા પામનાર સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઇ પુછેલુ નહીં કે મે પોલીસને કાંઇ લખાવેલ નહીં.

**૨૧.** આ કામે ફરીયાદ પક્ષે બનાવના કામે ઈજા પામનાર સાહેદ–કરમશી ભાઇ માત્રાભાઇ ગમારા નાંઓએ તેમનાં આંક–૪૭ ના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ સમયે હું માલઢોર લઇને સીમમાં ગયેલો અને તે વખતે ઢોરે મને પાડી દેતા મને ડાબા હાથના અંગુઠામાં પતરા જેવુ વાગેલુ જેથી પહેલા મે ધ્રાંગધ્રા અને ત્યારબાદ સુરેન્દ્રનગર દવાખાને સારવાર લીધેલી, આ સિવાય બીજો કોઇ બનાવ બનેલ નથી કે બનાવ બાબતે હું કશુ જાણતો નથી, બનાવમાં અમારે કોળી સમાજના માણસો સાથે ઝઘડો થયેલ હોય તેવુ બનેલ નથી, મને ટી.બી.દવાખાને લઇ ગયેલા હોય અને ત્યાં પોલીસવાળા આવેલા હોય અને મારી પુછપરછ કરેલી હોય તેવું બનેલ નથી, આરોપીઓ અમારા ગામના છે એટલે હું તેમને ઓળખુ છું, મને કોઇ આરોપીઓએ કોઇ હથીયાર વડે ઈજા પહોંચાડેલ હોય તેવુ બનેલ નથી, મને કોઇ આરોપીઓ કે હથીયાર બતાવવામાં આવે તો તે રીતે હું ઓળખી શકુ નહીં.

**૨૧/૧.** સદરહુ બનાવના કામે ઈજા પામનાર સાહેદને ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રીએ હોસ્ટાઇલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ સાહેદની જુબાની પરથી તેઓના પોલીસ રૂબરૂના નિવેદન માંહેની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન મળે તેવી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**૨૧/૨.** સદરહું બનાવના કામે ઈજા પામનાર સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઇ પુછેલુ નહીં કે મે પોલીસને કાંઇ લખાવેલ નહીં.

**૨૨.** આ કામે ફરીયાદ પક્ષે બનાવના કામે ઈજા પામનાર સાહેદ–કાનાભાઇ રેવાભાઇ પાંચીયા નાંઓએ તેમનાં આંક–૪૮ ના પુરાવામાં જણાવેલ છે કે, બનાવમાં હું અવેડાએ મારી ભેંસોને પાણી પાવા ગયેલો ત્યારે પગ લપસી જતા મને હોઠ ઉપર વાગેલુ જેમાંથી ખૂબ લોહી નીકળતુ હતુ જેથી મે પહેલા ધ્રાંગધ્રા અને ત્યારબાદ સુરેન્દ્રનગર દવાખાને સારવાર લીધેલી, આ સિવાય બીજો કોઈ બનાવ બનેલ નથી કે બનાવ બાબતે હું કશુ જાણતો નથી, બનાવમાં અમારે કોળી સમાજના માણસો સાથે ઝધડો થયેલ હોય તેવુ બનેલ નથી, મને ટી.બી.દવાખાને લઇ ગયેલા હોય અને ત્યાં પોલીસવાળા આવેલા હોય અને મારી પુછપરછ કરેલી હોય તેવું બનેલ નથી, આરોપીઓ અમારા ગામના છે એટલે હું તેમને ઓળખુ છું, મને કોઈ આરોપીઓએ કોઈ હથીયાર વડે ઈજા પહોંચાડેલ હોય તેવુ બનેલ નથી, મને કોઇ આરોપીઓ કે હથીયાર બતાવવામાં આવે તો તે રીતે હું ઓળખી શકુ નહીં.

**૨૨/૧.** સદરહુ બનાવના કામે ઈજા પામનાર સાહેદને ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રીએ હોસ્ટાઇલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ સાહેદની જુબાની પરથી તેઓના પોલીસ રૂબરૂના નિવેદન માંહેની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન મળે તેવી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**૨૨/૨.** સદરહું બનાવના કામે ઈજા પામનાર સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઇ પુછેલુ નહીં કે મે પોલીસને કાંઇ લખાવેલ નહીં.

**૨૩.** આ કામે ફરીયાદ પક્ષે બનાવના કામે ઈજા પામનાર સાહેદ–મેહુલભાઇ કાનાભાઇ પાંચીયા નાંઓએ તેમનાં આંક–૪૭ ના પુરાવામાં જણાવેલ છે કે, બનાવમાં હું સાયકલ લઈ જતો હતો ત્યારે પડી જતા મને માથામાં વાગેલુ જેમાંથી ખૂબ લોહી નીકળતુ હતુ જેથી મને પહેલા ધ્રાંગધ્રા અને ત્યારબાદ સુરેન્દ્રનગર દવાખાને સારવાર લીધેલી, આ સિવાય બીજો કોઈ બનાવ બનેલ નથી કે બનાવ બાબતે હું કશુ જાણતો નથી, બનાવમાં અમારે કોળી સમાજના માણસો સાથે ઝધડો થયેલ હોય તેવુ બનેલ નથી, મને ટી.બી.દવાખાને લઇ ગયેલા હોય અને ત્યાં પોલીસવાળા આવેલા હોય અને મારી પુછપરછ કરેલી

હોય તેવું બનેલ નથી, આરોપીઓ અમારા ગામના છે એટલે હું તેમને ઓળખુ છું, મને કોઇ આરોપીઓએ કોઇ હથીયાર વડે ઈજા પહોંચાડેલ હોય તેવુ બનેલ નથી, મને કોઇ આરોપીઓ કે હથીયાર બતાવવામાં આવે તો તે રીતે હું ઓળખી શકુ નહીં.

**૨૩/૧.** સદરહુ બનાવના કામે ઈજા પામનાર સાહેદને ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રીએ હોસ્ટાઇલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ સાહેદની જુબાની પરથી તેઓના પોલીસ રૂબરૂના નિવેદન માંહેની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન મળે તેવી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**૨૩/૨.** સદરહું બનાવના કામે ઈજા પામનાર સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસે મારૂ નામ-ઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઇ પુછેલુ નહીં કે મે પોલીસને કાંઇ લખાવેલ નહીં.

**૨૪.** આ કામે ફરીયાદ પક્ષે બનાવના કામે ઈજા પામનાર સાહેદ-રમતુભાઇ રેવાભાઇ પાંચીયા નાંઓએ તેમનાં આંક-૫૦ ના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ સમયે હું માલઢોર લઇને સીમમાં ગયેલો અને તે વખતે ઢોરે મને પાડી દેતા મને ડાબા હાથના અંગુઠામાં પતરા જેવુ વાગેલુ જેથી પહેલા મે ધ્રાંગધ્રા અને ત્યારબાદ સુરેન્દ્રનગર દવાખાને સારવાર લીધેલી, આ સિવાય બીજો કોઇ બનાવ બનેલ નથી કે બનાવ બાબતે હું કશુ જાણતો નથી, બનાવમાં અમારે કોળી સમાજના માણસો સાથે ઝઘડો થયેલ હોય તેવુ બનેલ નથી, મને ટી.બી.દવાખાને લઇ ગયેલા હોય અને ત્યાં પોલીસવાળા આવેલા હોય અને મારી પુછપરછ કરેલી હોય તેવું બનેલ નથી, આરોપીઓ અમારા ગામના છે એટલે હું તેમને ઓળખુ છું, મને કોઇ આરોપીઓએ કોઇ હથીયાર વડે ઈજા પહોંચાડેલ હોય તેવુ બનેલ નથી, મને કોઇ આરોપીઓ કે હથીયાર બતાવવામાં આવે તો તે રીતે હું ઓળખી શકુ નહીં.

**૨૪/૧.** સદરહુ બનાવના કામે ઈજા પામનાર સાહેદને ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રીએ હોસ્ટાઇલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ સાહેદની જુબાની પરથી તેઓના પોલીસ રૂબરૂના નિવેદન માંહેની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન મળે તેવી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**૨૪/૨.** સદરહું બનાવના કામે ઈજા પામનાર સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઇ પુછેલુ નહીં કે મે પોલીસને કાંઇ લખાવેલ નહીં.

**૨૫.** આ કામે ફરીયાદ પક્ષે સાહેદ–કુંવરાભાઇ નુંધાભાઇ ગમારા નાંઓએ તેમનાં આંક–૫૧ ના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ કેવી રીતે બનેલો તેની મને ખબર નથી કારણ કે હું બનાવ વખતે હાજર ન હતો, બનાવના થોડા દિવસ પછી પોલીસ આવેલી અને મને મારૂ નામ–સરનામુ પુછેલું, આરોપીઓ અમારા ગામના છે એટલે હું તેમને ઓળખુ છું.

**૨૫/૧.** સદરહુ સાહેદને ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રીએ હોસ્ટાઇલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ સાહેદની જુબાની પરથી તેઓના પોલીસ રૂબરૂના નિવેદન માંહેની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન મળે તેવી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**૨૫/૨.** સદરહું સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઇ પુછેલુ નહીં કે મે પોલીસને કાંઇ લખાવેલ નહીં.

**૨૬.** આ કામે ફરીયાદ પક્ષે સાહેદ–લાખાભાઈ રૈયાભાઇ ગમારા નાંઓએ તેમનાં આંક–૭૭ ના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ સમયે હું મારી વાડીએ હતો, બનાવ શું બનેલો તેની મને ખબર નથી, બનાવ બાદ પોલીસ વાળા આવેલા હોય અને મારી પુછપરછ કરેલી હોય તેવું બનેલ નથી, આરોપીઓ મારા ગામના છે એટલે હું તેમને ઓળખુ છું.

**૨૬/૧.** સદરહુ સાહેદને ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રીએ હોસ્ટાઇલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ સાહેદની જુબાની પરથી તેઓના પોલીસ રૂબરૂના નિવેદન માંહેની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન મળે તેવી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**૨૬/૨.** સદરહું સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સિવાય

બીજુ કાંઇ પુછેલુ નહીં કે મે પોલીસને કાંઇ લખાવેલ નહીં, મે કપડા પોલીસને આપેલા હોય તેવુ બનેલ નથી.

**૨૭.** આ કામે ફરીયાદ પક્ષે સાહેદ–ગોવિંદભાઇ પોપટભાઇ ગમારા નાંઓએ તેમનાં આંક–૭૮ ના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ સમયે હું મારી વાડીએ હતો, બનાવ શું બનેલો તેની મને ખબર નથી, બનાવ બાદ પોલીસ વાળા આવેલા હોય અને મારી પુછપરછ કરેલી હોય તેવું બનેલ નથી, આરોપીઓ મારા ગામના છે એટલે હું તેમને ઓળખુ છું.

**૨૭/૧.** સદરહુ સાહેદને ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રીએ હોસ્ટાઇલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ સાહેદની જુબાની પરથી તેઓના પોલીસ રૂબરૂના નિવેદન માંહેની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન મળે તેવી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**૨૭/૨.** સદરહું સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઇ પુછેલુ નહીં કે મે પોલીસને કાંઇ લખાવેલ નહીં.

**૨૮.** આ કામે ફરીયાદ પક્ષે સાહેદ–મુન્નાભાઇ કરમશીભાઇ ગમારા નાંઓએ તેમનાં આંક–૭૯ ના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ સમયે હું ઢોરા ચરાવવા માટે ગયેલો હતો, બનાવ શું બનેલો તેની મને ખબર નથી, બનાવ બાદ પોલીસ વાળા આવેલા હોય અને મારી પુછપરછ કરેલી હોય તેવું બનેલ નથી, આરોપીઓ મારા ગામના છે એટલે હું તેમને ઓળખુ છું.

**૨૮/૧.** સદરહુ સાહેદને ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રીએ હોસ્ટાઇલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ સાહેદની જુબાની પરથી તેઓના પોલીસ રૂબરૂના નિવેદન માંહેની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન મળે તેવી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**૨૮/૨.** સદરહું સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઇ પુછેલુ નહીં કે મે પોલીસને કાંઇ લખાવેલ નહીં.

૨૯. આ કામે ફરીયાદ પક્ષે સાહેદ–મફાભાઇ રૈયાભાઇ પાંચીયા નાંઓએ તેમનાં આંક–૮૧ ના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ સમયે હું કામ ઉપર ગયેલો હતો, બનાવ શું બનેલો તેની મને ખબર નથી, બનાવ બાદ પોલીસ વાળા આવેલા હોય અને મારી પુછપરછ કરેલી હોય તેવું બનેલ નથી.

૨૯/૧. સદરહુ સાહેદને ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રીએ હોસ્ટાઇલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ સાહેદની જુબાની પરથી તેઓના પોલીસ રૂબરૂના નિવેદન માંહેની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન મળે તેવી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

૨૯/૨. સદરહું સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઇ પુછેલુ નહીં કે મે પોલીસને કાંઇ લખાવેલ નહીં.

૩૦. આ કામે ફરીયાદ પક્ષે બનાવના કામે ઈજા પામનાર સાહેદોને સારવાર કરનાર મેડીકલ ઓફિસર સાહેદ – ડો. સુનીલકુમાર ગોવિંદભાઇ સુમેસરા નાંઓએ તેમનાં આંક–૩૯ ના પુરાવામાં જણાવેલ છે કે, ગઈ તારીખ : ૨૩/૦૧/૨૦૨૪ નાં રોજ અમો સરકારી હોસ્પીટલ – ધ્રાંગધ્રા ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ પર હતો ત્યારે સવારના ૦૯/૨૦ વાગ્યા આસપાસ ચુલી ગામના ઈજાગ્રસ્તો અમારી હોસ્પીટલમાં સારવાર માટે આવેલા, અમારી હોસ્પીટલમાં આવેલ દર્દી પૈકી બળદેવભાઇ અમરાભાઇ પાંચીયાનો એમ. એલ. સી. કેસ નંબર – ૬૨/૨૪ થી કાઢવામાં આવેલો જે આજરોજ હું મારી સાથે લાવેલ છું જે મારા હસ્તાક્ષરમાં છે તેમ જણાવી ઓળખી બતાવી આંક–૫૪ થી રજુ રાખેલ છે અને જણાવે છે કે, દર્દી–બળદેવભાઇ અમરાભાઇ પાંચીયાએ અમારા રૂબરૂ હીસ્ટ્રી લખાવેલ કે ''તેઓને અનિલભાઇ જીતાભાઇ તથા મુન્નાભાઇ સોંડાભાઇ તેમજ અન્ય વ્યકિતઓ ધ્વારા ચુલી મુકામે સવારે ૦૭/૩૦ વાગ્યે માર મારેલ છે'' તેઓને માથામાં ખોપડીની સાઇડના ભાગે ઈજા થયેલ હતી અને લોહીનો પ્રવાહ ચાલુ હતો, આ દર્દીને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે હાયર સેન્ટરમાં મોકલવામાં આવેલા હતાં. અમારી હોસ્પીટલમાં આવેલ દર્દી પૈકી સુરેશભાઇ વાલાભાઇ પાંચીયા નો એમ. એલ. સી. કેસ નંબર – ૬૩/૨૪ થી કાઢવામાં આવેલો જે આજરોજ હું મારી સાથે

લાવેલ છું જે મારા હસ્તાક્ષરમાં છે તેમ જણાવી ઓળખી બતાવી આંક–૫૫ થી રજુ રાખેલ છે અને જણાવે છે કે, દર્દી –સુરેશભાઇ વાલાભાઇ પાંચીયાએ અમારા રૂબરૂ હીસ્ટ્રી લખાવેલ કે ''તેઓને અનિલભાઇ જીતાભાઇ તથા મુન્નાભાઇ સોંડાભાઇ તેમજ અન્ય વ્યકિતઓ ધ્વારા ચુલી મુકામે સવારે ૦૭/૩૦ વાગ્યે માર મારેલ છે'' તેઓને માથામાં ખોપડીની સાઇડના ભાગે ઈજા થયેલ હતી અને લોહીનો પ્રવાહ ચાલુ હતો, આ દર્દીને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે હાયર સેન્ટરમાં મોકલવામાં આવેલા હતાં. અમારી હોસ્પીટલમાં આવેલ દર્દી પૈકી મનાભાઇ નાનુભાઇ ગમારા નો એમ.એલ.સી. કેસ નંબર – ૬૪/૨૪ થી કાઢવામાં આવેલો જે આજરોજ હું મારી સાથે લાવેલ છું જે મારા હસ્તાક્ષરમાં છે તેમ જણાવી ઓળખી બતાવી આંક–૫૬ થી રજુ રાખેલ છે અને જણાવે છે કે, દર્દી–મના ભાઇ નાનુભાઇ ગમારાએ અમારા રૂબરૂ હીસ્ટ્રી લખાવેલ કે ''તેઓને અનિલભાઇ જીતાભાઇ તથા મુન્નાભાઇ સોંડાભાઇ તેમજ અન્ય વ્યકિતઓ ધ્વારા ચુલી મુકામે સવારે ૦૭/૩૦ વાગ્યે માર મારેલ છે'' તેઓને ડાબા હાથમાં દુ:ખાવો હતો તથા ડાબા હાથની મુવમેન્ટ ઓછી થઇ ગયેલી હતી, આ દર્દીને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે હાયર સેન્ટરમાં મોકલવામાં આવેલા હતાં. અમારી હોસ્પીટલમાં આવેલ દર્દી પૈકી વાલીબેન બુધાભાઇ પાંચીયા નો એમ. એલ. સી. કેસ નંબર – ૬૫/૨૪ થી કાઢવામાં આવેલો જે આજરોજ હું મારી સાથે લાવેલ છું જે મારા હસ્તાક્ષરમાં છે તેમ જણાવી ઓળખી બતાવી આંક–૫૭ થી રજુ રાખેલ છે અને જણાવે છે કે, દર્દી –વાલીબેન બુધાભાઇ પાંચીયાએ અમારા રૂબરૂ હીસ્ટ્રી લખાવેલ કે ''તેઓને અનિલભાઇ જીતાભાઇ તથા મુન્નાભાઇ સોંડાભાઇ તેમજ અન્ય વ્યકિતઓ ધ્વારા ચુલી મુકામે સવારે ૦૭/૩૦ વાગ્યે માર મારેલ છે'' તેઓને માથામાં ખોપડીની સાઇડના ભાગે ઈજા થયેલ હતી અને લોહીનો પ્રવાહ ચાલુ હતો, આ દર્દીને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે હાયર સેન્ટરમાં મોકલવામાં આવેલા હતાં. અમારી હોસ્પીટલમાં આવેલ દર્દી પૈકી મુન્નાભાઇ વાલાભાઇ પાંચીયા નો એમ. એલ. સી. કેસ નંબર – ૬૬/૨૪ થી કાઢવામાં આવેલો જે આજરોજ હું મારી સાથે લાવેલ છું જે મારા હસ્તાક્ષરમાં છે તેમ જણાવી ઓળખી બતાવી આંક–૫૮ થી રજુ રાખેલ છે અને જણાવે છે કે, દર્દી –મુન્નાભાઇ વાલાભાઇ પાંચીયાએ

અમારા રૂબરૂ હીસ્ટ્રી લખાવેલ કે ''તેઓને અનિલભાઇ જીતાભાઇ તથા મુન્નાભાઇ સોંડાભાઇ તેમજ અન્ય વ્યકિતઓ ધ્વારા ચુલી મુકામે સવારે ૦૭/૩૦ વાગ્યે માર મારેલ છે'' તેઓને જમણી આંખે સોજો હતો તથા કપાળના ભાગે વાગેલુ હતુ તથા માથામાં ખોપડીની સાઇડના ભાગે ઇજા થયેલ હતી અને લોહીનો પ્રવાહ ચાલુ હતો, આ દર્દીને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે હાયર સેન્ટરમાં મોકલવામાં આવેલા હતાં. અમારી હોસ્પીટલમાં આવેલ દર્દી પૈકી મેહુલભાઇ કાનાભાઇ પાંચીયા નો એમ. એલ. સી. કેસ નંબર – ૭૨/૨૪ થી કાઢવામાં આવેલો જે આજરોજ હું મારી સાથે લાવેલ છું જે મારા હસ્તાક્ષરમાં છે તેમ જણાવી ઓળખી બતાવી આંક–૫૯ થી રજુ રાખેલ છે અને જણાવે છે કે, દર્દી –મેહુલભાઇ કાનાભાઇ પાંચીયાએ અમારા રૂબરૂ હીસ્ટ્રી લખાવેલ કે ''તેઓને અનિલભાઇ જીતાભાઇ તથા મુન્નાભાઇ સોંડાભાઇ તેમજ અન્ય વ્યકિતઓ ધ્વારા ચુલી મુકામે સવારે ૦૭/૩૦ વાગ્યે માર મારેલ છે'' તેઓને ૧.૫ થી ૨ સેમી. જેટલો અનિયમીત કાપેલા જેવા ધા ખોપડીની ડાબી બાજુએ પાછળની બાજુ હતો, આ દર્દીને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે હાયર સેન્ટરમાં મોકલવામાં આવેલા હતાં. અમારી હોસ્પીટલમાં આવેલ દર્દી પૈકી ઝાલાભાઇ રૈયાભાઇ ગમારા નો એમ.એલ.સી. કેસ નંબર – ૭૪/૨૪ થી કાઢવામાં આવેલો જે આજરોજ હું મારી સાથે લાવેલ છું જે મારા હસ્તાક્ષરમાં છે તેમ જણાવી ઓળખી બતાવી આંક–૬૦ થી રજુ રાખેલ છે અને જણાવે છે કે, દર્દી – ઝાલાભાઇ રૈયાભાઇ ગમારા નાંઓએ અમારા રૂબરૂ હીસ્ટ્રી લખાવેલ કે '' તેઓ ને અનિલભાઇ જીતાભાઇ તથા મુન્નાભાઇ સોંડાભાઇ તેમજ અન્ય વ્યકિતઓ ધ્વારા ચુલી મુકામે સવારે ૦૭/૩૦ વાગ્યે માર મારેલ છે'' તેઓને ડાબા ખભા ઉપર સોજો હતો તથા માથામાં ખોપડીની સાઇડના ભાગે ઇજા થયેલ હતી અને લોહીનો પ્રવાહ ચાલુ હતો, આ દર્દીને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે હાયર સેન્ટરમાં મોકલવામાં આવેલા હતાં. અમારી હોસ્પીટલમાં આવેલ દર્દી પૈકી કરમશીભાઇ માત્રાભાઇ ગમારા નો એમ.એલ.સી. કેસ નંબર – ૭૫/૨૪ થી કાઢવામાં આવેલો જે આજરોજ હું મારી સાથે લાવેલ છું જે મારા હસ્તાક્ષરમાં છે તેમ જણાવી ઓળખી બતાવી આંક–૬૧ થી રજુ રાખેલ છે અને જણાવે છે કે, દર્દી –કરમશીભાઇ માત્રાભાઇ ગમારાએ અમારા રૂબરૂ

હીસ્ટ્રી લખાવેલ કે ''તેઓને અનિલભાઈ જીતાભાઈ તથા મુન્નાભાઈ સોંડાભાઈ તેમજ અન્ય વ્યકિતઓ ધ્વારા ચુલી મુકામે સવારે ૦૭/૩૦ વાગ્યે માર મારેલ છે'' તેઓને પીઠમાં દુ:ખાવાની ફરીયાદ હતી તથા જમણા હાથના પંજા ઉપર સોજો હતો, આ દર્દીને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે હાયર સેન્ટરમાં મોકલવામાં આવેલા હતાં. અમારી હોસ્પીટલમાં આવેલ દર્દી પૈકી કાનાભાઈ રેવાભાઈ પાંચીયા નો એમ.એલ.સી. કેસ નંબર – ૭૬/એ/૨૪ થી કાઢવામાં આવેલો જે આજરોજ હું મારી સાથે લાવેલ છું જે મારા હસ્તાક્ષરમાં છે તેમ જણાવી ઓળખી બતાવી આંક–૬૨ થી રજુ રાખેલ છે અને જણાવે છે કે, દર્દી –કાનાભાઈ રેવાભાઈ પાંચીયાએ અમારા રૂબરૂ હીસ્ટ્રી લખાવેલ કે ''તેઓને અનિલભાઈ જીતાભાઈ તથા મુન્નાભાઈ સોંડાભાઈ તેમજ અન્ય વ્યકિતઓ ધ્વારા ચુલી મુકામે સવારે ૦૭/૩૦ વાગ્યે માર મારેલ છે'' તેઓને જમણા હાથની પહેલી આંગળીન ફ્રેકચર જણાતુ હતુ અને તેમાંથી લોહી વહેતુ હતુ, આ દર્દીને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે હાયર સેન્ટરમાં મોકલવામાં આવેલા હતાં. અમારી હોસ્પીટલમાં આવેલ દર્દી પૈકી રમતુભાઈ રેવાભાઈ પાંચીયા નો એમ.એલ.સી. કેસ નંબર – ૭૬/બી/૨૪ થી કાઢવામાં આવેલો જે આજરોજ હું મારી સાથે લાવેલ છું જે મારા હસ્તાક્ષર માં છે તેમ જણાવી ઓળખી બતાવી આંક–૬૩ થી રજુ રાખેલ છે અને જણાવે છે કે, દર્દી –રમતુભાઈ રેવાભાઈ પાંચીયાએ અમારા રૂબરૂ હીસ્ટ્રી લખાવેલ કે ''તેઓને અનિલભાઈ જીતાભાઈ તથા મુન્નાભાઈ સોંડાભાઈ તેમજ અન્ય વ્યકિતઓ ધ્વારા ચુલી મુકામે સવારે ૦૭/૩૦ વાગ્યે માર મારેલ છે'' તેઓને જમણા હાથમાં દુ:ખાવો અને સોજો હતો અને તેની મુવમેન્ટ ઓછી થઈ રહી હતી, આ દર્દીને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે હાયર સેન્ટરમાં મોકલવામાં આવેલા હતાં. વધુમાં સદર મેડીકલ ઓફિસર સાહેદ એમ પણ જણાવે છે કે ઉપરોકત તમામ દર્દીઓના સારવાર સર્ટીફિકેટ મેળવવા માટે ધ્રાંગધ્રા તાલુકા પી.એસ.આઈ. નાંઓએ યાદી મોકલેલી જે યાદી અન્વયે અમોએ મેડીકલ સર્ટીફિકેટ ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશનના જમાદાર પી. એમ. કાનાણી બકલ નં. ૫૯૦ વાળાને સોંપી આપેલા, મને કુલ–૧૦ મેડીકલ સર્ટીફિકેટો બતાવવામાં આવે છે જે તે જ આ સર્ટીફિકેટો છે જેમાં મારી સહી છે તેમ જણાવી પોતાની સહી ઓળખી બતાવી કુલ પાના–૧૦ સંયુકત

રીતે આંક–૬૪ થી રજુ રાખેલ છે, ઉપરોકત તમામ દર્દીઓને થયેલ ઈજાઓ સખત અને બોથડ પદાર્થથી થઇ શકે તેવી હતી.

**૩૦/૧.** સદરહું મેડીકલ ઓફિસર સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટ તપાસમાં સદર સાહેદે એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે આ દર્દીઓ સાથે બીજા ધણા બધા માણસો હતાં.

**૩૧.** આ કામે ફરીયાદ પક્ષે બનાવના કામે ઈજા પામનાર સાહેદોને સારવાર કરનાર મેડીકલ ઓફિસર સાહેદ – ડો. શીવરાજસિંહ રણજીતસિંહ ઝાલા નાંઓએ તેમનાં આંક–૬૫ ના પુરાવામાં જણાવેલ છે કે, ગઈ તારીખ : ૨૩/૦૧/૨૦૨૪ નાં રોજ અમો સી. યુ. શાહ હોસ્પીટલ – સુરેન્દ્રનગર ખાતે મેડીકલ ઓફીસર તરીકે અમારી ફરજ બજાવતા હતા તે દરમ્યાન ફરજ પર હાજર હતા ત્યારે દર્દીઓ ધ્રાંગધ્રા સરકારી હોસ્પીટલથી સારવાર લઇ વધુ સારવાર સારુ અમારી હોસ્પીટલમાં રીફર કરવામાં આવેલા. આ દર્દીઓ પૈકી દર્દી નામે – કાનાભાઇ દેવાભાઇ પાંચીયા, ઉ.વ. ૩૮ નાંઓ ૧૩/૧૭ વાગ્યે સારવાર સારુ આવતા તેઓનો અમારી હોસ્પીટલમાં એમ.એલ.સી. કેસ નં. ૧૮૧/૨૪ થી કાઢવામાં આવેલો, હું આજરોજ મારી સાથે અસલ એમ. એલ.સી. કેસ પેપર્સ લાવેલ છુ જે મારા હસ્તાક્ષરમાં છે જે હું ઓળખી બતાવુ છું તેમ જણાવી આંક–૬૬ થી રજુ રાખેલ છે અને જણાવે છે કે અમોએ દર્દીના લખાવ્યા મુજબની હીસ્ટ્રી લખી લઈ તેઓને સારવાર આપતા તેઓને ઈજા નં. (૧) ડાબી બાજુ ઉપરના હોઠના ભાગે કપાયેલો છુંદાયેલો ઘા ૩ x ૧ સેમીનો હતો, (૨) ડાબી બાજુ ઉપરના હોઠના અંદરના ભાગે કપાયેલો છુંદાયેલો ઘા ૪ x ૨ સેમીનો હતો, (૩) ડાબી બાજુ બાવળાના ભાગે સોજો હતો, (૪) ડાબી બાજુના ઉપરના બહારની તરફના દાંત (ઇન્સાઇઝર દાંત અને કેનાઇન દાંત) પડી ગયેલા હતા, આ દર્દીના માથાનો તથા મોઢાનો સીટી સ્કેન કરતા ડાબી બાજુના ઉપરના બહારની તરફના દાંત (ઇન્સાઇઝર દાંત અને કેનાઇન દાંત) ના સોકેટ ખાલી હતા તથા માથાની ઈજામાં કોઇ હેમરેજ જણાઇ આવેલ નહીં, આ ઈજાઓ ગંભીર અને તાજી હતી. આ દર્દીઓ પૈકી દર્દી નામે – વાલીબેન બુધાભાઈભાઈ પાંચીયા, ઉ.વ. ૪૦ નાંઓને સારવાર સારુ આવતા તેઓનો અમારી હોસ્પીટલમાં એમ.એલ.સી. કેસ નં. ૧૭૫/૨૪ થી કાઢવામાં

આવેલો, હું આજરોજ મારી સાથે અસલ એમ.એલ.સી. કેસ પેપર્સ લાવેલ છુ જે મારા હસ્તાક્ષરમાં છે જે હું ઓળખી બતાવુ છું તેમ જણાવી આંક–૬૭ થી રજુ રાખેલ છે અને જણાવે છે કે અમોએ દર્દીના લખાવ્યા મુજબની હીસ્ટ્રી લખી લઇ તેઓને સારવાર આપતા તેઓને ઈજા નં. (૧) કપાયેલો ઘા ૬ x ૧ સેમી નો જે ડાબી બાજુના કપાળના ઉપરના ભાગે હતો, (૨) ડાબા પગના ભાગે સોજો હતો અને ઉજરડો ૧ x ૧ સેમીનો હતો, આ દર્દીના માથાનો સીટી સ્કેન કરાવેલો જે નોર્મલ હતો, આ ઈજાઓ ગંભીર અને તાજી હતી. આ દર્દીઓ પૈકી દર્દી નામે – મેહુલભાઇ લાલભાઇ પાંચીયા, ઉ.વ. ૨૫ નાંઓને સારવાર સારુ આવતા તેઓનો અમારી હોસ્પીટલમાં એમ.એલ.સી. કેસ નં. ૧૭૭/૨૪ થી કાઢવામાં આવેલો, હું આજરોજ મારી સાથે અસલ એમ. એલ.સી. કેસ પેપર્સ લાવેલ છુ જે મારા હસ્તાક્ષરમાં છે જે હું ઓળખી બતાવુ છું તેમ જણાવી આંક–૬૮ થી રજુ રાખેલ છે અને જણાવે છે કે, અમોએ દર્દીના લખાવ્યા મુજબની હીસ્ટ્રી લખી લઇ તેઓને સારવાર આપતા તેઓને ઈજા નં. (૧) ઉજરડો ૨ x ૨ સેમી.નો જમણી બાજુની ઘુંટીના ઉપરના ભાગે હતો, (૨) ટાંકા લીધેલો ઘા ૨ સેમીનો જે ડાબી બાજુના ઓકસીપીટલ રીઝીયનમાં હતો, આ દર્દીના માથાનો તથા મોઢાનો સીટી સ્કેન કરાવેલો જે નોર્મલ હતો અને એકસ–રે પણ નોર્મલ હતો, આ ઈજાઓ ગંભીર અને તાજી હતી. આ દર્દીઓ પૈકી દર્દી નામે – મુન્નાભાઇ વાલાભાઇ પાંચીયા, ઉ.વ. ૩૦ નાંઓને સારવાર સારુ આવતા તેઓનો અમારી હોસ્પીટલમાં એમ.એલ.સી. કેસ નં. ૧૮૦/૨૪ થી કાઢવામાં આવેલો, હું આજરોજ મારી સાથે અસલ એમ.એલ.સી. કેસ પેપર્સ લાવેલ છુ જે મારા હસ્તાક્ષરમાં છે જે હું ઓળખી બતાવુ છું તેમ જણાવી આંક–૬૯ થી રજુ રાખેલ છે અને જણાવે છે કે, અમોએ દર્દીના લખાવ્યા મુજબની હીસ્ટ્રી લખી લઇ તેઓને સારવાર આપતા તેઓને ઈજા નં. (૧) ટાંકા લીધેલો ઘા પાંચ સેમીનો જે જમણી બાજુ કપાળના ભાગેથી પાછળ તરફ લંબાયેલો હતો, આ દર્દીના માથાનો તથા મોઢાનો સીટી સ્કેન કરાવેલો જેમાં માથાના ભાગે હેમરેજ જણાઇ આવેલ જે માથાની જમણી બાજુમાં હતુ અને માથાની જમણી બાજુના હાંડકાનું ફ્રેકચર જે જમણી બાજુના ફ્રન્ટલ સાઇનસની બંને દિવાલ અને આગળની દિવલ મેગ્ઝેલરી સાઇનસ સુધી હતુ અને જમણી બાજુ માથાની અંદરના ભાગે હવા

જોવા મળેલ, આ ઈજાઓ ગંભીર અને તાજી હતી. આ દર્દીઓ પૈકી દર્દી નામે – સુરેશભાઈ માલાભાઈ પાંચીયા, ઉ.વ. ૩૫ નાંઓ ને સારવાર સારુ આવતા તેઓનો અમારી હોસ્પીટલમાં એમ.એલ.સી. કેસ નં. ૧૭૬/૨૪ થી કાઢવામાં આવેલો, હું આજરોજ મારી સાથે અસલ એમ.એલ.સી. કેસ પેપર્સ લાવેલ છુ જે મારા હસ્તાક્ષરમાં છે જે હું ઓળખી બતાવુ છું તેમ જણાવી આંક–૭૦ થી રજુ રાખેલ છે અને જણાવે છે કે, અમોએ દર્દીના લખાવ્યા મુજબની હીસ્ટ્રી લખી લઈ તેઓને સારવાર આપતા તેઓને ઈજા નં. (૧) કપાયેલો ઘા ૫x૪ સેમીનો માથાની ડાબી બાજુ પરાઇટલ ઓકસીપટલ રીઝીયનમાં હતો, (૨) કપાયેલો ઘા ૨.૫x૦.૨૫ સેમીનો જે ડાબી બાજુના હાથના ઈન્ડેક્ષ ફીંગરના છેડા ભાગે હતો, (૩) ઉપરછલો કપાયેલો ઘા ૦.૫૦x૦.૨૫ સેમીનો ડાબા હાથની બીજી આંગળીમાં હતો, આ દર્દીના માથાનો તથા મોઢાનો સીટી સ્કેન કરાવેલો જે નોર્મલ હતો, આ ઈજાઓ ગંભીર અને તાજી હતી. આ દર્દીઓ પૈકી દર્દી નામે – બળદેવભાઈ અમરા ભાઈ ભરવાડ, ઉ.વ. ૪૦ નાંઓ ને વાગ્યે સારવાર સારુ આવતા તેઓનો અમારી હોસ્પીટલમાં એમ.એલ.સી. કેસ નં. ૧૭૪/૨૪ થી કાઢવામાં આવેલો, હું આજરોજ મારી સાથે અસલ એમ.એલ.સી. કેસ પેપર્સ લાવેલ છુ જે મારા હસ્તાક્ષરમાં છે જે હું ઓળખી બતાવુ છું તેમ જણાવી આંક–૭૧ થી રજુ રાખેલ છે અને જણાવે છે કે, અમોએ દર્દીના લખાવ્યા મુજબની હીસ્ટ્રી લખી લઈ તેઓને સારવાર આપતા તેઓને ઈજા નં. (૧) કપાયેલો છુંદાયેલો ઘા ૪x૧ સેમીનો જે માથાની જમણી બાજુના પેરીએટોટેમ્પોરર રીઝીયનમાં હતો, આ દર્દીના માથાનો તથા મોઢાનો સીટી સ્કેન કરાવેલો જેમાં માથાની જમણી બાજુ સોજો જોવા મળેલ, આ ઈજાઓ ગંભીર અને તાજી હતી. આ દર્દીઓ પૈકી દર્દી નામે – મનુભાઈ નાનુભાઈ ગમારા, ઉ.વ. ૪૦ નાંઓને સારવાર સારુ આવતા તેઓનો અમારી હોસ્પીટલમાં એમ.એલ.સી. કેસ નં. ૧૭૩/૨૪ થી કાઢવામાં આવેલો, હું આજરોજ મારી સાથે અસલ એમ. એલ. સી. કેસ પેપર્સ લાવેલ છુ જે મારા હસ્તાક્ષરમાં છે જે હું ઓળખી બતાવુ છું તેમ જણાવી આંક–૭૨ થી રજુ રાખેલ છે અને જણાવે છે કે, અમોએ દર્દીના લખાવ્યા મુજબની હીસ્ટ્રી લખી લઈ તેઓને સારવાર આપતા તેઓને ઈજા નં. (૧) કપાયેલો ઘા ૬x૨ સેમીનો ડાબી બાજુના અંગુઠાના નીચેના ભાગે

હતો. આ દર્દીને એકસ-રે મુજબ સાદી ઈજા હતી પરંતુ ઓર્થોપેડીક એક્સ્પર્ટનો ઓપીનીયન લેતા આ દર્દીને અંગુઠાનું ટેન્ડન કપાયેલુ હોય તેઓને પ્લાસ્ટીક સર્જરી માટેની સલાહ આપેલી પરંતુ દર્દી દાખલ થયેલ નહીં, આ ઈજાઓ ગંભીર અને તાજી હતી. આ દર્દીઓ પૈકી દર્દી નામે – રમતુભાઇ રેવાભાઇ પાંચીયા, ઉ.વ. ૩૫ નાંઓને સારવાર સારુ આવતા તેઓનો અમારી હોસ્પીટલમાં એમ.એલ.સી. કેસ નં. ૧૮૨/૨૪ થી કાઢવામાં આવેલ, હું આજરોજ મારી સાથે અસલ એમ.એલ.સી. કેસ પેપર્સ લાવેલ છુ જે મારા હસ્તાક્ષરમાં છે જે હું ઓળખી બતાવુ છું તેમ જણાવી આંક-૭૩ થી રજુ રાખેલ છે અને જણાવે છે કે, અમોએ દર્દીના લખાવ્યા મુજબની હીસ્ટ્રી લખી લઇ તેઓને સારવાર આપતા તેઓને ઈજા નં. (૧) કપાયેલો ઘા ૩.૫x૧.૨૫ સેમીનો જમણા હાથની ઈન્ડેક્ષ ફીંગરમાં હતો, (૨) કપાયેલો ઘા ૧.૨૫x ૦.૫૦ સેમીનો જમણી બાજુના હાથમાં બીજી અને ત્રીજી આંગળીના વચ્ચેના ભાગે હતો, (૩) કપાયેલો ઘા ૭x૬.૭૫ સેમીનો જમણા હાથની બીજી આંગળીના બેઝમાં હતો જે લંબાઇને જમણા હાથની પાંચમી આંગળી સુધી લંબાયેલો હતો, (૪) જમણા હાથના ખભાના ભાગે સોજો અને ઉજરડો ૫x૦.૫ સેમીનો હતો, આ દર્દીનો એકસ-રે કરાવતા જમણા હાથની ઈન્ડેક્ષ ફીંગરમાં પ્રોકઝીમર ફેલેન્સનું ફ્રેકચર હતુ, આ ઈજાઓ ગંભીર અને તાજી હતી. આ દર્દીઓ પૈકી દર્દી નામે – ઝાલાભાઇ રૈયાભાઇ ભરવાડ, ઉ.વ. ૩૫ નાંઓ ને સારવાર સારુ આવતા તેઓનો અમારી હોસ્પીટલમાં એમ.એલ.સી. કેસ નં. ૧૭૯/૨૪ થી કાઢવામાં આવેલો, હું આજરોજ મારી સાથે અસલ એમ.એલ.સી. કેસ પેપર્સ લાવેલ છુ જે મારા હસ્તાક્ષરમાં છે જે હું ઓળખી બતાવુ છું તેમ જણાવી આંક-૭૪ થી રજુ રાખેલ છે અને જણાવે છે કે, અમોએ દર્દીના લખાવ્યા મુજબની હીસ્ટ્રી લખી લઇ તેઓને સારવાર આપતા તેઓને ઈજા નં. (૧) ડાબા પગમાં સોજો હતો, (૨) જમણા ખભાના ભાગે લાલ ચકામુ હતુ, આ દર્દીનો એકસ-રે કરાવતા તે નોર્મલ હતો, આ ઈજાઓ ગંભીર અને તાજી હતી. આ દર્દીઓ પૈકી દર્દી નામે – કરમશીભાઇ માત્રાભાઇ ગમારા, ઉ.વ. ૬૦ નાંઓને સારવાર સારુ આવતા તેઓનો અમારી હોસ્પીટલમાં એમ.એલ.સી. કેસ નં. ૧૭૮/૨૪ થી કાઢવામાં આવેલો, હું આજરોજ મારી સાથે અસલ એમ.એલ.સી. કેસ પેપર્સ લાવેલ છુ જે મારા

હસ્તાક્ષરમાં છે જે હું ઓળખી બતાવુ છું તેમ જણાવી આંક–૭૫ થી રજુ રાખેલ છે અને જણાવે છે કે, અમોએ દર્દીના લખાવ્યા મુજબની હીસ્ટ્રી લખી લઇ તેઓને સારવાર આપતા તેઓને ઈજા નં. (૧) ડાબા હાથના પાછળના ભાગે પંકચર વુંડ હતો, (૨) જમણી બાજુ પાછળના ભાગે છાતીના વચ્ચેના ભાગે સોજો હતો, આ ઈજાઓ ગંભીર અને તાજી હતી. વધુમાં સદર મેડીકલ ઓફિસર સાહેદ જણાવે છે કે, મને કુલ–૧૦ મેડીકલ સર્ટીફિકેટો બતાવવામાં આવે છે જે તે જ આ સર્ટીફિકેટો છે જેમાં મારી સહી છે જે હું ઓળખી બતાવુ છું તેમ જણાવી કુલ પાના–૧૦ સંયુકત રીતે આંક–૭૬ થી રજુ રાખેલ છે, ઉપરોકત તમામ દર્દીઓને થયેલ ઈજાઓ સખત અને બોથડ પદાર્થથી તેમજ શાર્પ ઓબ્જેકટથી થઇ શકે તેવી હતી.

**૩૧/૧.** સદરહું મેડીકલ ઓફિસર સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે આ દર્દીઓ સાથે બીજા ધણા બધા માણસો હતાં, આ ઈજાઓ કયા માણસોએ કયા હથીયારથી કરેલી તેવી હકીકત હિસ્ટ્રીમાં જણાવેલી નથી, થોડી જગ્યામાં વધુ માણસો ભેગા થયેલ હોય અને દોડા દોડી થાય તો આ પ્રકારની ઈજા થઇ શકે અને સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે શાર્પ કટીંગ ઈજાઓ સિવાયની ઈજાઓ આ પ્રકારે થઇ શકે. વાહનમાં જતા હોય અને રોડ અકસ્માત થાય તો પણ આ પ્રકારની ઈજા ઓ થવાની સંભાવના રહેલી છે તેમ સ્વીકારે છે.

**૩૨.** આ કામે ફરીયાદ પક્ષે બનાવવાળી જગ્યાનું પંચનામું તથા મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું કરતા સમયે હાજર એવા પંચનામાના પંચ સાહેદો પૈકીના પંચ સાહેદ–ચમનભાઈ કાનાભાઈ નંદેસરીયા નાંઓએ તેમનો આંક–૮૨ થી પુરાવો રજુ રાખેલ છે જેમાં તેઓએ જણાવેલું છે કે, હું મારા કાકાને છોડાવવા માટે પોલીસ સ્ટેશને ગયેલો હતો તે વખતે ત્યાં હાજર પોલીસ વાળાએ મને સહી કરવાનું કહેતા મે એક કાગળમાં સહી કરી આપેલી આ સિવાય હું કશુ જાણતો નથી, મને અસલ પંચનામું બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૨ તરીકે મારી સહી છે તેમ જણાવી પોતાની સહી ઓળખી બતાવી આંક–૮૩ થી પંચનામુ રજુ રાખેલ છે તેમજ પંચ સાહેદ – અજય ઉર્ફે અજુ જુમાભાઇ માણેક નાંઓએ તેમનો આંક–૯૪ થી પુરાવો રજુ રાખેલ છે જેમાં

તેઓએ જણાવેલું છે કે, હું ધ્રાંગધ્રા પોલીસ સ્ટેશન પાસેથી નીકળતા પોલીસ વાળાએ મને સહી કરવાનું કહેતા મે એક કાગળમાં સહી કરી આપેલી આ સિવાય હું કશુ જાણતો નથી, મને આંક–૮૩ વાળુ પંચનામું બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૧ તરીકે મારી સહી છે તેમ જણાવી પંચનામા પરની પોતાની સહી ઓળખી બતાવે છે.

**૩૨/૧.** સદરહુ પંચ સાહેદોને ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રીએ હોસ્ટાઇલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ પંચ સાહેદોની જુબાની પરથી આંક–૮૩ થી રજુ બનાવવાળી જગ્યાનું પંચનામું તથા મુદ્દામાલ કબજે કર્યાના પંચનામા માંહેની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન મળે તેવી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**૩૨/૨.** સદરહું પંચસાહેદોની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર પંચ સાહેદે એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઇ પુછેલુ નહીં કે મે પોલીસને બીજુ કાંઇ લખાવેલ નહીં.

**૩૩.** આ કામે ફરીયાદ પક્ષે આરોપીઓને ગુનાનાં કામે અટક કરી મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું કરતા સમયે હાજર એવા પંચનામાના પંચ સાહેદો પૈકીના પંચ સાહેદ – યુનુશભાઇ હારૂનભાઇ માણેક નાંઓએ તેમનો આંક–૮૪ થી પુરાવો રજુ રાખેલ છે જેમાં તેઓએ જણાવેલું છે કે, હું ધ્રાંગધ્રા નાકે મારી રીક્ષાા લઇને બેઠો હતો તે વખતે પોલીસ વાળા એ મને સહી કરવાનું કહેતા મે સહી કરી આપેલી, આ સિવાય હું કશુ જાણતો નથી, મે સહી કરી ત્યારે મારી રૂબરૂમાં કોઇ ચાર આરોપીઓને પોલીસે ગુના ના કામે અટક કરી તેમના કપડા કબજે લઇ તેમની પાસેથી છરી તથા તલવાર અને બાવળનો ધોકો કબજે કરેલ હોય તેવુ બનેલ નથી, મને અસલ પંચનામું બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૨ તરીકે મારી સહી છે તેમ જણાવી પોતાની સહી ઓળખી બતાવી આંક–૮૫ થી આરોપીઓને ગુનાનાં કામે અટક કરી મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું રજુ રાખેલ છે તેમજ મારી રૂબરૂ આવા કોઇ આરોપીઓને અટક કરવામાં આવેલ ન હોય કે કોઇ કપડા કે હથીયાર કબજે કરવામાં આવેલ ન હોય જેથી મને આરોપીઓ કે મુદ્દામાલ કપડા તથા હથીયાર બતાવવામાં આવે તો પણ હું ઓળખી શકુ નહીં, મને મુદ્દામાલ

આર્ટીકલ નં. ૧ થી નં. ૮ સાથેની પંચ સ્લીપો બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૨ તરીકે મારી સહી છે તેમ જણાવી પોતાની સહી ઓળખી બતાવી આંક – ૮૬ થી આંક – ૯૩ દરમ્યાનમાં પંચ સ્લીપો રજુ રાખેલ છે તેમજ પંચ સાહેદ – શાનબાજભાઈ આસીફભાઈ મીર નાંઓએ તેમનો આંક–૧૩૪ થી પુરાવો રજુ રાખેલ છે જેમાં તેઓએ જણાવેલું છે કે હું ધ્રાંગધ્રા બજારમાં જતો હતો તે વખતે પોલીસ વાળા એ મને સહી કરવાનું કહેતા મે સહી કરી આપેલી આ સિવાય બીજુ હું કશુ જાણતો નથી, મે સહી કરી ત્યારે મારી રૂબરૂમાં કોઈ ચાર આરોપીઓને પોલીસે ગુનાના કામે અટક કરી તેમના કપડા કબજે લઈ તેમની પાસેથી છરી તથા તલવાર અને બાવળનો ધોકો કબજે કરેલ હોય તેવુ બનેલ નથી, મને આંક–૮૫ વાળુ અસલ પંચનામું બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૧ તરીકે મારી સહી છે તેમ જણાવી પોતાની સહી ઓળખી બતાવે છે તેમજ મારી રૂબરૂ આવા કોઈ આરોપીઓને અટક કરવામાં આવેલ ન હોય કે કોઈ કપડા કે હથીયાર કબજે કરવામાં આવેલ ન હોય જેથી મને આરોપીઓ કે મુદ્દામાલ કપડા તથા હથીયાર બતાવવામાં આવે તો પણ હું ઓળખી શકુ નહીં, મને મુદ્દામાલ આર્ટીકલ નં. ૧ થી નં. ૮ સાથેના આંક – ૮૬ થી આંક – ૯૩ વાળી પંચ સ્લીપો બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૧ તરીકે મારી સહી છે તેમ જણાવી પોતાની સહી ઓળખી બતાવે છે.

**૩૩/૧.** સદરહુ પંચ સાહેદોને ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રીએ હોસ્ટાઈલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ પંચ સાહેદોની જુબાની પરથી આંક–૮૫ થી રજુ આરોપીઓને ગુનાનાં કામે અટક કરી મુદ્દામાલ કબજે કર્યાના પંચનામા માંહેની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન મળે તેવી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**૩૩/૨.** સદરહુ પંચ સાહેદોની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર પંચ સાહેદોએ એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઈ પુછેલુ નહીં કે મે પોલીસને બીજુ કાંઈ લખાવેલ નહીં.

**૩૪.** આ કામે ફરીયાદ પક્ષે આરોપીઓને ગુનાનાં કામે અટક કરી મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું કરતા સમયે હાજર એવા પંચનામાના પંચ સાહેદો

પૈકીના પંચ સાહેદ – હરેશભાઈ ભરતભાઈ પલાણી નાંઓએ તેમનો આંક– ૧૦૧ થી પુરાવો રજુ રાખેલ છે જેમાં તેઓએ જણાવેલું છે કે, હું પોલીસ સ્ટેશન પાસેથી નીકળતો હતો તે વખતે પોલીસ વાળા એ મને સહી કરવાનું કહેતા મે સહી કરી આપેલી, આ સિવાય હું કશુ જાણતો નથી, મે સહી કરી ત્યારે મારી રૂબરૂમાં કોઇ આરોપીઓને પોલીસે ગુનાના કામે અટક કરી તેમના કપડા કબજે કરેલ હોય તેવુ બનેલ નથી, મને અસલ પંચનામું બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૨ તરીકે મારી સહી છે તેમ જણાવી પોતાની સહી ઓળખી બતાવી આંક–૧૦૨ થી આરોપીઓને ગુનાનાં કામે અટક કરી મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું રજુ રાખેલ છે તેમજ મારી રૂબરૂ આવા કોઇ આરોપીઓને અટક કરવામાં આવેલ ન હોય કે કોઇ કપડા  કબજે કરવામાં આવેલ ન હોય જેથી મને આરોપીઓ કે મુદ્દામાલ કપડા બતાવવામાં આવે તો પણ હું ઓળખી શકુ નહીં, મને મુદ્દામાલ આર્ટીકલ નં. ૨૯ તથા નં. ૩૦ સાથેની પંચ સ્લીપો બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૨ તરીકે મારી સહી છે તેમ જણાવી પોતાની સહી ઓળખી બતાવી આંક – ૧૦૩ તથા આંક – ૧૦૪ દરમ્યાનમાં પંચ સ્લીપો રજુ રાખેલ છે તેમજ પંચ સાહેદ – મુકેશભાઇ અરવિંદભાઇ રાઠોડ નાંઓએ તેમનો આંક–૧૦૫ થી પુરાવો રજુ રાખેલ છે જેમાં તેઓએ જણાવેલું છે કે હું ધ્રાંગધ્રા પોલીસ સ્ટેશને મારા કામેથી ગયેલો હતો તે વખતે પોલીસ વાળા એ મને સહી કરવાનું કહેતા મે સહી કરી આપેલી આ સિવાય બીજુ હું કશુ જાણતો નથી, મે સહી કરી ત્યારે મારી રૂબરૂમાં કોઇ ચાર આરોપીઓને પોલીસે ગુનાના કામે અટક કરી તેમના કપડા કબજે કરેલ હોય તેવુ બનેલ નથી, મને આંક–૧૦૨ વાળુ અસલ પંચનામું બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૧ તરીકે મારી સહી છે તેમ જણાવી પોતાની સહી ઓળખી બતાવે છે તેમજ મારી રૂબરૂ આવા કોઇ આરોપીઓને અટક કરવામાં આવેલ ન હોય કે કોઇ કપડા કબજે કરવામાં આવેલ ન હોય જેથી મને આરોપીઓ કે મુદ્દામાલ કપડા બતાવવામાં આવે તો પણ હું ઓળખી શકુ નહીં, મને મુદ્દામાલ આર્ટીકલ નં. ૧ થી નં. ૮ સાથેની આંક – ૧૦૩ તથા આંક – ૧૦૪ વાળી પંચ સ્લીપો બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૧ તરીકે મારી સહી છે તેમ જણાવી પોતાની સહી ઓળખી બતાવે છે.

**૩૪/૧.** સદરહુ પંચ સાહેદોને ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રીએ હોસ્ટાઇલ

જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ પંચ સાહેદોની જુબાની પરથી આંક–૧૦૨ થી રજુ આરોપીઓને ગુનાનાં કામે અટક કરી મુદ્દામાલ કબજે કર્યાના પંચનામા માંહેની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન મળે તેવી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**૩૪/૨.** સદરહુ પંચ સાહેદોની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર પંચ સાહેદોએ એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઇ પુછેલુ નહીં કે મે પોલીસને બીજુ કાંઇ લખાવેલ નહીં.

**૩૫.** આ કામે ફરીયાદ પક્ષે આરોપીઓને ગુનાનાં કામે અટક કરી મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું કરતા સમયે હાજર એવા પંચનામાના પંચ સાહેદો પૈકીના પંચ સાહેદ – પ્રહલાદ ભુપતભાઇ પુરબીયા નાંઓએ તેમનો આંક–૧૦૬ થી પુરાવો રજુ રાખેલ છે જેમાં તેઓએ જણાવેલું છે કે, હું પોલીસ સ્ટેશને મારા કામથી ગયેલો હતો તે વખતે પોલીસ વાળા એ મને સહી કરવાનું કહેતા મે સહી કરી આપેલી, આ સિવાય હું કશુ જાણતો નથી, મે સહી કરી ત્યારે મારી રૂબરૂમાં કોઇ આરોપીઓને પોલીસે ગુના ના કામે અટક કરી તેમના કપડા કબજે લઇ તેમની પાસેથી હથીયાર કબજે કરેલ હોય તેવુ બનેલ નથી, મને અસલ પંચનામું બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૧ તરીકે મારી સહી છે તેમ જણાવી પોતાની સહી ઓળખી બતાવી આંક–૧૦૭ થી આરોપીઓને ગુનાનાં કામે અટક કરી મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું રજુ રાખેલ છે તેમજ મારી રૂબરૂ આવા કોઇ આરોપીઓને અટક કરવામાં આવેલ ન હોય કે કોઇ કપડા કે હથીયાર કબજે કરવામાં આવેલ ન હોય જેથી મને આરોપીઓ કે મુદ્દામાલ કપડા તથા હથીયાર બતાવવામાં આવે તો પણ હું ઓળખી શકુ નહીં, મને મુદ્દામાલ આર્ટીકલ નં. ૨૩ થી નં. ૨૮ સાથેની પંચ સ્લીપો બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૧ તરીકે મારી સહી છે તેમ જણાવી પોતાની સહી ઓળખી બતાવી મુદ્દામાલ આર્ટીકલ નં. ૨૩ તથા નં. ૨૫ થી નં. ૨૮ અનુક્રમે આંક – ૧૦૮ થી આંક – ૧૧૨ દરમ્યાનમાં પંચ સ્લીપો રજુ રાખેલ છે તેમજ પંચ સાહેદ – પ્રદિપભાઇ મુકેશભાઇ રાઠોડ નાંઓ એ તેમનો આંક–૧૧૩ થી પુરાવો રજુ રાખેલ છે જેમાં તેઓએ જણાવેલું છે કે હું પોલીસ

સ્ટેશને મારા કામથી ગયેલો હતો તે વખતે પોલીસ વાળા એ મને સહી કરવાનું કહેતા મે સહી કરી આપેલી આ સિવાય બીજુ હું કશુ જાણતો નથી, મે સહી કરી ત્યારે મારી રૂબરૂમાં કોઇ આરોપીઓને પોલીસે ગુનાના કામે અટક કરી તેમના કપડા કબજે લઇ તેમની પાસેથી હથીયાર કબજે કરેલ હોય તેવુ બનેલ નથી, મને આંક–૧૦૭ વાળુ અસલ પંચનામું બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ર તરીકે મારી સહી છે તેમ જણાવી પોતાની સહી ઓળખી બતાવે છે તેમજ મારી રૂબરૂ આવા કોઇ આરોપીઓને અટક કરવામાં આવેલ ન હોય કે કોઇ કપડા કે હથીયાર કબજે કરવામાં આવેલ ન હોય જેથી મને આરોપીઓ કે મુદ્દામાલ કપડા તથા હથીયાર બતાવવામાં આવે તો પણ હું ઓળખી શકુ નહીં, મને મુદ્દામાલ આર્ટીકલ નં. ૨૩ થી નં. ૨૮ તથા આંક – ૧૦૮ થી આંક – ૧૧૨ વાળી પંચ સ્લીપો બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ર તરીકે મારી સહી છે તેમ જણાવી પોતાની સહી ઓળખી બતાવે છે.

**૩૫/૧.** સદરહુ પંચ સાહેદોને ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રીએ હોસ્ટાઇલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ પંચ સાહેદોની જુબાની પરથી આંક–૧૦૭ થી રજુ આરોપીઓને ગુનાનાં કામે અટક કરી મુદ્દામાલ કબજે કર્યાના પંચનામા માંહિની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન મળે તેવી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**૩૫/૨.** સદરહુ પંચ સાહેદોની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર પંચ સાહેદોએ એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઇ પુછેલુ નહીં કે મે પોલીસને બીજુ કાંઇ લખાવેલ નહીં.

**૩૬.** આ કામે ફરીયાદ પક્ષે આરોપીઓને ગુનાનાં કામે અટક કરી મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું કરતા સમયે હાજર એવા પંચનામાના પંચ સાહેદો પૈકીના પંચ સાહેદ – પ્રેમજીભાઇ ભીખાભાઇ સાબરીયા નાંઓએ તેમનો આંક–૧૧૬ થી પુરાવો રજુ રાખેલ છે જેમાં તેઓએ જણાવેલું છે કે, આજથી આશરે બે વર્ષ પહેલા હું સોલડી ગામે બસ સ્ટેન્ડે ઉભો હતો ત્યારે પોલીસ વાળાએ મને સહી કરવાનું કહેતા મે સહી કરી આપેલી, આ સિવાય હું કશુ જાણતો નથી, મે સહી કરી ત્યારે મારી રૂબરૂમાં કોઇ આરોપીઓને પોલીસે

ગુનાના કામે અટક કરી તેમની પાસેથી કપડા કબજે કરેલ હોય તેવુ બનેલ નથી, મે સહી કરી ત્યારે મારી સાથે બીજુ કોઇ હાજર ન હતું, મને અસલ પંચનામું બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૧ તરીકે મારી સહી છે તેમ જણાવી પોતાની સહી ઓળખી બતાવી આંક–૧૧૭ થી આરોપીઓને ગુનાનાં કામે અટક કરી મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું રજુ રાખેલ છે તેમજ મારી રૂબરૂ આવા કોઇ આરોપીઓને અટક કરવામાં આવેલ ન હોય કે કોઇ કપડા કબજે કરવામાં આવેલ ન હોય જેથી મને આરોપીઓ કે મુદ્દામાલ કપડા બતાવવામાં આવે તો પણ હું ઓળખી શકુ નહીં, મને મુદ્દામાલ આર્ટીકલ નં. ૯ થી નં. ૧૫ સાથેની પંચ સ્લીપો બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૧ તરીકે મારી સહી છે તેમ જણાવી પોતાની સહી ઓળખી બતાવી અનુક્રમે આંક – ૧૧૮ થી આંક – ૧૨૪ દરમ્યાનમાં પંચ સ્લીપો રજુ રાખેલ છે તેમજ પંચ સાહેદ – ગોપાલભાઇ ભલાભાઇ મેવાડા નાંઓએ તેમનો આંક–૧૩૫ થી પુરાવો રજુ રાખેલ છે જેમાં તેઓએ જણાવેલું છે કે આજથી આશરે બે વર્ષ પહેલા પોલીસે એક સહી કરાવેલી પરંતુ કયા કરાવેલી તેની મને ખબર નથી, આ સિવાય બીજુ હું કશુ જાણતો નથી, મે સહી કરી ત્યારે મારી રૂબરૂમાં કોઇ આરોપીઓને પોલીસે ગુનાના કામે અટક કરી તેમની પાસેથી કપડા કબજે કબજે કરેલ હોય તેવુ બનેલ નથી, મને આંક–૧૧૭ વાળુ અસલ પંચનામું બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૨ તરીકે મારી સહી છે તેમ જણાવી પોતાની સહી ઓળખી બતાવે છે તેમજ મારી રૂબરૂ આવા કોઇ આરોપીઓને અટક કરવામાં આવેલ ન હોય કે કોઇ કપડા કબજે કરવામાં આવેલ ન હોય જેથી મને આરોપીઓ કે મુદ્દામાલ કપડા બતાવવામાં આવે તો પણ હું ઓળખી શકુ નહીં, મને મુદ્દામાલ આર્ટીકલ નં. ૯ થી નં. ૧૫ સાથેની આંક – ૧૧૮ થી આંક–૧૨૪ વાળી પંચ સ્લીપો બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૨ તરીકે મારી સહી છે તેમ જણાવી પોતાની સહી ઓળખી બતાવે છે.

**૩૬/૧.** સદરહુ પંચ સાહેદોને ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રીએ હોસ્ટાઇલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ પંચ સાહેદોની જુબાની પરથી આંક–૧૧૭ થી રજુ આરોપીઓને ગુનાનાં કામે અટક કરી મુદ્દામાલ કબજે કર્યાના પંચનામા માંહેની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન મળે તેવી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**૩૬/૨.** સદરહુ પંચ સાહેદોની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર પંચ સાહેદોએ એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઇ પુછેલુ નહીં કે મે પોલીસને બીજુ કાંઇ લખાવેલ નહીં.

**૩૭.** આ કામમાં ફરીયાદ પક્ષે ફરીયાદીની ફરીયાદ નોંધનાર પી.એસ.ઓ. સાહેદ–જુબેદાબેન ગફારખાન પઠાણ નાંઓએ તેમનો આંક–૯૭ થી પુરાવો રજુ રાખેલ છે જેમાં તેઓએ જણાવેલું છે કે, અમો ગઈ તા. ૨૩/૦૧/૨૦૨૪ નાં રોજ ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશન ખાતે હે.કો. તરીકે અમારી ફરજ બજાવતા હતા તે દરમ્યાન તે દિવસે કલાક ૧૨/૦૦ થી ૨૦/૦૦ સુધી પી.એસ.ઓ. તરીકે ચાર્ઝમાં હતા તે દરમ્યાન પી.એસ.આઇ. એમ. એ. સૈયદ સાહેબ નાંઓએ પોતાના રૂબરૂની લીધેલ ફરીયાદ રીપોર્ટ સાથે દાખલ કરવા આપતા અમોએ આ ફરીયાદ ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશન ગુના રજી. નંબર : ૦૪૦/૨૦૨૪ ઈ. પી. કો. કલમ – ૩૦૭ વિગેરે મુજબનો ગુનો દાખલ કરી આગળની તપાસ ઇચા. પી.આઇ. આર. જે. જાડેજા સાહેબ નાંઓને સોંપેલ હતી, મને અસલ એફ.આઇ.આર. બતાવવામાં આવે છે જે હું ઓળખી બતાવુ છું તેમ જણાવી આંક–૯૮ થી રજુ રાખેલ છે, મને સુચિપત્ર બતાવવામાં આવે છે જેમાં નીચે મારા હસ્તાક્ષરમાં શેરો મારી સહી કરેલ છે જે હું ઓળખી બતાવુ છું તેમ જણાવી આંક–૯૯ થી રજુ રાખેલ છે અને જણાવે છે કે હું આજરોજ સ્ટેશન ડાયરી એન્ટ્રી નંબર – ૧૩/૨૪ ના ઉતારાની મારી સહીથી ખરીનકલ કરી મારી સાથે લાવેલ છું તેમ જણાવી આંક–૧૦૦ થી રજુ રાખેલ છે.
**૩૭/૧.** સદરહુ પી.એસ.ઓ. સાહેદની આરોપી પક્ષે ઉલટતપાસમાં કરવામાં આવતાં સદર સાહેદે જણાવેલ છે કે, એ વાત ખરી છે કે આ કામે આ ગુનાની લેખીત ફરીયાદ અમારી સમક્ષ રજુ થતા તે આધારે અમોએ ફરીયાદ રજીસ્ટર્ડ કરેલ છે તે સિવાય બીજી કોઇ કામગીરી કરેલ નથી.

**૩૮.** આ કામમાં ફરીયાદ પક્ષે ફરીયાદીની ફરીયાદ લેનાર સાહેદ– મહેબમીંયા આલમમીંયા સૈયદ નાંઓએ તેમનો આંક–૧૨૫ થી પુરાવો રજુ રાખેલ છે જેમાં તેઓએ જણાવેલું છે કે, અમો ગઇ તા. ૨૩/૦૧/૨૦૨૪ નાં

રોજ ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઇ. તરીકે અમારી ફરજ બજાવતા હતા તે દરમ્યાન ફરીયાદી – હરેશભાઇ રમતુભાઇ પાંચીયા, રહે. ચુલી, તા. ધ્રાંગધ્રા વાળા નાંઓ ફરીયાદ આપવા માટે આવતા તેઓના લખાવ્યા મુજબની ફરીયાદ કમ્પ્યુટરમાં ટાઇપ કરી પ્રિન્ટ કાઢી તેમને વાંચી સંભળાવી તેમાં તેઓને સહી મેળવી રૂબરૂ તરીકે મારી સહી કરી સુચિપત્ર સાથે પી.એસ.ઓ. ને ગુનો દાખલ કરવા માટે આપેલી મને આંક–૩૮ વાળી અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જે તે જ આ ફરીયાદ છે જેમાં મારી તથા ફરીયાદીની સહી છે જે હું ઓળખી બતાવુ છું. વધુમાં સાહેદ જણાવે છે કે, આ કામે ફરીયાદીએ મારી રૂબરૂની ફરીયાદમાં એવી હકીકત જાહેર કરેલ કે '' આજ રોજ સવારમાં હું મારા ઘરે થી અમારા બકરા માટે ચુલી ગામની સીમમાં ખાખરીયાના મારગે લીમડો લેવા માટે ગયેલો હતો અને સવારના સાડા સાતેક વાગ્યે હું ધીરાભાઇ મુળજીભાઇ પલાણી ની વાડીએ શેઢા ઉપર લીમડો કાપતો હતો અને ત્યાં પરેશભાઇ ધીરાભાઇ પલાણી અને તેની સાથે શક્તિભાઇ મુનાભાઇ પલાણી ત્યાં હાજર હતા અને તે મારી પાસે આવેલા અને શક્તિ ભાઇ મુનાભાઇ એ મને કહેલ કે તે લીમડો કોને પુછીને કાપ્યો તેમ કહેતા મે કહેલ કે આ લીમડો બાવળની વાડમાં હતો એટલે કાપુ છું તેમ કહેતા આ શક્તિ મુનાભાઇએ મને ભુંડાબોલી ગાળ આપેલી જેથી મે કહેલ કે મારે લીમડો નથી કાપવો મને જાવા દો તેમ કહેતા આ શક્તિભાઇ અને તેની પરેશભાઇ એ મને કહેલ કે તને ઘરે નથી જાવા દેવાનો તુ હવે મારી વાડીના શેઢાનો લીમડો લેવા આવ્યો તો જાનથી મારી નાખીશુ તેવી વાત કરતા મે મારા ભાઇ સંજયભાઇને ફોન કરેલ અને મે કહેલ કે હું ખાખરીયાના મારગે ધીરાભાઇ મુળજીભાઇની વાડીએ લીમડો પાડવા આવેલ છુ અને અહી મને પરેશભાઇ ધીરાભાઇ અને શક્તિભાઇ મુનાભાઇ મને માર મારવાનુ કહે છે તમે અહી આવો તેવી વાત કરેલી અને આ શક્તિભાઇએ કોઇ ને ફોન કરેલો અને થોડીવારે ત્યાં અનીલભાઇ જીતેન્દ્રભાઇ પલાણી અને નરેશભાઇ દીનાભાઇ પલાણ્રી અને મુકેશભાઇ અરજણભાઇ આ ત્રણેય જણા મોટર સાયકલ લઈને ત્યા આવેલા અને આ બધા માણસો મને ગાળો દેવા લાગેલા જેથી હું ત્યાથી મારૂ મોટર સાયકલ લઈને ત્યાથી નિકળી ગયેલો અને હું ગામમા ચરમાળિયા દાદાના મંદીર પાસે પહોચતા મારો ભાઇ સંજયભાઇ અને તેની સાથે મનાભાઇ

નાનુભાઈ તથા બળદેવભાઈ અમરાભાઈ તથા મેહુલભાઈ કાનાભાઈ આ લોકો મને મોટર સાયકલ લઈ ને સામા મળેલા અને અમો બધા અમારા ઘર પાસે જતા રહેલા હતા અને અમો બધા અમારા ઘર પાસે શેરીમા ઉભા હતા અને આ વખતે આશરે સાડા આઠેક વાગ્યાની આસપાસ પરેશભાઈ ધીરાભાઈ પલાણી પાસે છરી હતી અને શક્તિભાઈ મુનાભાઈ પલાણી પાસે સોરીયુ હતુ તથા અનીલભાઈ જીતેન્દ્રભાઈ પલાણી તેના હાથમા તલવાર લઈને અને નરેશભાઈ દીનાભાઈ પલાણી પાસે લાકડાનો ધોકો હતો અને મુકેશભાઈ અરજણભાઈ પલાણી પાસે તલવાર હતી તથા લાલાભાઈ સનાભાઈ પલાણી પાસે તલવાર હતી તથા મુનાભાઈ સોંડાભાઈ પલાણી તથા વિઠલભાઈ લખમણભાઈ પલાણી તથા કુલાભાઈ લખમણભાઈ પલાણી તથા ધરમસીભાઈ સીવાભાઈ પલાણી તથા મહેન્દ્રભાઈ જીતેન્દ્રભાઈ પલાણી આ બધા ભેગા મળીને અમે જે જગ્યાએ ઉભા હતા ત્યાં અમારી સાથે ઝગડો કરવાના ઈરાદે એકસંપ કરીને આવેલા અને ગાળો બોલવા લાગેલા અને પતાવી દો મારી નાખો એવુ બોલતા બોલતા અમો બધાને છુટા પથ્થરના ઘા કરવા લાગેલા આ વખતે દેકારો થવા લાગેલો જેથી અમારા ભરવાડ સમાજના ઘણાબધા માણસો ત્યાં આવી ગયેલા અને સામસામે પથ્થર મારો થવા લાગેલો અને બન્ને પક્ષના ટોળા ઝગડો કરવા લાગેલા આ વખતે મને ડાબા પગમા નરેશભાઈ દીનાભાઈએ ધોકાના બે ત્રણ ઘા મારી દીધેલા અને આ તમામ માણસો તેમની પાસેના હથીયારો વડે અમોને આ તમામ લોકો જાનથી મારી નાખવા ના ઈરાદે તલવાર અને ધોકા વડે આડેધડ મારવા લાગેલા હતા અને આ ઝગડો ચાલુ હતો આ વખતે પોલીસની ગાડી આવી ગયેલી અને બન્ને પક્ષના ટોળાને વેર વિખેર કરેલા અને આ ઝગડો બંધ થયેલ હતો અને આ જે ટોળુ અમને મારવા આવેલ તેમા રાહુલભાઈ જયેશભાઈ પલાણી તથા વિજયભાઈ જીતેન્દ્રભાઈ પલાણી તથા અરજણભાઈ કરશનભાઈ પલાણી તથા જીતેન્દ્રભાઈ કાનજીભાઈ પલાણી તથા પ્રકાશભાઈ શીવાભાઈ પલાણી તથા વિશાલભાઈ રાજેશભાઈ પલાણી પણ હતા અને આ ઝગડામા મારા પિતા રમતુભાઈ રેવાભાઈને હાથમા ઈજા થયેલ અને મનાભાઈ નાનુભાઈને હાથમા ઈજા થયેલી અને બળદેવભાઈ અમરાભાઈને માથામા ઈજા થયેલી તથા વાલીબેન બુધાભાઈ તથા કાનાભાઈ રેવાભાઈ તથા મુનાભાઈ વાલાભાઈ તથા

સુરેશભાઇ વાલાભાઇ તથા મેહુલભાઇ કાનાભાઇ તથા કરમસીભાઇ માત્રાભાઇ તથા પોપટભાઇ મેરાભાઇ તથા જાલાભાઇ રૈયાભાઇ આ બધાને નાની મોટી ઈજા થયેલ હતી અને આ બધાને ધ્રાંગધ્રા સરકારી દવાખાને લઈ ગયેલા અને મને પગના ભાગે અને મારા ભાઇ સંજયભાઇ ને માથામા સામાન્ય ઈજા થયેલ હોય અને અમો બન્ને ભાઈઓ દવાખાને ગયેલ નથી અને આ ઝગડામા અમારા સમાજના મહેશભાઈ વાલાભાઈ ગમારાની સેલેરીયો ગાડી તથા ટ્રેક્ટર તથા બળદેવભાઇ અમરાભાઈ ની ઈકો ગાડી બહાર શેરીમા પડેલ હતા તેમા પણ આ લોકોએ પથ્થરના ઘા તેમજ ધોકા મારી નુકશાન કરેલ છે અને આ મહેશભાઈ વાલાભાઈના મકાનમા ઢારીયાના સીમેન્ટના પતરા પણ પથ્થર મારી તોડી નાખેલ છે અને મને જાણવા મળેલ છે કે મારા પિતા અને અમારા બીજા માણસોને વધુ ઈજા થયેલ હોય જેથી તેમને સુરેન્દ્રનગર દવાખાને લઈ ગયેલ છે અને હું અહી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ કરવા આવેલ છુ તો આ તમામ લોકો સામે ધોરણસર થવા મારી ફરીયાદ છે. ''

**૩૮/૧.** સદરહુ ફરીયાદીની ફરીયાદ લેનાર સાહેદની આરોપી પક્ષે ઉલટ તપાસમાં કરવામાં આવતાં સદર સાહેદે જણાવેલ છે કે, એ વાત ખરી છે કે ફરીયાદ લીધા સિવાયની અન્ય કોઇ કામગીરી અમોએ આ ગુનાના કામે કરેલ નથી.

**૩૯.** આ કામમાં ફરીયાદ પક્ષે તપાસનીશ અમલદાર સાહેદ–રાજદિપસિંહ જયેન્દ્રસિંહ જાડેજા નાંઓએ તેમનો આંક–૧૩૧ થી પુરાવો રજુ રાખેલ છે જેમાં તેઓએ જણાવેલું છે કે, અમો ગઇ તા. ૨૩/૦૧/૨૦૨૪ નાં રોજ ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશનમાં ઇચા. પી.આઇ. તરીકે અમારી ફરજ બજાવતા હતા તે દરમ્યાન ફરીયાદી – હરેશભાઇ રમતુભાઇ પાંચીયા, રહે. ચુલી, તા. ધ્રાંગધ્રા વાળા નાંઓની ફરીયાદ પી.એસ.આઇ. એમ. એ. સૈયદ નાંઓએ તેઓના રૂબરૂની લઇ પી.એસ.ઓ. શ્રીએ ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૪૦/૨૪ થી ઇ. પી. કો. કલમ–૩૦૭ વિગેરે મુજબનો ગુનો રજીસ્ટર્ડ કરી આગળની તપાસ અમોને સોંપતા અમોએ તપાસ સંભાળી લીધેલીબાદ આ કામે સ્થાનિક જગ્યાનું પંચનામુ બે પંચો નામે – અજુભાઇ જુમાભાઇ તથા ચમનભાઇ કનાભાઇ નાંઓની હાજરીમાં કરી લઇ બનાવવાળી

જગ્યાએથી મળી આવેલ મુદ્દામાલ જેમાં ચપલ તથા એક પથ્થર તથા એક ટ્રેકટર તથા લોહીના ડાઘાઓના સેમ્પલો વિગેરે કબજે લીધેલુ, મને આંક-૮૩ વાળુ અસલ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં બંને પંચોની તથા રૂબરૂ તરીકે મારી સહી છે જે હું ઓળખી બતાવુ છું, મને મુદ્દામાલ આર્ટીકલ નંબર – ૨૦ વાળો પથ્થર તથા આર્ટીકલ નંબર – ૨૨ વાળા ચપલ બતાવવામાં આવે છે જે અમોએ પંચનામાની વિગતે કબજે કરેલ તે જ છે અને સદર મુદ્દામાલ સાથે લગાડેલી અસલ પંચ સ્લીપો મને બતાવવામાં આવે છે જેમાં બંને પંચોની તથા રૂબરૂ તરીકે મારી સહી છે જે હું ઓળખી બતાવુ છું તેમ જણાવી અનુક્રમે આંક-૧૩૨ અને આંક-૧૩૩ થી રજુ રાખેલ છે, ત્યારબાદ સદર ગુનાના કામે આરોપીઓને બે પંચો નામે – શાનબાજ આસીફ તથા યુનીસ ભાઈ હારૂનભાઈની હાજરીમાં અટક કરી આરોપીઓએ બનાવ વખતે પહેરેલ કપડા અને બનાવમાં ઉપયોગ કરેલ હથીયારો કબજે કરેલા, મને આંક-૮૫ વાળુ અસલ પંચનામુ બતાવવામાં આવે છે જે તે જ આ પંચનામુ છે, આ પંચનામા દરમ્યાન આરોપી – પરેશ ધીરુભાઈ પલાણીના આર્ટીકલ નંબર – ૧ વાળા કપડા અને અર્ટીકલ નંબર – ૨ વાળી છરી કબજે કરેલી તથા આરોપી – લાલજી છના પાસેથી આર્ટીકલ નંબર – ૩ વાળા કપડા તથા આર્ટીકલ નંબર – ૪ વાળી તલવાર કબજે લીધેલી તથા આરોપી – મુકેશ અરજણ પાસેથી આર્ટીકલ નંબર – ૫ વાળા કપડા તથા આર્ટીકલ નંબર – ૬ વાળી તલવાર કબજે લીધેલી તથા આરોપી – નરેશ દિનેશભાઈ પાસેથી આર્ટીકલ નંબર – ૭ વાળા કપડા તથા આર્ટીકલ નંબર – ૮ વાળો ધોકો કબજે લીધેલો અને આ તમામ આર્ટીકલ પંચો રૂબરૂ સીલ કરી તેમાં આંક-૮૬ થી આંક-૯૩ વાળી પંચ સ્લીપોમાં બે પંચોની તથા રૂબરૂ તરીકે મારી સહી કરેલ, આ પંચનામુ તથા પંચ સ્લીપો તથા મુદ્દામાલ આર્ટીકલ નંબર – ૧ થી ૮ તથા ચારેય આરોપીઓને હું ઓળખી બતાવુ છું જે તે જ છે, ત્યાર બાદ સદર ગુનાના કામે આરોપીઓને બે પંચો નામે-પ્રેમજીભાઈ ભીખાભાઈ સાબરીયા તથા ગોપાલભાઈ ભલાભાઈ મેવાડાની હાજરીમાં અટક કરી આરોપીઓએ બનાવ વખતે પહેરેલ કપડા કબજે કરેલા, મને આંક-૧૧૭ વાળુ અસલ પંચનામુ બતાવવામાં આવે છે જે તે જ આ પંચનામુ છે, આ પંચનામા દરમ્યાન આરોપી – કુલાભાઈ લક્ષ્મણભાઈ ના આર્ટીકલ નંબર –૯

વાળા કપડા કબજે કરેલા તથા આરોપી – ધરમશીભાઇ શીવાભાઇના આર્ટીકલ નંબર –૧૦ વાળા કપડા કબજે કરેલા તથા આરોપી – વિજયભાઇ ધરમશભાઈ ના આર્ટીકલ નંબર–૧૧ વાળા કપડા કબજે કરેલા તથા આરોપી – અરજણભાઈ કરશનભાઈના આર્ટીકલ નંબર –૧૨ વાળા કપડા કબજે કરેલા તથા આરોપી – પ્રકાશભાઇ શીવાભાઇના આર્ટીકલ નંબર – ૧૩ વાળા કપડા કબજે કરેલા તથા આરોપી – સંજયભાઇ ધીરુભાઇના આર્ટીકલ નંબર–૧૪ વાળા કપડા કબજે કરેલા તથા આરોપી – ઘનશ્યામભાઇ ધનજીભાઇના આર્ટીકલ નંબર–૧૫ વાળા કપડા કબજે કરેલા અને આ તમામ આર્ટીકલ પંચો રૂબરૂ સીલ કરી તેમાં આંક–૧૧૮ થી આંક–૧૨૪ વાળી પંચ સ્લીપોમાં બે પંચોની તથા રૂબરૂ તરીકે મારી સહી કરેલ, આ પંચનામુ તથા પંચ સ્લીપો તથા મુદ્દામાલ આર્ટીકલ નંબર – ૯ થી ૧૫ તથા સાતેય આરોપી ઓને હું ઓળખુ છું તેમ જણાવી આરોપીઓને ઓળખી બતાવે છે. વધુમાં સદર તપાસનીશ અમલદાર સાહેદ જણાવે છે કે, બાદ આ કામે અમારી તપાસ દરમ્યાન સાહેદ – સંજયભાઇ રમતુભાઇ પાંચીયા, સાહેદ – જીલાભાઇ વેલાભાઇ, સાહેદ – કુંવરાભાઇ નુંધાભાઇ ગમારા, સાહેદ – કરમશીભાઇ માત્રાભાઇ, સાહેદ – મુન્નાભાઇ વાલાભાઇ પાંચીયા, સાહેદ – બળદેવભાઇ અમરાભાઇ પાંચીયા, સાહેદ – ઝાલાભાઇ રૈયાભાઇ ગમારા, સાહેદ – વાલીબેન બુધાભાઇ પાંચીયા, સાહેદ – સુરેશભાઇ વાલાભાઇ પાંચીયા, સાહેદ – મનુભાઇ નાનુભાઇ ગમારા, સાહેદ – કાનાભાઇ રેવાભાઇ પાંચીયા, સાહેદ – મેહુલભાઇ કાનાભાઇ પાંચીયા તથા સાહેદ – મફાભાઇ રૈયાભાઇ ગમારા નાંઓનું નિવેદન તેઓના લખાવ્યા મુજબનું લખી લઇ તપાસના કામે સામેલ રાખેલ તેવી હકીકતો જણાવે છે. અંતમાં સદર ત.ક.અ. સાહેદે જણાવેલ છે કે, ત્યારબાદ આ કામે અમારી બદલી થતા આ કામેની આગળની તપાસ પી.એસ.આઇ. એન. એચ. ચુડાસમા નાંઓને સોંપેલી.

**૩૯/૧.** સદરહુ તપાસનીશ અમલદાર સાહેદની આરોપી પક્ષે ઉલટતપાસમાં કરવામાં આવેલ છે પરંતુ તે પરથી બચાવ પક્ષે/આરોપી પક્ષે મદદરૂપ થાય તેવી કોઇ જ હકીકતો રેકર્ડ પર આવતી નથી.

**૪૦.** આ કામમાં ફરીયાદ પક્ષે તપાસનીશ અમલદાર સાહેદ–નરેન્દ્રસિંહ

હનુભા ચુડાસમા નાંઓએ તેમનો આંક-૧૩૯ થી પુરાવો રજુ રાખેલ છે જેમાં તેઓએ જણાવેલું છે કે, અમો ગઇ તા. ૦૭/૦૨/૨૦૨૪ થી ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશનમાં ઈ/ચા. પી.આઈ. તરીકે અમારી ફરજ બજાવતા હતા તે દરમ્યાન ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૪૦/'૨૪ થી ઇ. પી. કો. કલમ – ૩૦૭ વિગેરે મુજબના ગુનાની તપાસ આર.જે.જાડેજા સંભાળતા હતા અને તેઓની બદલી થતા અમોને તપાસ સોંપવામાં આવેલી, મને એફ.એસ.એલ. રવાનગી સત્તા અંગેના પ્રમાણપત્ર સાથેની બતાવવામાં આવે છે જે રવાનગીમાં મારી સહી છે તથા સત્તા અંગેના પ્રમાણપત્રમાં નાયબ પોલીસ અધિક્ષકશ્રી, ધ્રાંગધ્રા ડીવીઝનની સહી છે જે હું ઓળખી બતાવુ છુ જે કુલ પાના-૨૩ સંયુકત રીતે આંક-૧૪૦ થી રજુ રાખી જણાવે છે કે, મને એકનોલેઝમેન્ટ બતાવવામાં આવે છે જે અમોએ આંક-૧૪૦ ની યાદીથી મોકલેલ મુદ્દામાલ એફ.એસ.એલ. ને મળી ગયા અંગેની છે જે અમોએ મેળવી તપાસના કામે સામેલ રાખેલ તે જ છે તેમ જણાવી આંક-૧૪૧ થી રજુ રાખી જણાવે છે કે, મને એફ.એસ.એલ. પરીક્ષણ અહેવાલ બતાવવામાં આવે છે જે અમોએ આંક-૧૪૦ ની રવાનગીથી મોકલેલ મુદ્દામાલનું એફ.એસ.એલ. ધ્વારા બાયોલોજી તથા સીરોલોજીકલ પરીક્ષણ કરી મોકલેલ પરીક્ષણ અહેવાલ છે જે અમોએ મેળવી તપાસના કામે સામેલ રાખેલ જે હું ઓળખી બતાવુ છું જે કુલ પાના-૬ સંયુકત રીતે આંક-૧૪૨ થી રજુ રાખી એમ પણ જણાવે છે કે જે તે વખતે બનાવવાળી જગ્યાનો નકશો કરવા માટે પોલીસ તરફથી યાદી પાઠવવામાં આવેલી જે નકશો ટી.ડી.ઓ. એ બે પાનામાં મોકલેલ જે હું રજુ કરુ છું જે કુલ પાના-૨ સંયુરત રીતે આંક-૧૪૩ થી રજુ રાખેલ છે. વધુમાં સદર ત.ક.અ. જણાવે છે કે, બનાવ વખતે ડી.એમ. સાહેબ શ્રીનું હથીયાર બંધીનું જાહેરેનામુ અમલમાં હતુ જે કુલ બે પાનાનું તપાસના કામે સામેલ રાખેલ છે મને બતાવવામાં આવે છે જે તે જ છે તેમ જણાવી આંક-૧૪૪ થી રજુ રાખી જણાવેલુ છે કે, સદર તપાસનીશ અમલદાર સાહેદ જણાવે છે કે, બાદ આ કામે અમારી તપાસ દરમ્યાન સાહેદ – લાખાભાઇ રૈયાભાઇ ગમારા, ગોવિંદભાઇ પોપટભાઇ ગમારા તથા સાહેદ – મુન્નાભાઇ કરમશીભાઇ ગમારા નાંઓનું નિવેદન તેઓના લખાવ્યા મુજબનું લખી લઇ તપાસના કામે સામેલ રાખેલ તેવી હકીકતો જણાવે છે. વધુમાં સદર ત.ક.અ.

એમ પણ જણાવે છે કે, મને આંક–૧૦૨ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે જે જે તે વખતના તાલુકા પી.એસ.આઇ. બી.એન.દિવાનનાંઓએ કરેલુ જે હું ઓળખુ છુ, મને આંક–૧૦૩ તથા આંક–૧૦૪ વાળી મુદ્દામાલ પાવતીઓ બતાવવામાં આવે છે જેમાં પી.એસ. આઇ. બી.એન.દિવાનની સહી છે જે હું ઓળખુ છુ, મને આંક–૧૦૭ વાળુ આરોપીનું અટક પંચનામુ બતાવવામાં આવે છે જે બે પંચોની હાજરીમાં બી. એન. દિવાને કરેલુ જેઓના હસ્તાક્ષર હું ઓળખુ છુ જે તે જ છે, મને આંક–૧૦૮ થી આંક–૧૧૨ સુધીની મુદ્દામાલ પાવતીઓ બતાવવામાં આવે છે જેમાં બી.એન.દિવાનની સહી છે જે હું ઓળખી બતાવુ છુ જે તે જ છે આ પંચનામા ઓ તેમજ પાવતીઓ મને કેસ પેપર્સ સાથે મળેલ અને જેનો અમોએ અભ્યાસ કરેલો, અમોએ આ કામે અટક પંચનામા કરેલા અને જરૂરી મુદ્દામાલ પંચનામાની વિગતે કબજે કરેલો અને આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલુ તેમ જણાવી આરોપીઓને ઓળખી બતાવે છે.

**૪૦/૧.** સદરહુ તપાસનીશ અમલદાર સાહેદની આરોપી પક્ષે ઉલટતપાસમાં કરવામાં આવેલ છે પરંતુ તે પરથી બચાવ પક્ષે/આરોપી પક્ષે મદદરૂપ થાય તેવી કોઇ જ હકીકતો રેકર્ડ પર આવતી નથી.

**<u>પુરાવાનું મુલ્યાંકન</u> ::–**

**૪૧.** આ કામે આરોપીઓની સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૩૩૮, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૪૨૭ તથા જી. પી. એકટની કલમ – ૧૩૫ મુજબના આક્ષેપીત ગુના સંબંધે તહોમતનામું ફરમાવવામાં આવેલ છે જે અનુસંધાને ફરીયાદ પક્ષ ધ્વારા આ કામે રેકર્ડ ઉપર પુરાવો લાવેલ છે તેમાં આંક–૩૮ થી ફરીયાદ રજુ થયેલી છે જે ફરીયાદ – હરેશભાઇ રમતુભાઇ પાંચીયા, રહે. ચુલી, તા. ધ્રાંગધ્રાનાંઓએ તા. ૨૩/૦૧/૨૦૨૪ નાં રોજના બનાવ સંબંધે તા. ૨૩/૦૧/૨૦૨૪ ના રોજ પી.આઇ. ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશનનાંઓ રૂબરૂ આપેલ છે જે આંક–૩૮ વાળી ફરીયાદની હકીકતો ધ્યાને લેતાં...

''આજરોજ તારીખ : ૨૩/૦૧/૨૦૨૪ સવારમાં હું મારા ધરેથી અમારા બકરા માટે ચુલી ગામની સીમમાં ખાખરીયાના મારગે લીમડો લેવા માટે ગયેલો

હતો અને સવારના સાડા સાતેક વાગ્યે હું ધીરાભાઇ મુળજીભાઇ પલાણીની વાડીએ શેઢા ઉપર લીમડો કાપતો હતો અને ત્યાં પરેશભાઇ ધીરાભાઇ પલાણી અને તેની સાથે શકિતભાઇ મુન્નાભાઇ પલાણી હાજર હતા અને તે મારી પાસે આવેલા અને શકિતભાઇ મુન્નાભાઇએ કહેલ કે તે લીમડો કોને પુછીને કાપ્યો તેમ કહેતા મે કહેલ કે આ લીમડો બાવળની વાડમાં હતો એટલે કાપુ છું તેમ કહેતા શકિત મુન્નાભાઇએ મને ભુંડાબોલી ગાળ આપેલી જેથી મે કહેલ કે મારે લીમડી નથી કાપવો મને જાવા દો તેમ કહેતા શકિતભાઇ અને તેની સાથેના પરેશભાઇ એ મને કહેલ કે તને ધરે નથી જાવા દેવાનો તું હવે મારી વાડીના શેઢાનો લીમડો લેવા આવ્યો તો જાનથી મારી નાંખીશુ તેવી વાત કરતા મે મારા ભાઇ સંચભાઇને ફોન કરેલ અને મે કહેલ કે હું ખાખરીયાના મારગે ધીરાભાઇ મુળજી ભાઇની વાડીએ લીમડો કાપવા આવેલ છું અને અહીં મને પરેશભાઇ ધીરાભાઇ અને શકિતભાઇ મુન્નાભાઇ માર મારવાનું કહે છે તમે અહીં આવો તેવી વાત કરેલી અને આ શકિતભાઇએ કોઇને ફોન કરેલો અને થોડીવારે ત્યાં અનીલભાઇ જીતેન્દ્રભાઇ પલાણી અને નરેશભાઇ દીનાભાઇ પલાણી અને મુકેશભાઇ અરજણભાઇ આ ત્રણેય જણા મોટર સાયકલ લઇને આવેલા અને આ બધા માણસો મને ગાળો દેવા લાગેલા જેથી હું ત્યાંથી મારૂ મોટર સાયકલ લઇને નિકળી ગયેલો અને હું ગામમાં ચરમાળીયા દાદાના મંદીર પાસે પહોંચતા મારો ભાઇ સંજયભાઇ અને તેની સાથે મનાભાઇ નાનુભાઇ તથા બળદેવભાઇ અમરાભાઇ તથા મેહુલભાઇ કાનાભાઇ આ લોકો મને મોટર સાયકલ લઇને સામા મળેલા અને અમો બધા અમારા ધર પાસે જતા રહેલા હતા અને અમો બધા અમારા ધર પાસે શેરીમાં ઉભા હતા અને આ વખતે આશરે સાડા આઠેક વાગ્યાની આસપાસ પરેશભાઇ ધીરાભાઇ પલાણી પાસે છરી હતી અને શકિતભાઇ મુન્નાભાઇ પલાણી પાસે સોરીયુ હતુ તથા અનીલ ભાઇ જીતેન્દ્રભાઇ પલાણી તેના હાથમાં તલવાર લઇને અને નરેશભાઇ દીના ભાઇ પલાણી પાસે લાકડાનો ધોકો હતો અને મુકેશભાઇ અરજણભાઇ પલાણી પાસે તલવાર હતી તથા લાલાભાઇ સનાભાઇ પલાણી પાસે તલવાર હતી તથા મુન્નાભાઇ સોંડાભાઇ પલાણી તથા વિઠૃલભાઇ લખમણભાઇ પલાણી તથા કુલાભાઇ લખમણભાઇ પલાણી તથા ધરમશીભાઇ શીવાભાઇ પલાણી તથા મહેન્દ્રભાઇ જીતેન્દ્રભાઇ પલાણી

આ બધા લોકો ભેગા મળીને અમે જે જગ્યાએ ઉભા હતા ત્યાં અમારી સાથે ઝધડો કરવાના ઈરાદે એકસંપ કરીને આવેલા અને ગાળો બોલવા લાગેલા અને પતાવી દો મારી નાંખો એવુ બોલતા બોલતા અમો બધાને છુટ્ટા પથ્થરના ધા કરવા લાગેલા આ વખતે દેકારો થવા લાગેલો જેથી અમારા ભરવાડ સમાજના ધણાન બધા માણસો ત્યાં આવી ગયેલા અને સામસામે પથ્થર મારો થવા લાગેલો અને બંને પક્ષના ટોળા ઝધડો કરવા લાગેલા આ વખતે મને ડાબા પગમાં નરેશભાઈ દીનાભાઈ એ ધોકાના બે–ત્રણ ધા મારી દીધેલા અને આ તમામ માણસો તેમની પાસેથી હથીયારો વડે અમોને જાનથી મારી નાંખવાના ઈરાદે તલવાર અને ધોકા વડે આડેધડ મારવા લાગેલા હતા અને આ ઝગડો ચાલુ હતો આ વખતે પોલીસની ગાડી આવી ગયેલી અને બંને પક્ષના ટોળાને વેરવિખેર કરેલા અને આ ઝગડો બંધ થયેલ હતો અને આ જે ટોળુ અમને મારવા આવેલ તેમાં રાહુલ ભાઈ જયેશભાઈ પલાણી તથા વિજયભાઈ જીતેન્દ્રભાઈ પલાણી તથા અરજણભાઈ કરશનભાઈ પલાણી તથા જીતેન્દ્રભાઈ કાનજીભાઈ પલાણી તથા પ્રકાશભાઈ શીવાભાઈ પલાણી તથા વિશાલભાઈ રાજેશભાઈ પલાણી પણ હતાં અને આ ઝધડામાં મારા પિતા રમતુભાઈ રેવાભાઈને હાથમાં ઈજા થયેલી અને મનાભાઈ નાનુભાઈને હાથમાં ઈજા થયેલી અને બળદેવભાઈ અમરાભાઈને માથામાં ઈજાઓ થયેલી તથા વાલીબેન બુધાભાઈ તથા કાનાભાઈ રેવાભાઈ તથા મુનાભાઈ વાલાભાઈ તથા સુરેશભાઈ વાલાભાઈ તથા મેહુલભાઈ કાનાભાઈ તથા કરમશીભાઈ માત્રાભાઈ તથા પોપટભાઈ મેરાભાઈ તથા જાલાભાઈ રૈયાભાઈ આ બધાને નાની–મોટી ઈજા થયેલ હતી અને આ બધાને ધ્રાંગધ્રા સરકારી દવાખાને લઈ ગયેલા અને મને પગના ભાગે અને મારા ભાઈ સંજયને માથામાં સામાન્ય ઈજા થયેલ હોય અને અમો બંને ભાઈઓ દવાખાને ગયેલ નથી અને આ ઝગડામાં અમારા સમાજના મહેશભાઈ વાલાભાઈ ગમારાની સેલેરીયો ગાડી તથા ટ્રેકટર તથા બળદેવભાઈ અમરા ભાઈની ઈકો ગાડી બહાર શેરીમાં પડેલ હતા તેમાં પણ આ લોકોએ પથ્થરના ધા તેમજ ધોકા મારી નુકશાન કરેલ અને આ મહેશભાઈ વાલાભાઈના મકાન માં ઢારીયાના સીમેન્ટના પતરા પણ પથ્થર મારી તોડી નાંખેલ છે અને મને જાણવા મળેલ છે કે મારા પિતા અને અમારા બીજા માણસોને વધુ ઈજા થયેલ હોય જેથી તેમને સુરેન્દ્રનગર દવાખાને લઇ

ગયેલ છે અને હું અહીં પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ કરવા આવેલ છું તો આ તમામ લોકો સામે ધોરણસર થવા મારી ફરીયાદ છે '' તેવી હકીકતો સાથેની ફરીયાદ હકીકત છે.

**૪૨.** આ હકીકતો સાથેસાથે આ તબકકે એ હકીકત પણ નોંધવી જરૂરી જણાય છે કે, આ કામે આંક–૩૮ ની ફરીયાદ હકીકતોએ બનાવના કામે ઈજા પામનાર / ફરીયાદી – હરેશભાઈ રમતુભાઈ પાંચીયા નાંઓને આરોપી – શકિતભાઈ મુન્નાભાઈએ ભુંડાબોલી ગાળ આપેલી જેથી ફરીયાદીએ મારે લરીમડો નથી કાપવો મને જાવા દો તેમ કહેતા આરોપી – શકિતભાઈ અને પરેશભાઈએ ફરીયાદીને કહેલ કે તને ધરે નથી જાવા દેવાનો તું હવે મારી વાડીના શેઢાનો લીમડો લેવા આવ્યો તો જાનથી મારી નાંખીશુ તેવી ધમકી આપેલ અને ફરીયાદીએ તેના ભાઈ સંજયભાઈને ફોનથી બનાવની જાણ કરેલ અને તમે અહીં આવો તેમ કહેલ અને આરોપી – શકિતભાઈએ કોઈને ફોન કરેલો અને થોડીવારે ત્યાં આરોપી – અનીલભાઈ જીતેન્દ્રભાઈ પલાણી અને નરેશભાઈ દીનાભાઈ પલાણી અને મુકેશભાઈ અરજણભાઈ આ ત્રણેય જણા મોટર સાયકલ લઈને આવેલા અને ફરીયાદીને ગાળો દેવા લાગેલા જેથી ફરીયાદી ત્યાંથી પોતાનું મોટર સાયકલ લઈને નિકળી ગયેલા અને ગામમાં ચરમાળીયા દાદાના મંદીર પાસે પહોંચતા તેમના ભાઈ સંજયભાઈ અને બીજા લોકો મોટર સાયકલ લઈને સામા મળેલા અને તેઓ બધા તેમના ધર પાસે જતા રહેલા હતા અને શેરીમાં ઉભા હતા ત્યારે આશરે સાડા આઠેક વાગ્યાની આસપાસ આરોપીઓ હથીયાર લઈ ભેગા મળીને ફરીયાદી/સાહેદો જે જગ્યા એ ઉભા હતા ત્યાં ઝધડો કરવાના ઈરાદે એકસંપ કરીને આવેલા અને ગાળો બોલવા લાગેલા અને પતાવી દો મારી નાંખો એવુ બોલતા બોલતા બધાને છુટ્ટા પથ્થરના ધા કરવા લાગેલા આ વખતે દેકારો થવા લાગેલો જેથી અમારા ભરવાડ સમાજના ધણા બધા માણસો ત્યાં આવી ગયેલા અને સામસામે પથ્થર મારો થવા લાગેલો અને બંને પક્ષના ટોળા ઝધડો કરવા લાગેલા આ વખતે ફરીયાદીને ડાબા પગમાં આરોપી – નરેશભાઈ દીનાભાઈ એ ધોકાના બે–ત્રણ ધા મારી દીધેલા અને આ તમામ આરોપીઓ તેમની પાસેથી હથીયારો વડે ફરીયાદીને જાનથી મારી નાંખવાના ઈરાદે તલવાર અને ધોકા

વડે આડેધડ મારવા લાગેલા હતા અને ફરીયાદીને પગના ભાગે અને ફરીયાદી ના ભાઈ સંજયને માથામાં સામાન્ય ઈજા થયેલ હોય અને તેઓ બંને ભાઈઓ દવાખાને ગયેલ નથી અને આ ઝગડામાં તેઓના સમાજના મહેશભાઈ વાલાભાઈ ગમારાની સેલેરીયો ગાડી તથા ટ્રેકટર, બળદેવભાઈ અમરાભાઈ ની ઈકો ગાડી બહાર શેરીમાં પડેલ હતા તેમાં પણ આરોપીઓએ પથ્થરના ઘા તેમજ ધોકા મારી નુકશાન કરેલ અને મહેશભાઈ વાલાભાઈના મકાનમાં ઢારીયાના સીમેન્ટના પતરા પણ પથ્થર મારી તોડી નાંખેલ છે તેવી હકીકતો છે પરંતુ ખુદ ફરીયાદી પોતાની આંક-૩૭ ની જુબાની દરમ્યાનમાં સરતપાસ ના ભાગે ધકકા-મુકકીમાં મને વાગેલુ એટલે સુરેન્દ્રનગર દવાખાને મને લઈ ગયેલા, મારા ભાઈ સંજયભાઈને પણ ધકકા-મુકકીમાં વાગેલુ અને તેને પણ દવાખાને લઈ ગયેલા તેવુ માત્ર જણાવેલ છે અને એમ પણ જણાવેલ છે કે ફરીયાદ સમાજના આગેવાનોએ આપેલી મને કાંઈ ખબર નથી, સમાજના આગેવાનોએ કોની સામે ફરીયાદ આપેલી તેની મને ખબર નથી તેમ જણાવી આંક-૩૮ ની ફરીયાદ પરની પોતાની ફરીયાદી તરીકેની સહી ઓળખી બતાવે છે અને તે સીવાયની હકીકતોનો ઈન્કાર કરેલો છે તેમજ સદર ફરીયાદી પોતાની ફરીયાદ હકીકતો માંહેની વિગતોનો પણ ઈન્કાર કરે છે અને બચાવ પક્ષે કરેલ ઉલટતપાસના ભાગે સ્વીકારે છે કે મે પોલીસને કાંઈ લખાવેલ નથી કે પોલીસે મને કાંઈ પુછેલ નથી, ફરીયાદ કોણે આપી તેની મને ખબર નથી, મને ધકકા-મુકકીમાં ઈજા થયેલી, મે કોઈ વ્યકિતઓના હાથમાં હથીયારો જોયેલ હોય તેવુ બનેલ નથી, મને કોઈ વ્યકતિઓએ ઈજા કરેલ હોય કે ગાળો આપેલ હોય કે ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી, મે ડોકટરને કાંઈ લખાવેલ હોય તેવુ બનેલ નથી. આમ, ફરીયાદી ખુદ ફરીયાદ પક્ષના કેસ તેમજ આંક-૩૮ થી રજુ ફરીયાદ હકીકતોને લેશમાત્ર પણ સર્મથન કરતા નથી.

તેજ રીતે બનાવના કામે ઈજા પામનાર સાહેદો તેમજ અન્ય સાહેદો પણ ફરીયાદ પક્ષના કેસની હકીકતોને લેશમાત્ર સર્મથન કરતા નથી અને ફરીયાદી એ પોતાની ફરીયાદ હકીકતમાં જણાવ્યા મુજબ બનાવના કામે ઈજા પામનાર સાહેદ-સંજયભાઈ રમતુભાઈ પાંચીયાનાંઓ આંક-૩૯ ના પુરાવા દરમ્યાન માં બનાવ વખતે હું મારા ઘરે હતો અને મને કોઈ ઈજાઓ થયેલી

નથી કે મે કોઈ સારવાર લીધેલ નથી તેવું માત્ર જણાવે છે અને બચાવ પક્ષે કરેલ ઉલટતપાસના ભાગે સ્વીકારે છે કે મે પોલીસને કાંઇ લખાવેલ નથી કે પોલીસે મને કાંઇ પુછેલ નથી, ફરીયાદ કોણે આપી તેની મને ખબર નથી, મે કોઇ વ્યકિતઓના હાથમાં હથીયારો જોયેલ હોય તેવુ બનેલ નથી, મને કોઇ વ્યકતિઓએ ઈજા કરેલ હોય કે ગાળો આપેલ હોય કે ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી.

તેમજ સાહેદ – જીલાભાઈ વેલાભાઈ નાં ઓએ તેમના આંક–૪૦ ના પુરાવામાં સરતપાસના ભાગે સ્પષ્ટપણે જણાવેલુ છે કે, બનાવ વખતે હું મારી વાડીએ હતો, પોલીસ અમારા ગામમાં આવેલી અને મારૂ નામ–સરનામુ પુછેલુ મે પોલીસને કાંઇ લખાવેલ નથી કે પોલીસે મને કાંઇ પુછેલ નથી તેવુ માત્ર જણાવે છે અને બચાવ પક્ષે કરેલ ઉલટતપાસના ભાગે સ્વીકારે છે કે મે પોલીસને કાંઇ લખાવેલ નથી કે પોલીસે મને કાંઇ પુછેલ નથી, ફરીયાદ કોણે આપી તેની મને ખબર નથી, મે કોઇ વ્યકિતઓના હાથમાં હથીયારો જોયેલ હોય તેવુ બનેલ નથી, મને કોઇ વ્યકતિઓએ ઈજા કરેલ હોય કે ગાળો આપેલ હોય કે ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી.

તેમજ સાહેદ – વાલીબેન બુધાભાઈ પાંચીયાનાંઓએ તેમના આંક–૪૧ ના પુરાવામાં સરતપાસના ભાગે સ્પષ્ટપણે જણાવેલુ છે કે, બનાવ સમયે હું મારા પીયર ગયેલ અને ધરે હાજર ન હતી ત્યારબાદ થોડા દિવસો પછી પોલીસવાળા અમારા ગામમાં આવેલા અને મને મારૂ નામ પુછેલુ મે પોલીસને કંઇ લખાવેલ નથી તેવુ માત્ર જણાવે છે અને બચાવ પક્ષે કરેલ ઉલટતપાસના ભાગે સ્વીકારે છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સીવાય બીજુ કાંઇ પુછેલ નથી કે મે પોલીસને કાંઇ લખાવેલ નહીં.

તેમજ સાહેદ – સુરેશભાઈ વાલાભાઈ પાંચીયાનાંઓએ તેમના આંક–૪ર ના પુરાવામાં સરતપાસના ભાગે સ્પષ્ટપણે જણાવેલુ છે કે, બનાવ સમયે હું સીમમાં ગયેલો ગાયો ભડકેલી જેથી મને પછાડી દેતા ઈજા થયેલી આ સીવાય બીજો કોઇ બનાવ બનેલ નથી તેવુ માત્ર જણાવે છે અને બચાવ પક્ષે કરેલ ઉલટતપાસના ભાગે સ્વીકારે છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સીવાય બીજુ કાંઇ પુછેલ નથી કે મે પોલીસને કાંઇ લખાવેલ નહીં.

તેમજ સાહેદ – મુન્નાભાઈ વાલાભાઈ પાંચીયાનાંઓએ તેમના આંક–

૪૩ ના પુરાવામાં સરતપાસના ભાગે સ્પષ્ટપણે જણાવેલુ છે કે, બનાવ સમયે હું હોન્ડા લઈ જતો હતો ત્યારે સ્લીપ થઈ જતા મને માણામાં મથ્થરો વાગેલો આ સીવાય બીજો કોઈ બનાવ બનેલ નથી તેવુ માત્ર જણાવે છે અને બચાવ પક્ષે કરેલ ઉલટતપાસના ભાગે સ્વીકારે છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સીવાય બીજુ કાંઇ પુછેલ નથી કે મે પોલીસને કાંઇ લખાવેલ નહીં.

તેમજ સાહેદ – બળદેવભાઈ અમરાભાઈ પાંચીયા નાંઓએ તેમના આંક–૪૪ ના પુરાવામાં સરતપાસના ભાગે સ્પષ્ટપણે જણાવેલુ છે કે, બનાવ સમયે હું મારી ઈકો ગાડી લઈને ગામમાંથી નીકળતો હતો ત્યારે અચાનક છોકરો આડો આવતા તેને બચાવતા મારી ગાડી એક ભીંત સાથે ભટકાયેલી એમા ગાડીનો કાચ ફુટી ગયેલો અને મને માથામાં વાગેલુ આ સીવાય બીજો કોઈ બનાવ બનેલ નથી તેવુ માત્ર જણાવે છે અને બચાવ પક્ષે કરેલ ઉલટતપાસના ભાગે સ્વીકારે છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સીવાય બીજુ કાંઇ પુછેલ નથી કે મે પોલીસને કાંઇ લખાવેલ નહીં.

તેમજ સાહેદ – જાલાભાઈ રૈયાભાઈ ગમારા નાંઓએ તેમના આંક–૪૫ ના પુરાવામાં સરતપાસના ભાગે સ્પષ્ટપણે જણાવેલુ છે કે, બનાવ સમયે હું મારી ભેંસ દોહતો હતો અને ભેંસે મને પાટુ મારતા મને પગમાં વાગેલ અને પડી જતા પીઠના ભાગે વાગેલ જેથી પહેલા મે ધ્રાંગધ્રા અને ત્યારબાદ સુ.નગર દવાખાને સારવાર લીધેલી આ સીવાય બીજો કોઈ બનાવ બનેલ નથી તેવુ માત્ર જણાવે છે અને બચાવ પક્ષે કરેલ ઉલટ તપાસના ભાગે સ્વીકારે છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સીવાય બીજુ કાંઇ પુછેલ નથી કે મે પોલીસને કાંઇ લખાવેલ નહીં.

તેમજ સાહેદ – મનુભાઈ નાનુભાઈ ગમારા નાંઓએ તેમના આંક–૪૬ ના પુરાવામાં સરતપાસના ભાગે સ્પષ્ટપણે જણાવેલુ છે કે, બનાવ સમયે હું માલઢોર લઈને સીમમાં ગયેલો અને તે વખતે ઢોરે મને પાડી દેતા મને ડાબા હાથના અંગુઠામાં પતરા જેવુ વાગેલુ જેથી પહેલા મે ધ્રાંગધ્રા અને ત્યારબાદ સુ.નગર દવાખાને સારવાર લીધેલી આ સીવાય બીજો કોઈ બનાવ બનેલ નથી તેવુ માત્ર જણાવે છે અને બચાવ પક્ષે કરેલ ઉલટતપાસના ભાગે સ્વીકારે છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સીવાય બીજુ કાંઇ પુછેલ નથી કે મે પોલીસને કાંઇ લખાવેલ નહીં.

તેમજ સાહેદ – કરમશીભાઈ માત્રાભાઈ ગમારા નાંઓએ તેમના આંક–૪૭ ના પુરાવામાં સરતપાસના ભાગે સ્પષ્ટપણે જણાવેલુ છે કે, બનાવ સમયે હું માલઢોર લઈને સીમમાં ગયેલો અને તે વખતે ઢોરે મને પાડી દેતા મને ડાબા હાથના અંગુઠામાં પતરા જેવુ વાગેલુ જેથી પહેલા મે ધ્રાંગધ્રા અને ત્યારબાદ સુ.નગર દવાખાને સારવાર લીધેલી આ સીવાય બીજો કોઈ બનાવ બનેલ નથી તેવુ માત્ર જણાવે છે અને બચાવ પક્ષે કરેલ ઉલટતપાસના ભાગે સ્વીકારે છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સીવાય બીજુ કાંઈ પુછેલ નથી કે મે પોલીસને કાંઈ લખાવેલ નહીં.

તેમજ સાહેદ – કાનાભાઈ રેવાભાઈ પાંચીયા નાંઓએ તેમના આંક–૪૮ ના પુરાવામાં સરતપાસના ભાગે સ્પષ્ટપણે જણાવેલુ છે કે, બનાવમાં હું અવેડાએ મારી ભેંસોને પાણી પાવા ગયેલો ત્યારે પગ લપસી જતા મને હોઠ ઉપર વાગેલુ જેમાંથી ખુબ લોહી નીકળતુ હતુ જેથી મે પહેલા ધ્રાંગધ્રા અને ત્યારબાદ સુ.નગર દવાખાને સારવાર લીધેલી આ સીવાય બીજો કોઈ બનાવ બનેલ નથી તેવુ માત્ર જણાવે છે અને બચાવ પક્ષે કરેલ ઉલટતપાસના ભાગે સ્વીકારે છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સીવાય બીજુ કાંઈ પુછેલ નથી કે મે પોલીસને કાંઈ લખાવેલ નહીં.

તેમજ સાહેદ – મેહુલભાઈ કાનાભાઈ પાંચીયા નાંઓએ તેમના આંક–૪૯ ના પુરાવામાં સરતપાસના ભાગે સ્પષ્ટપણે જણાવેલુ છે કે, બનાવમાં હું સાયકલ લઈ જતો હતો ત્યારે પડી જતા મને માથામાં વાગેલુ જેમાંથી ખુબ લઈોહી નીકળતુ હતુ જેથી મને પહેલા ધ્રાંગધ્રા અને ત્યારબાદ સુ.નગર દવાખાને સારવાર લીધેલી આ સીવાય બીજો કોઈ બનાવ બનેલ નથી તેવુ માત્ર જણાવે છે અને બચાવ પક્ષે કરેલ ઉલટતપાસના ભાગે સ્વીકારે છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સીવાય બીજુ કાંઈ પુછેલ નથી કે મે પોલીસને કાંઈ લખાવેલ નહીં.

તેમજ સાહેદ – રમતુભાઈ રેવાભાઈ પાંચીયા નાંઓએ તેમના આંક–૫૦ ના પુરાવામાં સરતપાસના ભાગે સ્પષ્ટપણે જણાવેલુ છે કે, બનાવ સમયે હું માલઢોર લઈને સીમમાં ગયેલો અને તે વખતે ઢોરે મને પાડી દેતા મને ડાબા હાથના અંગુઠામાં પતરા જેવુ વાગેલુ જેથી પહેલા મે ધ્રાંગધ્રા અને ત્યારબાદ સુ.નગર દવાખાને સારવાર લીધેલી આ સીવાય બીજો કોઈ બનાવ બનેલ

નથી તેવુ માત્ર જણાવે છે અને બચાવ પક્ષે કરેલ ઉલટતપાસના ભાગે સ્વીકારે છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સીવાય બીજુ કાંઇ પુછેલ નથી કે મે પોલીસને કાંઇ લખાવેલ નહીં.

તેમજ સાહેદ – કુંવરાભાઇ નુંધાભાઇ ગમારા નાંઓએ તેમના આંક–૫૧ ના પુરાવામાં સરતપાસના ભાગે સ્પષ્ટપણે જણાવેલુ છે કે, બનાવ વખતે હું હાજર ન હતો, બનાવના થોડા દિવસ પછી પોલીસ આવેલી અને મને મારૂ નામ–સરનામુ પુછેલુ તેવુ માત્ર જણાવે છે અને બચાવ પક્ષે કરેલ ઉલટતપાસના ભાગે સ્વીકારે છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સીવાય બીજુ કાંઇ પુછેલ નથી કે મે પોલીસને કાંઇ લખાવેલ નહીં.

તેમજ સાહેદ – લાખાભાઇ રૈયાભાઇ ગમારા નાંઓએ તેમના આંક–૭૭ ના પુરાવામાં સરતપાસના ભાગે સ્પષ્ટપણે જણાવેલુ છે કે, બનાવ સમયે હું મારી વાડીએ હતો, બનાવ બાદ પોલીસવાળા આવેલા હોય અને મારી પુછપરછ કરેલી હોય તેવુ બનેલ નથી તેમ માત્ર જણાવે છે અને બચાવ પક્ષે કરેલ ઉલટતપાસના ભાગે સ્વીકારે છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સીવાય બીજુ કાંઇ પુછેલ નથી કે મે પોલીસને કાંઇ લખાવેલ નહીં, મે કપડા પોલીસને આપેલા હોય તેવુ બનેલ નથી.

તેમજ સાહેદ – ગોવિંદભાઇ પોપટ ભાઇ ગમારા નાંઓએ તેમના આંક–૭૮ ના પુરાવામાં સરતપાસના ભાગે સ્પષ્ટપણે જણાવેલુ છે કે, બનાવ સમયે હું મારી વાડીએ હતો, બનાવ બાદ પોલીસવાળા આવેલા હોય અને મારી પુછપરછ કરેલી હોય તેવુ બનેલ નથી તેમ માત્ર જણાવે છે અને બચાવ પક્ષે કરેલ ઉલટતપાસના ભાગે સ્વીકારે છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સીવાય બીજુ કાંઇ પુછેલ નથી કે મે પોલીસને કાંઇ લખાવેલ નહીં.

તેમજ સાહેદ – મુન્નાભાઇ કરમશીભાઇ ગમારા નાંઓએ તેમના આંક–૭૯ ના પુરાવામાં સરતપાસના ભાગે સ્પષ્ટપણે જણાવેલુ છે કે, બનાવ સમયે હું ઢોરા ચરાવવા માટે ગયેલો હતો, બનાવ શું બનેલો તેની મને ખબર નથી, બનાવ બાદ પોલીસવાળા આવેલા હોય અને મારી પુછપરછ કરેલી હોય તેવુ બનેલ નથી તેમ માત્ર જણાવે છે અને બચાવ પક્ષે કરેલ ઉલટતપાસના ભાગે સ્વીકારે છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સીવાય બીજુ કાંઇ પુછેલ નથી કે મે પોલીસને કાંઇ લખાવેલ નહીં.

તેમજ સાહેદ – મફાભાઇ રૈયાભાઇ પાંચીયા નાંઓએ તેમના આંક– ૮૧ ના પુરાવા માં સરતપાસના ભાગે સ્પષ્ટપણે જણાવેલુ છે કે, બનાવ સમયે હું કામ :પર ગયેલો હતો, બનાવ શું બનેલો તેની મને ખબર નથી, બનાવ બાદ પોલીસ વાળા આવેલા હોય અને મારી પુછપરછ કરેલી હોય તેવુ બનેલ નથી તેમ માત્ર જણાવે છે અને બચાવ પક્ષે કરેલ ઉલટતપાસના ભાગે સ્વીકારે છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સીવાય બીજુ કાંઇ પુછેલ નથી કે મે પોલીસને કાંઇ લખાવેલ નહીં.

આમ, ઉપરોકત વિગતોએ બનાવના કામે ઇજા પામનાર ફરીયાદી / સાહેદો તેમજ અન્ય સાહેદો ફરીયાદ પક્ષના કેસની વિગતોને લેશ માત્ર પણ સર્મથન કરતા નથી અને હોસ્ટાઇલ જાહેર થયેલા છે તે જોતા સદર ફરીયાદી/સાહેદોની જુબાની ફરીયાદ પક્ષને મદદરૂપ થાય અને તે આધારે આરોપીઓને ગુનાનાં કામે તકસીરવાન ઠરાવી શકાય તેવા પ્રકારની જણાતી નથી.

**૭૪.** આ કામે બનાવના કામે ઇજા પામનાર ફરીયાદી/સાહેદોની સારવાર કરનાર મેડીકલ ઓફિસરશ્રીએ ઉકત વિગતે પોતાની અનુક્રમે આંક–૫૩ અને આંક–૬૫ ની જુબાની દરમ્યાનમાં તેઓની સમક્ષ ઇજા પામનાર નાંઓને લાવવામાં આવતા સારવાર આપેલાની હકીકતો જણાવી છે અને પોતાની જુબાની દરમ્યાનમાં મેડીકલ સર્ટીફિકેટ વિગેરે દસ્તાવેજો રજુ રાખેલા છે તે જોતાં બનાવના કામે ફરીયાદી / સાહેદોને ઇજા થયેલાનું રેકર્ડ પર આવે છે પરંતુ તે થકી હાલના આરોપીઓએ ફરીયાદી/સાહેદોને ઇજા કરેલ હોવા સંબંધે કોઇ જ ચોકકસ પુરાવો રેકર્ડે મોજુદ નથી તે જોતાં સદર મેડીકલ ઓફિસર સાહેદોની જુબાની ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવા પ્રકારની જણાય આવતી નથી.

**૭૫.** આ કામે ફરીયાદ પક્ષે બનાવવાળી જગ્યાના, ગુનાના કામે આરોપી ઓની મુદ્દામાલ સાથે અટક કર્યાના તેમજ બનાવ સમયે પહેરેલ કપડા કબજે લઇ આરોપીઓની ગુનાનાં કામે અટક કર્યાના પંચનામાના પંચસાહેદો એ સદર પંચનામા તેમજ પંચનામાની વિગતે કબજે લીધેલ મુદ્દામાલ આર્ટીકલ

પર લગાવેલ પંચોની સહીવાળી કાપલી પર પોતાની સહી હોવાનું જણાવેલ છે પરંતુ પંચનામાની વિગતો તેઓની હાજરીમાં લખવામાં આવેલ હોવા સંબંધે તેમજ પંચનામાની વિગતે કબજે લીધેલ મુદ્દામાલ આર્ટીકલ પર લગાવેલ પંચોની સહીવાળી કાપલી વાળો મુદ્દામાલ તેમની હાજરીમાં કબજે લેવામાં આવેલ હોવાની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન કરેલ નથી અને હોસ્ટાઇલ જાહેર થયેલા છે તે જોતાં સદર પંચનામાની હકીકતો પણ ફરીયાદ પક્ષ ધારાસર પુરાવાના કાયદાની જોગવાઈઓ મુજબ પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે.

**૪૬.** આ કામે ફરીયાદ પક્ષે બનાવવાળી જગ્યાનું સ્થળ નિરીક્ષણ કરનાર સાહેદને આંક–૩૪ થી તપાસેલા છે અને તેઓની જુબાની દરમ્યાનમાં સરતપાસના ભાગે વિગતે કરેલ કાર્યવાહીનું વર્ણન કરી આંક–૩૫ થી સ્થળ પરીક્ષણ અહેવાલ રજુ રાખેલ છે અને બચાવ પક્ષે કરેલ ઉલટતપાસના ભાગે કબુલ રાખેલ છે કે આંક–૩૫ ના અહેવાલમાં લખેલ બનાવની ટુંકી વિગત મે પોલીસ પાસેથી જાણેલી અને લખેલી – બનાવવાળી જગ્યાએથી કોઇ ચીજ વસ્તુ કબજે કરેલ હોય તેવુ બનેલ નથી. આમ, સદર સાહેદના કથનો તેમજ રજુ આંક–૩૫ વાળા સ્થળ પરીક્ષણ અહેવાલ પરથી એવી કોઇ જ બાબતો રેકર્ડે આવતી નથી કે જેથી કરી હાલના આ ગુનાના કામે હાલના આરોપીઓ ની સંડોવણી હોવાનું માની શકાય.

**૪૭.** આ કામે ફરીયાદ પક્ષે ફરીયાદીની ફરીયાદ આધારે એફ.આઇ.આર. નોંધનાર પી.એસ.ઓ. સાહેદે પોતાની આંક–૯૭ ની જુબાની દરમ્યાનમાં કરેલ કાર્યવાહીનુ વર્ણન સરતપાસના ભાગે કરેલ છે અને એફ.આઇ.આર. આંક–૯૮ થી, સુચીપત્ર આંક–૯૯ થી તેમજ સ્ટેશન ડાયરી એન્ટ્રી નં. ૧૩/ ૨૦૨૪ નો ઉતારો આંક–૧૦૦ થી રજુ રાખેલ છે અને સ્વીકારે છે કે ફરીયાદ અમારી સમક્ષ રજુ થતા તે આધારે અમોએ ફરીયાદ રજીસ્ટર્ડ કરેલી તે સીવાય બીજી કોઇ કામગીરી કરેલ નથી તેમજ ફરીયાદીની ફરીયાદ લેનાર સાહેદે પોતાની આંક–૧૨૫ ની જુબાની દરમ્યાનમાં સરતપાસના ભાગે કરેલ કાર્યવાહીનું વર્ણન કરેલ છે અને આંક–૩૮ ની ફરીયાદ હકીકતો દોહરાવી છે

એટલે કે ફરીયાદીએ ફરીયાદના કામે લખાવેલ તેમ જણાવે છે જયારે કે બચાવ પક્ષે કરેલ ઉલટતપાસના ભાગે સ્વીકારે છે કે ફરીયાદ લીધા સીવાય અન્ય કોઇ કામગીરી અમોએ કરેલ નથી.

૪૮. આ કામે ફરીયાદ પક્ષે તપાસનીશ અમલદાર સાહેદ – રાજદિપસિંહ જયેન્દ્રસિંહ જાડેજા નાંઓને આંક–૧૩૧ થી તેમજ તપાસનીશ અમલદાર સાહેદ – નરેન્દ્રસિંહ હનુભા ચુડાસમા નાંઓને આંક–૧૩૯ થી સોગંદ ઉપર તપાસતા સરતપાસના ભાગે ફરજના ભાગરૂપ કરેલ કાર્યવાહીનું વર્ણન કરતા કથનો કરી દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે તેમજ સરતપાસના ભાગે ફરીયાદી / સાહેદોએ તેઓના રૂબરૂ લખાવેલ હકીકતોનું વિગતે વર્ણન કરેલ છે.

૪૯. આમ, ઉપરોકત હકીકતોએ બનાવના કામે ઈજા પામનાર ફરીયાદી / સાહેદોને કોઇ હથીયારથી માર મારતા ઈજા થયેલી હોય અથવા તો હાલના આરોપીઓ પૈકી કોઇએ પણ કોઇપણ પ્રકારની ઈજા કરેલ હોય તેવુ રેકર્ડ પર આવતુ નથી તેમજ આરોપીઓએ ફરીયાદી સાહેદોને ગાળો આપી હોય કે જાનથી મારી નાંખવા ધમકી આપેલ હોય તેમજ આરોપીઓએ પથ્થરોના ધા કરતા સાહેદોના વાહનો તેમજ મકાનના ઢારીયાના સીમેન્ટના પતરાને કોઇ નુકશાન કરેલ હોય તેવી કોઇ જ બાબતો રેકર્ડે આવતી નથી તે જોતા સદર ફરીયાદ પક્ષે તપાસેલ ફરીયાદી/સાહેદો/પંચસાહેદો તેમજ મેડીકલ ઓફિસર અને પોલીસ સાહેદોની જુબાનીથી આરોપીઓને ગુનાનાં કામે તકસીરવાન ઠરાવી શકાય તેવી કોઇ જ ચોકકસ બાબતો પુરાવો રેકર્ડે આવતો નથી તેમજ ફરીયાદ પક્ષ સદર બાબતો સચોટ, સર્મથનકારી તેમજ વિશ્વસનીય અને માનવાલાયક પુરાવો રજુ રાખી પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ રહેલ છે.

<u>મુદ્દા નંબર–૩</u> ::–

**૫૦.** આ કામે ફરીયાદ પક્ષ ધ્વારા તપાસનીશ અમલદાર સાહેદની જુબાની દરમ્યાનમાં હથીયારબંધીનું જાહેરનામુ આંક–૧૪૪ થી રજુ રાખેલ છે તે માંહેની હકીકતો વંચાણે લેતાં બનાવ તારીખે, સમયે અને સ્થળે હથીયારબંધી

નું જાહેરનામું અમલમાં હોવાનું રેકર્ડ પર આવે છે પરંતુ ઉપરોકત હકીકતોએ રજુ પુરાવાઓના પ્રકાશમાં જોતાં આ કામના આરોપીઓએ બનાવ તારીખે, સમયે અને સ્થળે કોઇ હથીયારો ધારણ કરેલા હોય અને તેમ કરી હથીયાર બંધીના જાહેરનામાનો ભંગ કરેલ હોય તેવી કોઇ જ હકીકત રેકર્ડ પર આવેલી નથી તેવા સંજોગોમાં સદર જાહેરનામું અમલમાં હોઇ છતાં તેનો ભંગ કરી આરોપીઓએ જીવલેણ મારક હથીયારો ધારણ કરેલ હોવાનું માની શકાય તેમ નથી.

**૫૧.** આમ, સમગ્ર રેકર્ડ ઉપરના પુરાવાની કરેલ ચર્ચાની હકીકતોએ ફરીયાદ પક્ષ હાલના આરોપીઓની વિરૂધ્ધ ગઇ તારીખ : ૨૩/૦૧/૨૦૨૪ નાં રોજ ફરીયાદી – હરેશભાઇ રમતુભાઇ પાંચીયા જાતે–ભરવાડ તેમના ઘરેથી તેમના બકરા માટે ચુલી ગામની સીમમાં ખાખરીયાના મારગે લીમડો લેવા ગયેલા અને સવારના સાડા સાતેક વાગ્યે તેઓ આરોપી–ધીરાભાઇ મુળજીભાઇ પલાણીની વાડીએ શેઢા ઉપર લીમડો કાપતા હતા ત્યાં આરોપી–પરેશભાઇ ધીરાભાઇ પલાણી અને શકિતભાઇ મુન્નાભાઇ પલાણી હાજર હોય ફરીયાદી પાસે આવી આરોપી – શકિતભાઇ મુન્નાભાઇએ કહેલ કે લીમડો કોને પુછીને કાપ્યો જેથી ફરીયાદીએ લીમડો બાવળની વાડમાં હતો એટલે કાપુ છું તેમ કહેતા આરોપી–શકિતભાઇ મુન્નાભાઇએ ફરીયાદીને ભુંડાબોલી ગાળો આપેલ અને કહેલ કે તને ઘરે નથી જવા દેવાનો લીમડો નથી કાપવાનો જેથી ફરીયાદીએ કહેલ કે મને જવા દો તેમ કહેતા આરોપી – શકિતભાઇ અને પરેશભાઇએ તને ઘરે નથી જવા દેવાનો તુ હવે મારી વાડીના શેઢાનો લીમડો લેવા આવ્યો તો જાનથી મારી નાંખીશુ તેમ ફરીયાદીને કહેતા ફરીયાદીએ તેમના ભાઇ સંજયભાઇને ફોન કરી કહેલ કે તેઓ ખાખરીયાના મારગે ધીરાભાઇ મુળજીભાઇની વાડીએ લીમડો પાડવા આવેલ અને તેમને આરોપી – પરેશભાઇ ધીરાભાઇ અને શકિતભાઇ મુન્નાભાઇ માર મારવાનુ કહે છે તમે અહીં આવો અને આરોપી–શકિતભાઇએ કોઇને ફોન કરેલો અને થોડીવારે ત્યાં આરોપી–અનીલભાઇ જીતેન્દ્રભાઇ પલાણી, નરેશભાઇ દીનાભાઇ પલાણી, મુકેશભાઇ અરજણભાઇ ત્રણેય જણા મોટર સાયકલ લઇ આવેલ અને ફરીયાદીને ગાળો આપેલ જેથી ફરીયાદી તેનું મોટર સાયકલ લઇ ત્યાંથી

નીકળી ગયેલ અને ફરીયાદી ગામમાં ચરમાળીયા દાદાના મંદિર પાસે પહોંચતા ફરીયાદીના મોટા ભાઇ સાહેદ–સંજયભાઇ અને મનાભાઇ નાનુભાઇ, બળદેવભાઇ અમરાભાઇ તથા મેહુલભાઇ કાનાભાઇ મોટર સાયકલ લઇ સામા મળેલા અને ઘરે જતા રહેલા બાદમાં ફરીયાદી તેના ઘર પાસે શેરીમાં ઉભા હતા અને આશરે આઠેક વાગ્યાની આસપાસ આરોપી–પરેશભાઇ ધીરાભાઇ છરી, શકિત મુન્નાભાઇ પલાણી સોરીયુ, અનીલભાઇ જીતેન્દ્રભાઇ પલાણી તલવાર, લાલાભાઇ સનાભાઇ પલાણી તલવાર સાથે તેમજ આરોપી – મુન્નાભાઇ સોંડાભાઇ પલાણી, વિઠ્ઠલ લખમણભાઇ પલાણી, કુલાભાઇ લખમણભાઇ પલાણી, ધરમશીભાઇ શીવાભાઇ પલાણી તથા મહેન્દ્રભાઇ જીતેન્દ્રભાઇ પલાણી બધાય ભેગા મળી ફરીયાદીની સાથે ઝઘડો કરવાના ઈરાદે એકસંપ કરીને આવેલ અને ગાળો બોલવા લાગેલ અને પતાવી દો મારી નાંખો એવુ બોલતા બોલતા છુટ્ટા પથ્થરના ઘા કરવા લાગેલા ત્યારે દેકારો થવા લાગેલ જેથી ફરીયાદી ભરવાડ સમાજના ઘણા બધા માણસો ત્યાં આવી ગયેલા અને સામસામે પથ્થર મારો થવા લાગેલ અને બંને પક્ષના ટોળા ઝઘડો કરવા લાગેલ આ વખતે ફરીયાદીને ડાબા પગમાં આરોપી–નરેશ દિનાભાઇએ ધોકાના બે–ત્રણ ઘા મારેલા અને બીજા આરોપીઓએ તેમની પાસેના હથીયારથી ફરીયાદી તથા તેમના તમામ લોકોને જાનથી મારી નાંખવાના ઈરાદે આડેધડ મારવા લાગેલા આ ઝઘડો ચાલુ હતો તે વખતે પોલીસની ગાડી આવી ગયેલ અને બંને પક્ષોના ટોળા વેરવિખેર કરેલા, આ ટોળાએ ફરીયાદીના પગના ભાગે તથા ફરીયાદીના ભાઇ સાહેદ – સંજયભાઇને માથામાં સામાન્ય ઈજાઓ કરેલ તેમજ સાહેદ – મહેશભાઇ વાલાભાઇ ગમારાની સેલેરીયો ગાડી તથા ટ્રેકટર તેમજ સાહેદ – બળદેવભાઇ અમરાભાઇની ઇકો ગાડી બહાર શેરીમાં પડેલ હતી તેમાં આરોપી ઓએ પથ્થરના ઘા કરી તેમજ ધોકા મારી નુકશાન કરેલ અને સાહેદ – મહેશભાઇ વાલાભાઇના મકાનમાં ઢારીયાના સીમેન્ટના પતરા ઉપર પથ્થર મારી તોડી નાંખી નુકશાન કરેલ તેમજ ફરીયાદીના પિતા તથા અન્ય બીજા માણસોને ઈજાઓ કરી તેમજ બનાવ તારીખે, સમયે અને સ્થળે સુરેન્દ્રનગર ના અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીનું હથીયારબંધીનું જાહેરનામું અમલમાં હોઇ છતાં તેનો ભંગ કરી જીવલેણ મારક હથીયારો ધારણ કરી ભારતીય ન્યાય

સંહિતાની કલમ – ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૩૩૭(૧), ૩૩૮, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૪૨૭ તથા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો આરોપીઓએ આચરેલ હોવાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સફળ રહેતા ન હોય ઉકત મુદ્દા નં. ૧ અને મુદ્દા નં. ૨ નો નિર્ણય તે મુજબ નકારમાં આપી તેના પરીણામ સ્વરૂપ ઉકત મુદ્દા નં. ૩ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

// **<u>હુકમ</u>** //

(૧) ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશનના પાર્ટ 'એ' ગુના રજી. નં. ૧૧૨૧૧૦૧૬૨૪૦૦૪૦/૨૦૨૪ ના કામે બી.એન.એસ.એસ. ની કલમ – ૨૩૫(૧) અન્વયે આ કામના આરોપીઓ – ૧) પરેશભાઇ ધીરૂભાઇ પલાણી, ૨) લાલજીભાઇ છનાભાઇ પલાણી, ૩) મુકેશ ભાઇ અરજણભાઇ પલાણી, ૪) નરેશભાઇ દિનેશભાઇ પલાણી, ૫) કુલાભાઇ લખમણભાઇ પલાણી, ૬) ધરમશીભાઇ શીવાભાઇ પલાણી, ૭) વિજયભાઇ ધરમશીભાઇ પલાણી, ૮) અરજણભાઇ કરશનભાઇ પલાણી, ૯) પ્રકાશભાઇ શીવાભાઇ પલાણી, ૧૦) સંજયભાઇ ધીરૂભાઇ પલાણી, ૧૧) ધનશ્યામભાઇ ધનજીભાઇ પલાણી, ૧૨) નરેન્દ્રભાઇ ઉર્ફે અનીલ જીતેન્દ્રભાઇ પલાણી, ૧૩) મહેન્દ્રભાઇ જીતેન્દ્રભાઇ પલાણી, ૧૪) રાહુલભાઇ જયેશભાઇ પલાણી, ૧૫) જીતેન્દ્રભાઇ કાનજીભાઇ પલાણી, ૧૬) વિશાલભાઇ રાજેશભાઇ પલાણી, ૧૭) અજીતભાઇ ઉર્ફ મુન્ના સોંડાભાઇ પલાણી તથા ૧૮) વિઠ્ઠલભાઇ લખમણભાઇ પલાણી, રહે. તમામ – ચુલી, તા. ધ્રાંગધ્રા, જી. સુરેન્દ્રનગર નાંઓને ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૩૩૭(૧), ૩૩૮, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૪૨૭ તથા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુનાનાં કામે પુરાવાઓના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે પોલીસે કબજે લીધેલ મુદ્દામાલ પાવતીઓમાં જણાવેલ તમામ મુદ્દામાલ અપીલ સમય વિત્યે ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઇ મુજબ નાશ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૩) બી. એન. એસ. એસ. ની કલમ – ૪૮૧ મુજબ અપીલ સમય દરમ્યાનના દરેક આરોપીએ રુા. ૨૫,૦૦૦/– (અંકે રૂપીયા પચ્ચીસ હજાર પુરાં) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા છ માસની મુદ્દત માટેના અત્રેની અદાલતમાં રજુ રાખવા તેવો હુકમ કરવામાં આવે છે.

આ ચૂકાદો આજરોજ તા. ૨૬મી, માહે મે, સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સહી/– એમ.પી.ચૌધરી
(મુકેશકુમાર પ્રતાપભાઇ ચૌધરી)
યુ.આઇ.સી. જીજે–૦૦૬૫૩,
ચોથા એડી. સેસન્સ જજ,
ધ્રાંગધ્રા.

તા.૨૬/૦૫/૨૦૨૬.
મુા. ધ્રાંગધ્રા.

*VV THAKKAR*